

લેખક

જેઠાલાલ નારાયણ ત્રિવેદી

સોલ એજન્ટ્સ

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય

ગાંધી રસ્તા : અમદાવાદ



જેઠાલાલ નારાયણ ત્રિવેદી

સોલ એજન્ટ્સ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તા : અમદાવાદ

પ્રકાશક :
મનુભાઈ એલ. જોધાણી
'સ્ત્રીજીવન' કાર્યાલય
ઝવેરીવાડ : અમદાવાદ

પહેલી આવૃત્તિ : ઇ. સ. ૧૯૪૧

સવા રૂપિયો

મુદ્રક:
મણિલાલ કલ્યાણદાસ પટેલ
સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ
પાંચકૂવા : અમદાવાદ

પ્રસ્તાવના

પ્રણય અને બલીદાન એ બે માનવજીવનના વિકાસના મહાન મેરુદંડ સમાં છે. પ્રણયની સાચી અને વિશાળ ભાવનામાં બલિદાન ઓતપ્રોત બનેલું જ હોય છે. સાચા પ્રેમ વગર બલિદાન ન સંભવે અને કોઇને કોઈ જાતના બલિદાન વગર સાચો પ્રેમ પણ નથી સંભવી શકતો. 'ચહાવું અને સહેવું' (Love and bear) એ સાંસ્કારિક માનવજીવનનું અનિવાર્ય સૂત્ર છે. ચિરકાળથી એ સૂત્ર પર અનેક ભાષ્ય–કાવ્ય, નાટક, નવલાદિક રચાતાં આવ્યાં છે અને ભવિષ્યમાં પણ રચાશે. આ નાનકડી નવલકથામાં પણ તેવી જ રીતે પ્રણય–બલિદાનનો એક જ્વલંત પ્રસંગ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કરેલો છે.

આ વાર્તા 'સ્ત્રીજીવન' માસિકમાં ચાલુ વાર્તા તરીકે આપવા માટે લખાઈ હતી. એટલે એમાં પ્રસંગ તથા પાત્રોના નિરૂપણમાં કંઈક સંક્ષેપ થયેલો જણાશે. તે છતાં ઓછામાં ઓછાં પાત્રોદ્વારા સંક્ષેપમાં પણ વાર્તારસને ગાઢ બનાવવા પ્રયાસ કરેલો છે; અને તે સાથે રોમાંચક પ્રસંગોને યોગ્ય ભૂમિકા સહ રજૂ કરવાની કાળજી પણ રાખેલી છે. આશા છે કે કથારસિકો હંસક્ષીરન્યાયે આ કથાનો યોગ્ય સત્કાર કરશે.

મને આ નવલકથા લખવાનું સૂચન કરવા બદલ તથા તેના પ્રકાશક બનવા બદલ હું 'સ્ત્રીજીવન' ના સંપાદક શ્રી. મનુભાઈ જોધાણીનો આભાર માનું છું

રાંધેજા }
ઉ. ગુજરાત }

જેઠાલાલ નારાયણ ત્રિવેદી

અનુક્રમ

રંભા

પ્રકરણ પહેલું

બાળસ્નેહ

ચ્યવન ગઈ બે વેકેશનોમાં ઘેર આવ્યો ન હતો, એટલે આ વખતે લગભગ સવા વર્ષે ગામમાં આવતાં જ તેને બધું નવું નવું લાગવા માંડયું. પોતાના ઘરથી ત્રીજા ઘરમાં રહેતી પોતાની બાલસખી રંભા પણ તેના જોવામાં ન આવી. રંભાને જોવા ખાતર સવારે ટાઢ ઉડાડવાને બહાને ચ્યવન ઘરના આંગણામાં જ ખુરશી નાખી કલાકેક સુધી બેસી રહ્યો; પણ રમતિયાળ રંભા તેના જોવામાં આવી નહિ.

બપોરે રંભાને ઘેર જઈ તેનાં માતાપિતાને જ રંભા વિષે પૂછવાની ઇચ્છા રાખી, ચ્યવન પ્રાતઃકાર્યમાં પરોવાયો. સ્નાન કરી રહીને આંગણામાં આવી વાળ હોળવા માટે ખુરશી પર બેસતાં જ ચ્યવને રંભાના આંગણામાં એક ખીલતી વસંત સમી કિશોરીને જોઈ; પણ તે સવા વર્ષ પહેલાં જોયેલી રંભા તો નહોતી જ.

કિશોરી ચ્યવન તરફ પીઠ કરીને ઊભી હતી એટલે તેનું મુખ જોઈ શકાતું ન હતું. રમતિયાળ, એકવડી રંભા

કરતાં આ કિશોરી જુદી લાગતી હતી. કેશને હોળવામાં ચાતુર્ય દાખવી રહેલા તેના શેરડીના દંડા જેવા છતાં ભરાઉ હાથ અને તેનું ધીમે ઊઘડતું યૌવન ચ્યવનને અજાણ્યું લાગ્યું. પોતાના કેશપૂજન માટે હાથમાં લીધેલો અરીસો ચ્યવનના હાથમાં જ સ્થિર થઈ ગયો. તે પેલી બાળાને જોઈ જ રહ્યો.

થોડી વારે બાળા તે તરફ ફરી. તેના ગોરા વદન ઉપર ચ્યવનને જોતાં જ સ્મિત ફરક્યું. ચ્યવન એવી જાતના સ્મિત માટે તૈયાર ન હતો. તે બાળાને પળવાર વધુ બારીકાઈથી નીરખી રહ્યો પછી બોલ્યોઃ " કોણ ! રંભા તો ન હોય ? "

" હા, આ વખતે તો કાલ સાંજના આવ્યા છો, પણ મને યાદેય ન કરી ને ! " રંભા નયન નચાવી બોલી ઊઠી.

" અરે, પણ રંભા ! તું આવી ગોરી ને મોટી ક્યાંથી બની ગઈ ? મેં તો તને ઓળખી પણ નહિ ! "

" તમે ક્યાં ગોરા નથી બની ગયા તે બીજાને એમ કહો છો ? "

" મને તો મારી બા કહે છે કે, શહેરમાં રહેવાથી શરીર ફિક્કું થઈ જાય છે, ને તેથી એવો લાગું છું. " ચ્યવન હસ્યો.

" તો હુંય આ છ માસથી તો શહેરમાં હતી. મારા મામાને ત્યાં હાઈસ્કૂલમાં ભણવા માટે રહી છું. " રંભાએ નજીક આવતાં સમજ પાડી.

" તેમાં જ કાલની દેખાતી નહિ હોય ! એટિકેટ પણ શીખી જ હશે ને ? " ચ્યવને ટકોર કરી.

" એ એટિકેટ તો તમારી કૉલેજમાં આવતું હશે. બાકી હું તો ક્યારની તમને મળવા માટે આતુર હતી; પણ

મને લાગ્યું કે, ભાઈસાહેબ વર્ષદહાડો થઈ જવાથી સાવ ભૂલી ગયા છે કે નહિ તેની ખાતરી તો કરી જોઉં !" રંભાએ પોતાના નગરનિવાસથી વધુ ચમકદાર બનેલી વાણીનો પરિચય કરાવવા માંડ્યો.

" ઠીક, હવે કહે જોઉં, કયા ક્લાસમાં ભણે છે તું ?" ચ્યવને રંભાના અભ્યાસની વાત પૂછવા માંડી.

" ફોર્થમાં દાખલ થઈ છું. તમને મળવાની ઇંતેજારી ઘણી જ હતી, પણ શહેરમાં તમારું રહેઠાણ ખોળતાં આવવાની હિંમત ન ચાલી."

" જા જા ! હજીયે બીકણ જ રહી છે કે શું ?"

" મામા પોતે મને કેટલીક રીતે બીકણ બનાવી દે છે, પણ હવે હું કંઈ સાવ નાની કીકી નથી."

" ના, ભાઈ ના. હવે તો રંભાગૌરીબા કહેવાશો." ચ્યવન ટીખળભર્યું હસ્યો.

" જા, તું તો એવો જ રહ્યો ?" રંભાએ ખીજમાં પીઠ ફેરવી લઈ પોતાના છૂટા કેશનો અંબોડો બાંધવા માંડ્યો.

" હું એવો ને એવો છું તેની તને ખાતરી થઈ હોય તો બસ છે. પણ રંભા ! તારા મામા ક્યાં રહે છે ?"

" લીમડી શેરીને નાકે." રંભાએ ફેરવેલી પીઠે જ જવાબ દીધો.

" અહો ! એ તો મારો રોજનો ફરવા જવાનો રસ્તો. નવાઈની વાત છે કે રસ્તે જતાંઆવતાં પણ કોઈ વાર આપણો ભેટો થયો નહિ !"

રંભા પીઠ ફેરવી વધુ નજીક આવી બોલી: " હું શાળાના વખત સિવાય ભાગ્યે જ બહાર નીકળું છું."

"તેમ જ હશે. હવે આ ટર્મમાં તો મારી સાથે બહાર આવીશ ને ?"

"હા, પણ તમે વેકેશન તો અહીં જ ગાળશો ને ?"

"હા, આ વખતે તો રજાઓ અહીં જ ગાળવી છે. વાંચવાનું પણ ઢગલાબંધ લાવ્યો છું." ચ્યવને ચિંતા દર્શાવી.

"વંચાશે હવે. રજાઓમાંયે આરામ નહિ ? તમારા જેવા લોકો તો રજાઓને પણ કજાઓ બનાવી દે; પણ હું તમને વાંચવા દેવાની નથી હો !"

ચ્યવન અને રંભા બચપણથી એક જ ફળિયામાં સાથે ઊછરેલાં હતાં. ચ્યવન રંભાથી ત્રણ ચાર વર્ષે મોટો હતો, છતાં ગામની નાની શેરીમાં બીજાં એ કક્ષાનાં બાળકોના અભાવે એ બંને વચ્ચે સુંદર સખ્ય જામ્યું હતું. ચ્યવન ગામમાં રહી ભણતો હતો ત્યાંસુધી આ સખ્ય અબાધિત ચાલુ રહ્યું. ગામની અંગ્રેજીશાળા વટાવી ચ્યવન શહેરમાં ગયો, છતાં તે રંભાને ભૂલ્યો નહિ. દરેક વેકેશનોમાં તે બંને પોતાના વિકસતા વય સાથે પોતાના સખ્યને પણ વિકસાવ્યે જતાં હતાં. એ બંનેની નિર્દોષ રમતો અને હેતનીતરતું સખ્ય ઉભયના માતપિતાને પણ રોચક લાગતું હતું. રજાઓ પડતાં જ્યારે ચ્યવન શહેરમાંથી ઘેર આવતો ત્યારે તે આવતાં-વેંત જ રંભાને યાદ કરતો; અને રંભા પણ તેને જ યાદ કર્યા કરતી. ચ્યવનની પ્રેરણાથી રંભા પણ ઘર આગળ અંગ્રેજી શીખવા લાગી હતી. રંભાનો આ વિષયમાં રસ જોઈ તેના પિતાએ પોતાની એકની એક લાડકી પુત્રીને ટ્યુશનની વ્યવસ્થા કરી આપી હતી.

રંભા અંગ્રેજીના વધુ અભ્યાસ માટે તેના મામાના આગ્રહથી છ માસથી શહેરમાં ગઈ હતી, તે વાત જાણી ચ્યવનને ઘણો જ આનંદ થયો. પોતાની એ બાલસખી ચાલાક હતી. તે ભણીને વિદૂષી થાય એવું તે અંતરમાં ઇચ્છતો હતો. રંભાને ભણતરનો રસ લગાડનાર પણ ચ્યવન જ હતો. ચ્યવન જ્યારે રંભાને ભણવાના ફાયદા વિષે વાત કરતો ત્યારે રંભા રસથી સાંભળતી. ઘણી વાર તે ચપળ છોકરી પોતાના ઉપદેશકને બનાવી પણ જતી.

"છોકરાઓ ભણે તો પછી છોકરીઓને ભણ્યા વગર ન ચાલે?" રંભા પ્રશ્ન કરતી.

"ના, બંનેએ ભણવું જોઈએ. જે ખાય તેની ભૂખ શમે—બીજાને જાતે ખાધા વગર તેનો લાભ ન મળે." ચ્યવન સમજાવતો.

"ભણવાને તમે ખાવા સાથે જ સરખાવો છો ને ! ત્યારે એ બેઉમાં મળતાપણું તો હશે જ."

"હોઈ શકે." ગંભીરપણે ચ્યવને જવાબ આપ્યો.

"ત્યારે આપણ શરીરમાં માત્ર મોં ખોરાક ખાય છે અને હાથ, પગ વગેરે બીજા ભાગો નથી ખાતા, છતાં તે કેટલી સુંદર રીતે પોતાની ફરજ બજાવે છે? તે ભૂખે નથી મરતા, તેમ છોકરાઓ ભણે તો નભે નહિ?"

"તું દૃષ્ટાંતને ખોટી રીતે ઘટાવે છે. કાંઈ સમજતી નથી." ચ્યવન ખિજાઈને બોલ્યો.

"દૃષ્ટાંત તો તું જ ઘટાવે છે ને પાછો વાંક મારો કાઢે છે? એમ કહે કે તને સમજાવતાં નથી આવડતું." રંભા ટોળથી હસી.

"ભલે એમ. 'ભેંસ આગળ ભાગવત,' તે આનું નામ જ કહેવાય."

"અને 'આંધળા આગળ આરસી' તે પણ આનું નામ જ હશે!" રંભાએ હાથની મુદ્રા પસારી અભિનય કર્યો.

આમ સમજદાર રંભા ઘણીક વાર ચ્યવનને બનાવતી, છતાં તેના પ્રત્યે રંભાના અંતરમાં પ્રેમ અને માન ભરેલાં જ રહેતાં. ચ્યવન પણ રંભાના આ ઉપલક વિનોદને નિભાવી લેતો અને ઘડીક પછી પોતાની ખીજ ભૂલી જતો. બાલસ્નેહીઓ જો એકબીજાને ખીજવે નહિ, ટપારે નહિ તો તેમનો ચિરકાળથી ચાલ્યો આવતો સ્નેહ આઘાતના અભાવે નિર્જીવ ન બની જાય? એવા આઘાતો વડે જ એ સ્નેહ જાગૃત બની રહે છે. પણ એવા આઘાત પ્રેમના કોમળ થડકારાઓ વડે જ પ્રગટેલા હોય એ આવશ્યક છે.

વેકેશન પૂરી થયા બાદ શહેરમાં આવ્યા પછી ચ્યવન રોજ નિયમિત રીતે રંભાની ખબર કાઢવા તેના મામાને ત્યાં જવા લાગ્યો. રંભાને તે તેના વિદ્યાભ્યાસમાં પણ એ રીતે મદદગાર થવા લાગ્યો, એટલે તે વાત તેના મામાને પણ રુચવા લાગી. ધીમે ધીમે રંભા ચ્યવન સાથે શહેરમાં છૂટથી ફરવા જેટલું સ્વાતંત્ર્ય મેળવી શકી.

ઘણીક વાર તો ચ્યવન, રંભાની પાઠશાળા છૂટવાને સમયે પાઠશાળા આગળ જ હાજર રહેતો અને ત્યાંથી તેઓ બાગમાં કે નદીકિનારે લટાર મારી આવતાં. ચ્યવનની અવનવી વાતો, સમાચારો અને વિનોદો રંભાને બહુ જ પ્રિય લાગતાં. રંભાનો વિકાસ અને તેનું ચાતુર્ય ચ્યવનને આહ્લાદક

લાગતું. એ બંનેને એકબીજાના સહવાસ વગર ગમતું નહિ. ચ્યવન પોતાના કૉલેજના અભ્યાસમાં થોડીઘણી ક્ષતિ આવવા દઈને પણ રંભા સાથે ફરવા જતો અને તેને શીખવવાનો સમય ફાજલ પાડતો.

રંભાની સાથે ભણતી એક બે સખીઓ રંભાને ચ્યવન વિષે વારંવાર પૂછતી. તેમને રંભા ટૂંકા જવાબો આપી પતાવતી. ચ્યવન સાથેની મૈત્રી રંભાને મન નૈસર્ગિક સંબંધ જેવી હતી. તે વિષે કોઈને વધુ વિગતથી કાંઈ જણાવવાની જરૂર જ તેને લાગતી નહિ.

પ્રકરણ બીજું

કિરીટ

ચ્યવનની સાથે કૉલેજની હોસ્ટેલમાં કિરીટ નામનો તેનો એક મિત્ર રહેતો હતો. તે પણ મૂળ તો ચ્યવનના ગામનો જ વતની હતો; પણ હવે ગામ સાથે તેનો પ્રત્યક્ષ સબંધ નહિ જેવો હતો, એટલે તે રંભાને બરોબર પિછાનતો ન હતો. કિરીટ ચ્યવનનો નિકટનો મિત્ર હોવાથી તે ચ્યવનની દિનચર્યાનો અમુક અંશે સાક્ષી હતો.

છેલ્લા બે ત્રણ માસથી ચ્યવન અભ્યાસમાં જરા શિથિલ થતો હોવાનું કિરીટને લાગતું હતું, પણ તે વિષે કિરીટને બહુ વિચાર કરવાનું કારણ મળ્યું ન હતું. કિરીટ એક દિવસ સાંજે હોસ્ટેલમાં પોતાની રૂમમાં એક ખુરશીમાં પડીને કંઈક વાંચતો હતો, તેવામાં પાસેની રૂમવાળા ગમનલાલ સુતરિયાએ ઓચિંતા આવી અટ્ટહાસ્ય કરતાં કહ્યું: "અરે કિરીટ ! આ ચ્યવનને તું રોજ ચ્યવનઋષિ કહીને બોલાવે છે, પણ તેનાં પરાક્રમ જાણે છે કે નહિ ? એ તો ભારે ભેદી માણસ લાગે છે, ભાઈ !"

"કેમ સુતરિયા, આટલું બધું કેમ હસે છે ?" કિરીટે ચોપડીને બાજુએ મૂકતાં પૂછ્યું.

સુતરિયાએ પાસેની ખુરશીમાં ગોઠવાતાં અદબ વાળી કહ્યું: "શું કહું ભાઈ ! ચ્યવન કોઈ સુકન્યાની સોબતમાં ફસાઈ પડચો છે ને તું તો તે વાત જાણતો પણ નથી! ભાઈના મોં પરથી આમ તો માખ પણ ઊડતી નથી ને પરાક્રમ તો દક્ષનાયક જેવાં કરતા લાગે છે."

"સીધી વાત કરે તો કંઈક સમજ પડે. ચ્યવન એવો માણસ નથી. પછી તો ખુદા જાણે !" કિરીટે આતુરતાપૂર્વક કહ્યું.

"અરે દોસ્ત, એ ચ્યવન જોશી કૉલેજમાં કેટલો સીધો સાદો દેખાય છે ? વળી કૉલેજની વિદ્યાર્થિનીઓ તો એને શરમાળ છોકરી જેવો માને છે. એમની સામે આંખ ઊંચકીને પણ તે જોઈ શકતો નથી. પણ હવે તો ભાઈસાહેબ એક નાનકડી રૂપાળી છોકરીના કામણનો ભોગ થઈ, રોજ તેની સાથે ફરવા જાય છે ને ટોળટપ્પાં ઉડાવે છે. વળી તે વાત આજ સુધી આપણે કોઈ જાણી પણ શકચા નહિ. જોશીની એ ઉસ્તાદી જેવી તેવી ન કહેવાય!"

"કોણ છોકરી હતી ? તેં તેમને કયાં જોયાં ?"

"છોકરીની તો મને શી ખબર, પણ તે રોજ ન્યુ હાઈસ્કૂલના કમ્પાઉન્ડ આગળ સાંજના આંટા મારે છે અને સ્કૂલ છૂટે છે તે વખતે સ્કૂલમાંથી નીકળતી એક વિદ્યાર્થિનીને સ્મિતથી આવકારી સાથે લઈને જાય છે."

"છોકરી એની કોઈ સગી હશે; ને તેથી એકાદ વાર મળવા ગયો હશે. ચ્યવન આમ તો સીધો માણસ છે; અને

વળી છોકરીઓથી શરમાય છે, એટલે તું કહે છે એવું નહિ હોય." કિરીટે મિત્રનો બચાવ કર્યો.

"શું ધૂળ ન હોય ? ત્રણ ત્રણ વખત જોયા પછી જ આ વાત આજ હું તને કહું છું. એમનાં હાસ્ય, વિનોદ અને અભિનય પણ મેં દૂરથી જોયાં છે. તું ન માને તો ભલે. સીધા દોર માણસો જ દોરની જેમ ઢીલા પડતાં વાંકાંચૂંકાં ગૂંચળાં જેવા બની જાય છે, તે ભૂલી ન જતો !" સુતરિયાએ દલીલ કરી.

"પણ એવું હોય તો ચ્યવન મને વાત કર્યા વગર ન રહે. એવી છોકરી સાથે તેને દોસ્તી હોવાની વાત હું ન જાણું તે મારા માન્યામાં આવતું જ નથી. વારુ, પણ એ છોકરી બહુ આકર્ષક છે ?" કિરીટે માથું ખંજવાળતા પૂછ્યું.

"એનું તારે શું કામ છે ?" સુતરિયાએ સામું પૂછ્યું. "યુવાન વિદ્યાર્થીની રસિકતાને માટે ગમે તે યુવતી આકર્ષક બની શકે છે."

"Don't be a fool—હું તારી વાતની સત્યતાની પ્રતીતિ માટે જ આ બધું પૂછું છું." કિરીટ જરા તપ્યો.

"તે એમ ગરમ શું કામ થાય છે, દોસ્ત ? સાંભળ, છોકરી અણુવીંધ્યા રત્ન જેવી છે; અણસૂંઘ્યા ફૂલ જેવી છે. એના વદન પર દૃષ્ટિપાત કરતાં તેનાં ઉત્કટ બુદ્ધિ-ચાપલ્યની પ્રતીતિ થાય છે. તેનો પોષાક કંઈક સાદો-ગ્રામ્ય ઢબનો છે. તે મને ન ગમ્યો. શહેરની ટાપટીપના સંપૂર્ણ સંસ્કાર હજી તેના વસ્ત્રાભૂષણમાં ઊતર્યા લાગતા નથી."

"તેં આટલું બધું નિરીક્ષણ કર્યું છે ? તું તો તદ્દન નવરો લાગે છે હો સુતરિયા !" કિરીટ હસ્યો.

" મારાથીયે વધુ નવરો તો તારો જોશી લાગે છે કે, રોજ સાંજ પડતાં જ વાંચવુંલખવું છોડી બહાર રખડતો ફરે છે." સુતરિયા પુલકિત બની કિરીટને તાકી રહ્યો.

" મારે જાતે આ વાતની ખાતરી કરવી પડશે. હજી મને તારી વાત સાચી લાગતી નથી."

" ન લાગે તો રહ્યું. આજે ચ્યવન ઋષિજીને જ પૂછી જોજે, એટલે ખબર પડશે."

સુતરિયાના ગયા પછી કિરીટના મનમાં અનેક તરંગો ઊઠવા લાગ્યા. કૉલેજમાં સહુના માનને પાત્ર બનેલો ચ્યવન, કોઈ કૉલેજિયન યુવતી સાથે વાત કરતા પણ સંકોચાતો હતો તે કિરીટ જાણુતો હતો. જાતીય આકર્ષણને લગતી ગંદી વાતો કે સાહિત્ય તેને ગમતું નહિ. તો પછી તેવો સરળ ચ્યવન કોઈ યુવતીના પ્રસંગમાં એકાએક પડી જાય એ કિરીટને વાસ્તવિક ન લાગ્યું. તેણે રાત્રે ચ્યવનને જ તે વાત પૂછવાનો મનમાં નિશ્ચય કર્યો.

" ચ્યવન, આજ ક્યાં ફરી આવ્યો ? બહુ થાકેલો લાગે છે !" રાત્રે વાળુ કર્યા પછી ચ્યવનને કિરીટે પૂછ્યું.

" હા, આજે તો નદીકાંઠે ખૂબ દૂર સુધી ફરી આવ્યો." ચ્યવને આરામખુરશીમાં લંબાવતાં કહ્યું.

" એકલો એકલો જ ફરી આવ્યો કે સાથે કોઈ હતું ?"

" એ તે કેવો પ્રશ્ન ! ફરવાથી થાક લાગે એટલો જ મહત્ત્વનો પ્રશ્ન છે." સ્મિત કરી ચ્યવન કિરીટને તાકી રહ્યો.

" મારા પ્રશ્નનો સીધો જવાબ આપ. મને ભોટ ન સમજતો હો !"

"તેમ કરવાની જરૂર જ નથી. મારી સાથે મારી બાળસખી રંભા પણ હતી."

"તારી સખી? પુરુષને પણ સખી હોય ને તેવી સખી તારે પણ છે, એ વાત જાણીને તો મને ભારે નવાઈ લાગે છે!" કિરીટ ખંધાઈથી હસ્યો.

"કૉલેજની ઉચ્ચ કેળવણી લેતા યુવકને એટલું ન સમજાય એ તો ખરેખર દુઃખની વાત ગણાય." સ્મિત-પૂર્વક ચ્યવન બોલ્યો.

"તું તો ભારે ઊંડો લાગે છે! તારાં મૂળ આટલાં ઊંડાં હું નહોતો ધારતો. ઠીક દોસ્ત, પણ એ સખી તને ક્યાંથી ભેટી પડી?"

"મૂર્ખ, તું શું બકે છે? એ રંભા મારી બાલસખી છે. રતનપુરમાં મારી પાડોશમાં જ તેનું ઘર છે. બચપણથી જ અમે સાથે ઊછરીને મોટાં થયાં છીએ. તેને શીખવવામાં અને તેનો વિકાસ નીરખવામાં મને આનંદ આવે છે. અહીં તે તેના મામાને ત્યાં રહીને ભણે છે, એટલે કોઈ કોઈ વાર મારી સાથે ફરવા પણ આવે છે."

"પણ તેં આ વાત મને કોઈ દિવસ કેમ ન કરી?"

"પ્રયોજન વગર આવી વાત શી રીતે કહેવાય?"

"જુઠ્ઠો છે તું! બીજી ઘણી વાતો તું મને વગર પ્રયો-જને નથી કહેતો?"

"કહું છું જ, અને આજે આ વાત પણ કહી દીધી છે. આમાં મારો શું અપરાધ થયો છે તે મને આમ ઠપકો આપે છે?" સરળ ભાવે ચ્યવને કિરીટના મનનું સમાધાન

કર્યું. કિરીટ તે વખતે ચૂપ તો થયો, પણ ચ્યવન જાણે તે વાત પોતાનાથી છુપાવતો હતો એમ તેના મનમાં ઠસી ગયું.

બીજે દિવસે ચ્યવન નિખાલસતાપૂર્વક કિરીટને પોતાની સાથે રંભાના મામાને ત્યાં તેડી ગયો. રંભાના મામાને ચ્યવને કિરીટની ઓળખાણ આપી અને તેમણે આનંદ પ્રદર્શિત કર્યો. રંભાને ઓળખ આપતાં ચ્યવને કહ્યું: " આ કિરીટલાલ આપણા રતનપુરના જ વતની છે. નવી શેરીમાં મંદિર સામે એમનું મોટું મકાન છે અને અહીં કૉલેજમાં એ મારી સાથે જ ભણે છે."

રંભાએ સ્મિતભરી પ્રફુલ્લ દૃષ્ટિએ કિરીટને જોતાં કહ્યું: " હા, ઓળખ્યા! કૃષ્ણલાલ વ્યાસ એમના પિતાશ્રી થાય, ખરું ને?"

" હા, મારું મોસાળ તમારા ફળિયામાં જ છે." કિરીટે વિનય દર્શાવવા માટે બોલવા ખાતર જવાબ આપ્યો.

" પણ તમે તો રતનપુરમાં કોઈ વાર દેખાતા જ નથી!" રંભાએ કહ્યું.

" હા, નાનપણથી હું બહાર જ ઘણું રહ્યો છું. ગામમાં તો કોઈક વાર જ આવીએ."

તે પછી બીજી પ્રાસંગિક વાતચીત કરી ચ્યવન અને કિરીટ વિદાય થયા. રસ્તામાં કિરીટ સ્વાભાવિક રીતે બોલી ઊઠયો: " રંભા બહુ સરળ છોકરી લાગે છે. આજની કૉલેજ-કન્યાનો ઘમંડ કે ટાપટીપ એનામાં શોધ્યાં પણ જડે તેમ નથી."

" તેથી જ હું તેનો મિત્ર બની શકયો છું." ચ્યવન બોલી ઊઠયો. કિરીટ મૂંગો મૂંગો તેના તરફ તાકી રહ્યો.

પ્રકરણ ત્રીજું

હૃદયસ્ફોટન

કિરીટ પણ હવે કોઈ કોઈ વાર ચ્યવન અને રંભા સાથે ફરવા માટે જતો અને તેઓ વિવિધ વાર્તાલાપ કરી આનંદ પામતાં. કિરીટ વાર્તાલાપ જમાવવામાં કુશળ હતો. રંભાને તે નર્મ કથનોપકથનો વડે વારંવાર હસાવી ગમ્મત કરાવતો; છતાં રંભા ચ્યવનની સાથે એવો તો એકરાગ અનુભવતી હતી કે કિરીટને તે ઘડી ઘડીમાં ભૂલી જતી. કિરીટને આ અસહ્ય લાગતું. સૂર્યને જ નીરખી રહેતી સૂરજમુખી પેઠે ચ્યવનને જ એકધ્યાનથી નીરખી રહેલી રંભા કિરીટને અકારણ વ્યગ્ર બનાવી રહી.

ચ્યવન સામાન્ય સ્થિતિના પિતાનો પુત્ર હતો. કિરીટ તેના ગામમાં ધનિક પિતાનો પુત્ર લેખાતો હતો. શહેરમાં પણ તે ખર્ચાળ રીતે રહેતો. આધુનિક કોલેજિયનની તમામ આકર્ષક ઢબછબ અને એટિકેટ તેને પ્રિય હતાં. એ બાબતમાં બીજા તેની સ્પર્ધા કરે તે કિરીટ સાંખી શકતો નહિ. ચ્યવન જેવા સામાન્ય યુવકને પોતાના ગામની એક સૌન્દર્યવતી ભણેલી

યુવતી પોતાથી અધિક સન્માને તે વાત કિરીટને અણુગમતી લાગવા માંડી. એ સન્માન પામનાર અને આપનારને તે સ્થિતિ પેદા કરતાં કેટલાં વર્ષ વીતી ગયાં હતાં, હૃદયની કેટકેટલી ભાવનાઓનાં ઝરણુ સખ્યના શુચિ સરોવરમાં ઢળવાયાં હતાં તેની કિરીટને ખબર ન હતી.

કિરીટના મનમાં ચ્યવન માટે અણુગમો પેદા થવા લાગ્યો. રંભાનો મધુર કંઠ અને સરળ દિલ જીતવા તે અંતરમાં ગાંઠો વાળવા લાગ્યો. રંભા કરતાં વધુ સ્વરૂપવતી યુવતીઓ અનેક હતી, પણ કિરીટને હવે રંભા જ પોતાને માટે યોગ્ય લાગવા માંડી. આ આકર્ષણ, ઈર્ષ્યા અને આકાંક્ષાનું પૃથક્કરણ કરવાની કિરીટને પરવા જ ન હતી. તે તો મનથી જ રંભાને કેમ મેળવવી તેના વિચારોમાં પડી ગયો.

રંભાના કિશોર ચિત્તમાં યૌવનનો વેણુનાદ વાગી રહ્યો હતો. યૌવનસુલભ ભાવો અને કલ્પનાઓ તેના ઉરને પોતાનું પ્રભવસ્થાન બનાવી રહ્યાં હતાં. બાલપણુથી જ ચ્યવનને પોતાના સુકોમળ ભાવોની વાતોમાં તરબોળ રાખતી રંભા હવે કેટલીક વાતો ચ્યવનને કહેતાં શરમાવા લાગી. ચ્યવન પણ રંભાનો એ માનસપલટો પારખી શક્યો હતો. રંભાના મુગ્ધ ઉરની તેનું યુવકહૃદય અંતરમાં પ્રશંસા કરી રહ્યું હતું, પણ તે પ્રશંસા પ્રગટપણે કરવાની હિંમત તેનામાંથી પણ ઓસરી ગઈ હતી.

યૌવનના પ્રથમ પગથિયે પ્રાપ્ત થતો આવો મીઠો સંકોચ બંનેનાં ઉર અનુભવતાં હતાં, છતાં તેમનું ચિરસખ્ય અને નિખાલસતા તેમને કોઈ પણ વિષયની ચર્ચામાં સંકોચ પામવા દેતાં નહિ. નાનાલાલ કવિના ‘જયાજયંત’ નાટકની

ચર્ચા વખતે લગ્ન અને પ્રણયની ગૂઢ ચર્ચામાં તેઓ ઊતરી પડતાં અને પોતાની મર્યાદા બહારના વિષયોને પણ સ્પર્શ કરી રહેતાં. કદી કદી સિનેમાના ચિત્રપટો વિષે પણ તે ઊંડી ચર્ચામાં ઊતરી જતાં અને એ રીતે પોતાના મનોભાવને એકબીજા સમક્ષ ચર્ચાના અવલંબન વડે પ્રગટ કરતાં. આમ પ્રણયનો અનહત નાદ બંનેના હૃદયમાં કેવા પડઘા પાડી રહ્યો હતો તે એકબીજાના જાણવામાં આવતું અને એ જાણ કદી કદી ઉભયના મનમાં નાનાં મંથનો પણ જગાડી જતી.

ચ્યવનના મામા ચ્યવનના વિવાહની તૈયારીમાં પડ્યા હતા અને તે માટે કોન્ફેજિયન ચ્યવનની સંમતિ મેળવવા માટે તેમણે આડકતરી રીતે પ્રયાસ કર્યો હતો. ચ્યવને આ વાત રંભાને જણાવી. મુગ્ધ રંભાને આ વાતથી જાણે ઊંડી વ્યગ્રતા થઈ આવી. જાણે પોતાનો ચ્યવન કોઈ અન્યનો થઈ જશે, એમ તેને ભીતિ લાગી. પ્રગટપણે તો તેણે ચ્યવનને વિવાહ કરી દેવા સંમતિ આપી, પણ તેના હૃદયમાં દારુણ દુઃખ થવા લાગ્યું. 'લગ્નથી અન્ય સ્ત્રીનો પતિ બનેલો ચ્યવન પછી પોતાની સાથે આટલી નિકટતા દાખવી શકશે?' એ પ્રશ્ન રંભાને મૂંઝવી રહ્યો. ચ્યવન જેવા મિત્રને જીવનભર એવો ને એવો જ સ્નેહભીનો મિત્ર રાખી ન શકાય? આવા વિચારોમાં ચકચૂર બનેલી રંભાને અંતરમાં અતિશય દુઃખ થવા લાગ્યું.

"ચ્યવન, તું તો હવે થોડા વખતમાં પરણી જવાનો, ખરું ને?" એક દિવસ વ્યગ્ર રંભા બોલી ઊઠી.

"હા, તેમાં તને નવાઈ શું લાગે છે? હું બ્રહ્મચારી જ રહેવાનો છું તેવી વાત તો મેં તને કોઈ દિવસ નથી જ કરી." ચ્યવન હસ્યો.

"નહિ, તું મારું કહેવું સમજતો નથી."

"તો તું સમજાવને! તું ના કહે તો નહિ પરણું."

"ના પાડવાનો મને હક્ક નથી. હોય તોયે તારા જીવનને સુખમય બનતું અટકાવી શકું નહિ."

"તો તારે શું કહેવું છે, રંભા? મારા લગ્નની બાબતમાં તને કંઈ ઉતાવળ થતી લાગે છે?"

"વાસ્તવિક રીતે તો ઉતાવળ નથી જ થતી, પણ મને એમ લાગે છે, ચ્યવન! પરણ્યા પછી પણ તું મને આવો ને આવો લાગ્યા કરીશ કે નહિ તેની મને શંકા રહે છે." ભીની આંખ ઢાળી રંભા બોલી.

"તારી શંકા નકામી છે." ચ્યવન લુખ્ખું હસ્યો.

"અને ધાર કે હું પણ મોડીવહેલી ક્યાંક પરણી જાઉં તો પછી આપણા સખ્યને કાંઈ અવકાશ રહેશે ખરો?" રંભાના અવાજમાં ન સમજાય તેવું દૈન્ય હતું. તેની આંખમાં એક આંસુ આવી ભોંય પર ટપકી ગયું.

"રંભા, આવતી કાલની કલ્પનાઓ કરી દુઃખી ન થા." વલોવાઈ જતા અંતરે ચ્યવન બોલ્યો. ભાવિ લગ્નની બાબતમાંનો તેનો આનંદ પણ જાણે ઓસરી જતો લાગ્યો.

આ નાનકડા વાર્તાલાપે ચ્યવન અને રંભાને બહુ જ વલોવી નાખ્યાં. એ બંને એક જ જ્ઞાતિનાં હતાં, બંનેના લગ્નની શકયતા તેમના મનમાં એકી સાથે પ્રગટી ઊઠી. જીવન-ભરનું સખ્ય ટકાવી રાખવા, તેને રોજ–બ–રોજ નવા સ્નેહથી સિંચવા બંનેને સામાજિક દૃષ્ટિએ લગ્ન એ આવશ્યક વસ્તુ જણાઈ. રંભામાં—પોતાની બાલસખીમાં ચ્યવનને પ્રથમ જ

સ્નેહાળ પત્નીનાં દર્શન થયાં. રંભાને બાલમિત્ર ચ્યવનમાં મનમાન્યા પતિનાં દર્શન પણ પ્રથમવાર જ થયાં. બંનેના આત્મા એ દર્શનને સિદ્ધ કરવા આતુર બની રહ્યા. પણ આ વાત પ્રથમ પ્રગટ કરવાની હિંમત બંનેમાંથી કોઈ દર્શાવી શક્યું નહિ.

નદીકાંઠે એક નિર્જન ટેકરી પર એક સાંજે રંભા અને ચ્યવન બેઠાં હતાં, તે વખતે રંભાએ વાત ઉપાડી. તેણે પૂછ્યું: "ચ્યવન! તું હવે 'પ્રભુતામાં પગલાં' ક્યારે પાડવાનો છે?"

"પ્રભુતા જડે ત્યારે પગલાં પાડું ને? તે વગર શું થાય?"

"કેમ, તારા મામા પેલી સરલા સાથે તારો વિવાહ કરવા તૈયાર થયા હતા, તેનું શું થયું?"

"મારી સંમતિ ન મળવાથી એ વાત અટકી પડી છે." ચ્યવન મંદ સ્મિત કરી રંભાના મુખ તરફ તાકી રહ્યો. છેલ્લા કેટલાક દિવસોથી સરળ રંભા જટિલ બનવા લાગી હતી, તે ચ્યવન મનથી સમજતો હતો.

"તે તું કેમ સંમતિ નથી આપતો? છોકરી ભણેલી ને રૂપાળી છે, પછી કેમ ના કહે છે?"

"શું એનાથી વધુ ભણેલી ને સુંદર બીજી કોઈ છોકરી છે જ નહિ, એમ તું કહેવા માગે છે?"

"હશે, પણ આપણી જ્ઞાતિમાં તો નહિ જ હોય." રંભાએ સ્પષ્ટતા કરી.

વીસમી સદીની પહેલી વીસીની આ વાત છે. તે વખતે આંતરજાતીય લગ્નો બહુ પ્રચલિત ન હતાં. ઉદ્દામ વિચારકોને મન પણ તે સમયે તે વાત નવી હતી.

"ન કેમ હોય? એ સરલાથી વધુ ચપળ, વધુ સૌંદર્યવતી અને વધારે ભણેલી છોકરી મેં શોધી કાઢી છે." ચ્યવને મંદ મંદ હસતા કહ્યું.

"કોણ છે એ? કહે તો ખરો!"

"કહેવામાં કાચું કપાઈ જવાનો સંભવ છે. વખત આવ્યે તું જાણીશ જ."

"ના, મારે તો અત્યારે જ જાણવું છે." રંભાએ ચ્યવનનો હાથ ખેંચી તેને ઢંઢોળી નાખ્યો.

"રંભા, મારા લગ્ન જેવી નાજુક બાબતમાં તું આવી હઠ કરે છે તે ઉચિત નથી હો!" ચ્યવન જરા ગંભીર બની બોલ્યો.

"ભલે ન હોય. મને તો તારે કહેવું જ પડશે." અધીરી રંભા પવનની લહરીથી ખુલ્લા થઈ ગયેલા કેશકલાપને ધુણાવતી બોલી ઊઠી.

"હું તને એ વાત કહું, પણ એક શરતે કે, આ વાત બહાર પડી જાય ને એ છોકરી પછી સોંઘીમોંઘી થાય તો તેને મનાવવામાં તારે મને મદદ કરવી." સસ્મિત મુખે ચ્યવન રંભાને તાકી રહ્યો.

"કબૂલ છે. બોલ એ ભાગ્યશાળી કન્યા કોણ છે?"

"તને તે વિષે જરાય ખબર નથી, રંભા? કંઈક કલ્પના તો કરી જો!" ચ્યવન હસ્યો.

"નથી કરવી મારે. જલદી તું કહી દે." રંભા અધીરી બની ગઈ હતી. તેનું ઉર વેગથી ધબકી રહ્યું હતું.

"તો સાંભળ. તે યુવતી અત્યારે મારી સામે જ બેસીને મારા ઉપર હુકમો બજાવી રહી છે." ચ્યવન મીઠું હસ્યો.

"નહિ, જુઠું બોલો છો." ચ્યવનનો હાથ દાબી દેતી રંભાનું વદન શરમથી લાલચોળ થઈ ગયું—જાણે પ્રભાતની ઉષા !

"અને એનું નામ છે રંભા." ચ્યવન ફરી બોલ્યો.

લજ્જાળુ રંભાએ ચ્યવનના દાબેલા હાથની પોંચી પર એક ઉષ્માભર્યું ચુંબન લીધું અને પછી તે દૂર સરી ગઈ.

પ્રકરણ ચોથું

અસહકાર

સને ૧૯૧૪–૧૮ નું વિશ્વયુદ્ધ શમી ગયું હતું. આખા વિશ્વમાં ક્રાન્તિનો નવજુવાળ ઊછળી રહ્યો હતો. હિંદમાં પણ એ જાગૃતિનું વિરાટ મોજું ફરી વળ્યું હતું. સાબરમતીના સંત ગાંધીજી હિંદના રાજકારણમાં સામેલ થઈ ગયા હતા. મહાસભાને પોતાના સિદ્ધાન્તોના પ્રભાવથી તે મહાપુરુષે પ્રભાવશાળી બનાવી હતી. શાંતિમય અસહકાર અને સત્યના આગ્રહથી તેણે ભારતવર્ષના સ્વાતંત્ર્યની મહાલડતનો મોખરો સર કરી લીધો હતો. મોટા મોટા દેશનેતાઓ અને રાજપુરુષો પણ તેના પ્રત્યે માનથી જોતા હતા. સ્વાશ્રય, ખાદી અને પ્રેમના મંત્રથી આશ્રમજીવનમાં તેણે સાદી છતાં મોહક ભવ્યતા ખડી કરી હતી.

સાબરમતી આશ્રમ તે દિવસોમાં હિંદના રાજકારણનું કેન્દ્ર બન્યું હતું. 'નવજીવન' અને 'યંગ ઇંડિયા'ની હજારો નકલો નીકળતી ને દેશને ખૂણે ખૂણે તે પત્રો રસ અને ગંભીરતાપૂર્વક વંચાતાં હતાં. દેશનાં વિચારવાન યુવક-યુવતીઓનાં મન મોહન ગાંધીના બંસીનાદથી ડોલી રહ્યાં હતાં. વર્ષો જૂની શહેનશાહતના પાયામાં પણ એ બંસીનાદે

આછો કંપ ફેલાવવા માંડચો હતો; છતાં એ બંસી એટલી મધુર અને અપ્રતિમ હતી કે સહુ કોઈ—વિરોધીઓ પણ તેને વારંવાર પ્રશંસાથી વધાવતા હતા. ગાંધીજીના પ્રયાસથી દેશની જનતાના અંગેથી વિલાયતી વસ્ત્રોના વાઘા ઊતરતા હતા અને ધવલ ખાદીના અંચળા ચઢવા લાગ્યા હતા. ફકીરને જ શોભે તેવી કફની અને ટકાની ટોપી પહેરવામાં દેશભક્ત યુવકો ગર્વ લેતા થવા લાગ્યા હતા. દેશાભિમાન અને દેશસેવાના નવા મંત્રો દેશના ખૂણે ખૂણે ફુંકાવા લાગ્યા હતા.

ગાંધીજીના નામથી દેશમાં જાદુઈ અસર થઈ રહી હતી. એ જાદુ ચ્યવનને પણ લાગ્યો. ચ્યવનની દ્વારા રંભાને પણ તેનો સ્પર્શ થયો. જોતજોતામાં ચ્યવન ખાદીધારી બની ગયો. બીજા કૉલેજિયનો પણ ખાદી અપનાવવા લાગ્યા હતા; પરંતુ કિરીટ જેવા ઘણાક હજી ટાઈ, કૉલર અને પેન્ટના ભપકામાં રાચી રહ્યા હતા. તેઓ આ ખાદીધારી યુવકોની છીછરી રીતે હાંસી પણ કરતા. ચ્યવન અને કિરીટ એક જ 'રૂમ'માં રહેતા હોવાથી તેની અને કિરીટની વચ્ચે અસહકાર, ખાદી અને ગાંધીમત વિષે વખતોવખત ગરમાગરમ ચર્ચા થતી. વખતે તેવી ચર્ચા દરમ્યાન કિરીટ તપી જતો, તોપણ ચ્યવન તેને શાંત કરી ખામોશ ધરતો. તેમની ચર્ચાનું મધ્યબિંદુ મુખ્યત્વે ગાંધીજી જ બની રહેતા.

"મહાત્માજી અસહકાર જેવી મામૂલી ચળવળથી અંગ્રેજ સલ્તનતને નમાવી શકે એ તારા જેવા બુદ્ધિશાળી યુવકને ગળે જ શી રીતે ઊતરે છે, તે મને નથી સમજાતું!" કિરીટે ચ્યવનને પોતાની શંકા કહી.

'અસહકારને મામૂલી શસ્ત્ર ગણવામાં જ તારી ભૂલ થાય છે. બ્રિટિશ રાજતંત્ર આપણા સહકાર ઉપર જ નિર્ભર છે. કોઈ પણ રાજ્ય પ્રજાના સહકાર વગર ચાલી શકતું નથી. સહકાર તો રાજ્યનો પાયો છે. તે પાયામાં જ અસહકારની ચોટ લગાવવાથી જરૂર બ્રિટિશ શહેનશાહત હાલી ઊઠશે." ચ્યવને સમજ પાડી.

" ઇતિહાસમાં ક્યાંય પણ એવો પુરાવો મળતો નથી. એવી વાતો સિદ્ધ થવી મુશ્કેલ છે."

" ગાંધીજી જેવા યુગપુરુષ નવો ઇતિહાસ ઘડવા માટે જ જન્મે છે. ઇતિહાસમાં જે નથી, સામાન્ય મનુષ્યને જે અશક્ય લાગે છે તે સિદ્ધ કરવામાં જ તેમની મહત્તા રહેલી છે."

"એવું તે ગાંધીમાં તેં શું જોઈ નાંખ્યું કે આમ આંધળો બની ગયો છે? ઠીક, તારી ને તારા ગાંધીની આ ખાદી બ્રિટિશ રાજના તંત્રમાં ક્યાં ફાચર મારવાની છે, વારુ? દેશને યાંત્રિક યુગમાંથી શું પાછો પાષાણયુગમાં લઈ જવો છે કે આવી વલ્કલ જેવી ખાદીની વાતો લોકોમાં ઠાંસવા માંડી છે?" કિરીટે પ્રશ્નાત્મક દલીલો કરવા માંડી.

"ખાદીનો મહિમા સમજવા જેવો છે, કિરીટ! આપણે બધા જ જો ખાદી અપનાવીએ તો દેશનો પૈસો પરદેશ જતો અટકે અને આપણા ગરીબ ભાઈબહેનોને રોટલો મળે. લૅંકેશાયરનાં કારખાનાં પર, આપણી ખાદીની પ્રવૃત્તિ વ્યાપક બને તો ભારે અસર પહોંચ્યા વગર ન રહે. હાથે કાંતી, વણીને વસ્ત્ર પહેરવાં તેમાં પાષાણયુગમાં

પાછા જવાની વાત જ ક્યાં છે? એ તો પડેલી પ્રજાના સ્વાશ્રયના નિશ્ચયનું એક જાગૃતિચિહ્ન ગણી શકાય."

"હું એ બધા તૂતમાં નથી માનતો. બાવડાં સાબૂત થયા વગર આપણે કાંઈ કરી શકવાના નથી. રાજ તો તલવારથી જ મળી શકે—રિસામણાંથી નહિ."

"પણ તલવારો લેવાની આજે આપણી તાકાત જ ક્યાં છે?"

"ન હોય તો તેવી તાકાત પેદા કરવી જોઈએ. એવી કંઈ પ્રવૃત્તિ કરવાને બદલે ગાંધીજી આ બધું તૂત કરે છે તે મને તો વિચિત્ર લાગે છે."

"ગાંધીજીએ થોડા જ વખતમાં દેશમાં જે જાગૃતિ આણી છે, તે જોતાં તેમનો પ્રયોગ સફળ થશે, એમ મને તો લાગે છે."

"ભલે, ઝુકાવો. તમે પણ છોટા ગાંધી જેવા જ લાગો છો. અમે હવેથી તને ઋષિને બદલે મહાત્મા કહીશું." કિરીટે વિનોદમાં જ વાતને પતાવી દીધી.

રંભા 'નવજીવન' રસપૂર્વક વાંચતી અને રોજ ચ્યવન સાથે ગાંધીજીના સિદ્ધાંતોની ચર્ચા કરતી. ગાંધીજીની વિચારસરણી રંભાને ગળે ઝટ ઊતરતી હોય એમ ચ્યવનને લાગતું હતું. ચ્યવન ગાંધીજીનો આદેશ થતાં જ કૉલેજ છોડી દેશસેવાના કાર્યમાં પડવા તૈયાર બની બેઠો હતો. રંભા પણ તે વાત જાણી ખુશ થઈ ગઈ. ગાંધીજી અને ખાદીની વિવિધ વાતો ને ચર્ચા સાંભળતાં રંભા કદી થાકતી જ નહિ.

"રંભા, હાલની આપણી શાળા-કૉલેજની કેળવણી આપણી ગુલામી કાયમ કરવા માટે યોજાઈ છે. તે છોડી

દેવા મહાત્માજીનો આદેશ થશે એમ લાગે છે." ચ્યવને રંભાને જણાવ્યું.

"કિરીટલાલ જેવાના માનસમાં ગુલામીની જે છાપ પડેલી છે, તે કૉલેજના જ પ્રતાપ છે, એમ તમને નથી લાગતું?" રંભાએ ટકોર કરી.

"કૉલેજમાં તો હુંયે છું ને! એ તો 'માથે માથે જુદી મતિ.' કિરીટને ગાંધીજીની સાદાઈ ગળે ઊતરતી નથી."

"આ ભણતર આપણને વધુ સુંવાળાં નથી બનાવતું? હું રતનપુરમાં હેલે હેલે કેટલું પાણી સીંચતી હતી? અને હવે એ ચાર હેલ્યમાં જ થાકી જાઉં છું. તમે કૉલેજ છોડી દેશો તો હું પણ શાળા છોડી દઈશ." રંભાએ ઉત્સાહથી કહ્યું.

"તું મૅટ્રિક પાસ થઈ જાય તો ઠીક. થોડા જ વખત માટે . . ."

"વાહ ચ્યવન ઋષિ વાહ!" રંભા હસીને વચ્ચે જ બોલી. "તમે બી. એ. માં પ્રથમ વર્ગમાં આવો એવા ચાલાક હોવા છતાં દેશનેતાના આદેશ પ્રમાણે કૉલેજને લાત મારવા તૈયાર છો, તો પછી મારી મૅટ્રિકની તે શું વિસાત લેખાય?"

"છોકરીઓ માટે એટલી ઉતાવળ ન હોય તોયે ચાલે."

"હું તો ચ્યવનથી એક ડગલું પણ પાછળ રહેવાની નહિ, સમજ્યો?" રંભાએ વિચારવિવશ ચ્યવનના ખભા જોરથી હલાવી નાખ્યા.

"ભલે, પણ તેમાં મને શું કામ પજવી રહી છે?" ચ્યવન ગંભીર સ્મિતપૂર્વક પુનઃ વિચારમાં લીન બની ગયો.

રોલેટ કાયદાથી તથા જલિયાનવાલા બાગના હત્યાકાંડથી દેશ જાગી ઊઠ્યો હતો. ખિલાફતના પ્રશ્ન પર મુસ્લિમો પણ જાગી ઊઠયા અને હિંદુમુસ્લિમ ઐકયની ઘોષણા ગાજી ઊઠી. અલી બિરાદરો ગાંધીજી સાથે હાથ મિલાવી આગળ વધવા તત્પર બન્યા અને અસહકારની રણભેરી વાગી ઊઠી. મહાત્મા મોહનદાસની ઘોષણા દેશમાં બુલંદ સૂરે ગાજી રહી. શાંતિથી સહન કરવાનો અને રાજતંત્રમાં જરા પણ સહકાર નહિ આપવાનો આદેશ પ્રાંતેપ્રાંતમાં ફરી વળ્યો. મહાત્માજીએ બ્રિટિશ સરકારના વડા અધિકારીને લડતનું અલ્ટીમેટમ આપ્યું અને દુનિયા આખી ચમકી ઊઠી. સૂકલકડી મહાત્મા મોહનદાસની અપૂર્વ મર્દાનગીથી જગત વિસ્મિત બન્યું.

લડતના પ્રારંભમાં જ શાળા, કોલેજો ખાલી થવા લાગી. વકીલો અને બૅરિસ્ટરો વકિલાત છોડવા લાગ્યા. ખિતાબધારીઓ ખિતાબોને ફગાવી દઈ, ખાદી પહેરી લડતમાં પડવા લાગ્યા. ગાંધીટોપી અને ખાદીથી જનસમુદાય જાણે લડતમય બની ગયેલો દેખાવા લાગ્યો. પરદેશી કાપડનો બહિષ્કાર જોરપૂર્વક થવા લાગ્યો. ઠેર ઠેર પરદેશી કાપડની હોળીઓ થવા લાગી અને પરદેશી કાપડ ખરીદવામાં તથા પહેરવામાં સમજુ લોકોને નાનપ લાગવા માંડી.

શાળા–કોલેજોને છોડી આવનાર વિદ્યાર્થીવર્ગનો મોટો ભાગ લડતમાં સ્વયંસેવક તરીકે દાખલ થવા લાગ્યો. બાકીનાઓ માટે રાષ્ટ્રીય શાળાઓ દ્વારા શિક્ષણની યોજના થવા લાગી. તેના પરિણામે ઘણી રાષ્ટ્રીય શિક્ષણસંસ્થાઓ પ્રગટી અને ખાદીધારી વિદ્યાર્થીવર્ગ તેવા જ શિક્ષકોના હાથ નીચે રાષ્ટ્રીય ભાવનાને અનુકૂળ શિક્ષણ લેવા લાગ્યો.

ચ્યવન આ રાષ્ટ્રીય આંદોલનમાં જાગૃતિપૂર્વક ખડો થઈ ગયો. કૉલેજ ન છોડવા માટે તેને કિરીટે ઘણું સમજાવ્યો, પણ તેણે માન્યું નહિ.

"ચ્યવન ! તારી ઉજ્જવળ કારકિર્દી ઉપર નાહક શા માટે પાણી ફેરવે છે ? ધીરો થઈને જોયા કર."

"કિરીટ ! તું તારે પદવીધર થઈ સરકારી નોકરી કર્યા કરજે. મને તેનો જરાય મોહ રહ્યો નથી. દેશ બધો લડતમાં ઝંપલાવી રહ્યો હોય ત્યાં ધીરજ ધરવામાં મને કાયરતા લાગે છે." ચ્યવને સ્પષ્ટ રીતે પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો.

"હું તો તારા ભલા માટે કહું છું. આ બધો ખાલી પવન છે—તેને બેસી જતાં વાર નહિ લાગે; માટે સમજીને એક વખત બી.એ. થઈ જા. પછી ફાવે તે કરજે !"

"કિરીટ, તું માઠું ન લગાડીશ, પણ મને પરીક્ષાનો મોહ તારી પેઠે રહ્યો જ નથી. દેશની લડતના મેદાનમાં સાચી પરીક્ષા આપવા હું અધીરો બન્યો છું."

"અમને દેશદાઝ નથી એમ માને છે ખરું ?" કિરીટે પૂછ્યું.

"એ તો શી રીતે કહેવાય ? દેશભક્તિનો હું કાંઈ ઇજારદાર તો નથી જ; પણ મને એમ લાગે છે કે, આજે જે હાથ જોડીને બેસી રહેશે તે સોળેસોળ આના દેશભક્ત તો નહિ જ હોય."

"ભલે, પાછળથી મારાં વચનો યાદ કરીશ—આ લડત તું ધારે છે તેવી સફળ નહિ થાય."

"મને તેની ચિંતા નથી. હું મારો હિસ્સો આપી શકું

તેટલી જ મને ફિકર છે. તારો આભાર માનું છું દોસ્ત, કિરીટ ! વંદે માતરમ્ !" કહીને ચ્યવન ચાલ્યો ગયો.

ચ્યવને કોલેજ છોડી અને લડતમાં નામ આપતા પહેલાં તે રંભાને મળ્યો. રંભાએ તેને અભિનંદન આપી કહ્યું: "ચ્યવન ! હું પણ હવે શાળાને સલામ કરીશ."

"મને તે નહિ ગમે, રંભા !" ચ્યવને કહ્યું.

"પણ તારા વગર મને પણ હવે ભણવાનું નહિ ગમે. હું રતનપુર જઈશ અને ત્યાં લડતના કામને વેગ આપવા પ્રયાસ કરીશ."

"રંભા, તારી સમજ સારી છે, પણ તારા પિતા વગેરેને તે પસંદ નહિ પડે."

"એ તો હું તેમને સમજાવી દઈશ. કેટલીયે બહેનો દેશ માટે રાતદિવસ મથી રહી છે, તો હું પણ મારાથી બનતી સહાય આ લડતમાં કરવાની જ—છેવટે કાંતણ, પીંજણ અને લોકજાગૃતિનું કામ તો ગામમાં કરીશ જ. પણ તારે લડતમાં જતાં પહેલાં એક વાર રતનપુર આવવું પડશે, ચ્યવન !"

"ભલે, આવી જઈશ." પુલકિત વદને રંભાને તાકી રહેલો ચ્યવન સંતોષથી બોલ્યો.

પ્રકરણ પાંચમું

લડતને પંથે

યુદ્ધની નોબત વાગી રહી હતી. અસહકારની ભરતી ચઢી રહી હતી. સિંધુડો ગવાતાં શૂરવીરો સમરમાં ધસમસે તેમ શાંત નિઃશસ્ત્ર યોદ્ધાઓ લડતમાં ઝંપલાવી રહ્યા હતા. વેપારી ગુજરાત પણ જાણે રણશૂર બની ગયો હતો. કેમ ન બને? એને તો ગાંધીજીની વધુ નિકટતા ભરી દોરવણી હતી. ગામડે ગામડું ગાંધીજીના આદેશથી જાગી ઊઠયું હતું. સભાઓ, સરઘસો, હડતાળો અને ભાષણોથી ગામો ગાજી રહ્યાં હતાં. નગરો જાણે અહિંસક યાદવાસ્થળીનાં કેન્દ્ર બની ગયાં હતાં. ઠેર ઠેર રાષ્ટ્રગીતો ને ગાંધીજી તથા ખાદીના રાસડા ગવાવા લાગ્યા. જેલને મહેલ સમ ગણુ-વાની રસમ સામાન્ય થઈ ગઈ. પ્રજાના હૃદયમાંની ગુલા-મીની સુરંગ જાણે ઓચિંતી ફૂટી ગઈ હોય એમ લાગ્યું.

આવે પ્રસંગે રતનપુર ગયેલો ચ્યવન બેસી શી રીતે રહે? બે દિવસ વધુ રોકાવા રંભાનો આગ્રહ હોવા છતાં તે અધીરો બની ગયો. ચ્યવનનો રણઘેલો યૌવનતરંગ રંભાના પ્રેમની કોમળ લગામને તોડું તોડું કરવા લાગ્યો.

રંભા તેને અમુક ખાસ હેતુથી જ રતનપુર લાવી હતી. તે હેતુ સિદ્ધ થયો નહિ ને ચ્યવન ઉતાવળો થવા લાગ્યો.

"ચ્યવન, તું ઉતાવળ કરીને મારી મુરાદ બર નહિ જ આવવા દે?" એક દિવસ રંભાએ ઢીલા સ્વરે ચ્યવનને કહ્યું.

"તારી શી મુરાદ બર લાવવી છે? તું મને પરભારે લડતમાં જવાને બદલે અહીં રતનપુર શા માટે લાવી તે જ મને નથી સમજાતું!" ચ્યવને કહ્યું.

"તો તું જાણ્યા વગર આવ્યો શું કામ?"

"કેવળ તારા સ્નેહભર્યા આગ્રહને ન અવગણી શકવાથી હું આવ્યો."

"અને હવે?"

"હવે હું અધીરો થયો છું. હવે કાલે તો હું જઈશ જ."

"હવે મારો સ્નેહ જૂનો થઈ ગયો એમ?" રોષભરી દૃષ્ટિથી રંભા ચ્યવનને તાકી રહી હતી.

"એમ તો નહિ જ, પણ માણસે કર્તવ્યનો વિચાર પણ કરવો જોઈએ."

"ભલે, મારી પાસે કંઈ કેદ નથી કે હું તને એક દિવસ પણ પરાણે બાંધી રાખું"

"રંભા, તારા શુદ્ધ સ્નેહની કેદમાંથી તો હું ત્રણ દિવસથી ભાગવાની ઇચ્છા છતાં નથી ભાગી શકતો. રણ-દુંદુભિના નાદ મને બોલાવી રહ્યા છે, પણ તું સસ્મિત વદને અનુમતિ આપે તેની રાહ જોઈ રહ્યો છું." ચ્યવને પોતાની મનોદશા સ્પષ્ટ કરી.

"હશે, જેવું ભાવિ!" કહીને રંભા ચૂપ થઈ ગઈ.

ચ્યવન રંભાના મનની મુરાદ શી હતી તે સમજી શક્યો નહિ. રાષ્ટ્રીય લડતના પ્રવાહમાં ઉત્સાહ દાખવતી રંભા અત્યારે આટલી ઢીલી કેમ બની ગઈ હતી તે પણ તેને ન સમજાયું. તેણે ધીમેથી રંભાને પૂછ્યું: "રંભા, તારી મનની મુરાદ શી છે, તે તો કહે!"

"હવે કહેવાનો કંઈ અર્થ નથી. તું કાંઈ પણ કલ્પના કરી શકતો નથી?"

"ના, મને સ્પષ્ટ કહે." ચ્યવન આતુરતાથી રંભા ભણી તાકી રહ્યો.

"તું લડતમાં જાય છે તે ક્યારે આવીશ તે નક્કી નથી. મને સાથે પણ લઈ જઈ શકે તેમ નથી. આ સ્થિતિમાં હું શી રીતે દિવસો કાઢી શકીશ તેની મને મૂંઝવણ થાય છે. વળી તું જાય ને માતાપિતા કદાચ મારા લગ્નનું લાકડે-માંકડું, ભળતે ઠેકાણે વળગાડી દે તેની મને મોટી ભીતિ છે."

"જો તું ના પાડે તો તારી ઇચ્છા ઉપરવટ થઈને તેઓ એવું નહિ કરે." ચ્યવને સલાહ આપી.

"એ બધું એટલું સહેલું નથી, ચ્યવન! આપણું વાગ્દાન થઈ જાય તો પછી મારા જીવને નિરાંત થાય. પછી તું દેશ માટે લડવા જાય તો મને બહુ ઉચાટ નથી. વખતે તું મારો મટી ન જાય તે માટે તારા જતાં પહેલાં વિવાહ થઈ જાય તો સારું, એમ માની હું તને રતનપુર ખેંચી લાવી હતી; પણ મારી તે આશા સફળ થાય તેમ લાગતું નથી."

"તેં શી રીતે વિવાહ કરાવવા ધાર્યું હતું?"

"મારી માતા દ્વારા પિતાને સમજાવી હું તે કાર્ય

સાધી લેત. મારી માતા તારા પર પુત્ર જેવો સ્નેહ રાખે છે, એટલે તે પિતાને સમજાવી શકત. પણ હાલ એ વાત વસમી બની છે."

"શી રીતે?"

"એક તો તારે જવાની ઉતાવળ છે, અને તું છે તેથીય વધુ ઉતાવળ બતાવી રહ્યો છે. મારા પિતાજી મને ગમે તે રીતે મૅટ્રિક પાસ થતાં સુધી ભણવા મોકલવાની હઠ લઈ બેઠા છે. મેં તે વાતની ધસીને ના પાડી છે, એથી તે મારી તથા તારી—બન્નેનાં પર મનમાં ખિજાયા છે. એટલે મારા ભણતરનો ઝઘડો હેઠો ન બેસે ત્યાંસુધી વિવાહની વાત હું શી રીતે કરું? કરું તોયે અસર ન થાય ને ઊલટી અવળી ગાંઠ પડી જાય."

"રંભા, આપણાં અંતર મળ્યાં છે ત્યાં વિવાહથી વિશેષતા તને શી લાગે છે?" ચ્યવને રંભાને સમજાવવા માંડી.

"ચ્યવન! સમાજ એવું માનતો નથી. આપણી ફિલસૂફી વ્યવહારમાં બહુ કામ નથી આવતી. તું વધુ રહેવાનો હોત અગર છ સાત દિવસે પાછો આવી શકતો હોત તો હું માતા દ્વારા બાપુજીને સમજાવવા પ્રયાસ કરત."

"એ તો બને તેવું નથી, રંભા! છતાં તારા મનના સમાધાનની ખાતર હું બે દિવસ વધુ રહીશ અને પરમ દિવસે અહીંથી પ્રસ્થાન કરીશ. વિવાહ માટે તું બહુ વિચાર ન કરીશ."

રંભા પળવાર મૂંગી ઊભી રહી અને પછી નિઃસાસો નાખી ચાલી ગઈ. દુઃખી મને ચ્યવન તેને જતી જોઈ રહ્યો.

ચ્યવન સાથે પોતાનો વિવાહ થયેલો જાહેર કરાવવા રંભા અધીરી બની હતી, પણ શહેરમાં પુનઃ ભણવા મોકલવાની હઠ લઈ બેઠેલા પિતાનો રોષ ઝટ ન શમ્યો. રંભાએ ભણવા જવાની ઘસીને ના પાડી અને વિશેષમાં કહ્યું કે, "હું ગામમાં જ રહીને કસબામાં સ્વદેશીનો પ્રચાર તથા કાંતણપીંજણની પ્રવૃત્તિ ચલાવીશ."

તેના પિતાને આ ન ગમ્યું. તેમનો સ્વભાવ ઘણો જ ઉગ્ર હતો. તે તપીને બોલી ઊઠયા: "મારા ઘરમાં રહીને એ બધું નહિ બને; તને આવું શીખવનાર ગધેડો કોણ મળ્યો છે?"

"એના પર ગુસ્સે ન થશો. એ તો ચ્યવનરાયની દેખાદેખીથી એવી વાતો કરે છે." માતાએ પિતાને શાંત કરવા પ્રયાસ કર્યો.

"ચ્યવન મોટો ગધેડો જ છે. બી. એ. પાસ થવું પડતું મૂકીને લડતમાં જવા તૈયાર થયો છે. એની વાત મારી આગળ ન કરવી." પિતાજી ચ્યવન ઉપર ઊતર્યા. રંભાને તેથી તો ઊલટું વધુ દુઃખ થયું.

"બા, ચ્યવનનું નામ શું કરવા લે છે? હું ઓછું તેના વાદથી આ બધું કરું છું? આખા દેશને આ બધું ચ્યવન શીખવવા ગયો હતો? જઈને જુઓ તો ખરા, શહેરની એકેએક શાળા ખાલી થઈ ગઈ છે." રંભાએ ચ્યવન પ્રત્યે માતાપિતાને અણગમો ન પ્રગટે તે ખાતર વચ્ચે જ કહ્યું.

"ત્યારે તમેય જક શા માટે કરો છો? છોકરીને

પાસ કરીને આપણે ક્યાં પગાર ખાવો છે ?" રંભાની માતાએ કહ્યું.

"પણ આટલા દિવસના ખરચ ઉપર પાણી ફરે તેનો ખ્યાલ છે તમને ? હવે એક વર્ષ વધારે ખેંચશે તો એનું પણ ભાવી સુધરશે."

"સુધર્યાં ભાવી ! છોકરો હોત તો તો જુદી વાત હતી."

"હું કહું છું, આમાં તમે સમજ્યા વગર માથું મારશો નહિ. રંભાને હું ભણાવીશ જ. એમ ખોટા પવન મગજમાં ભરીને ચ્યવન જેવાના વાદ રંભાને લેવાના નથી, સમજ્યાં ?" કડકાઈપૂર્વક છેવટનું વાક્ય બોલી રંભાના પિતા ઘરમાંથી બહાર ચાલ્યા ગયા.

તે દિવસે સાંજે પ્રસંગવશાત્ કિરીટ રતનપુર આવ્યો હતો. તે ચ્યવન તથા રંભાને મળ્યો.

રંભાના પિતાએ પણ તેને આવકાર આપ્યો. વાતવાતમાં રંભા શાળા છોડવાની જીદ લઈ બેઠી છે, તે વાત રંભાના પિતાએ કિરીટને જણાવી.

"એ બધો એક જાતનો મેનિયા છે. મૂર્ખ વિદ્યાર્થીઓ એ પવનથી પોતાનું ભાવિ બગાડે છે, એમ મારું માનવું છે." કિરીટે પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો.

"તમારું કથન સત્ય છે. આટલી નાની ઉંમરે તમે આવું વ્યવહારુ ડહાપણ ધરાવો છો તે આનંદની વાત છે." રંભાના પિતાએ પોતાના મતના આ યુવકને પ્રમાણપત્ર આપ્યું.

"હું તો બધુંયે સમજું છું અને રંભાને પણ સમજાવીશ. એને ચ્યવનનો પાસ લાગ્યો છે, એટલે એ પણ એ પવનમાં ભળી છે."

"જરૂર, તમે એને સમજાવજો. મારે એને આગળ ભણાવવી છે ને એ માનતી નથી." રંભાના પિતા બોલી ઊઠ્યા.

"ભણાવવી જ જોઈએ. આપના જેવા સમજુ માબાપો પુત્રીને નહિ કેળવે તો બીજું કોણ એ વાત સમજશે ?" કિરીટે પણ મસકો લગાવ્યો. જાણે પોતાને થોડા વખત પહેલાં જ મળેલા પ્રમાણપત્રનો વ્યાજ સાથે બદલો દઈ દીધો.

કિરીટે રંભાને એકલીને પોતાની પાસે બોલાવી સમજાવવા માંડી. પહેલાં તો રંભા સાંભળી રહી, પણ જ્યારે કિરીટ ચ્યવનને વાત વાતમાં ઉતારી પાડવા લાગ્યો ત્યારે તે તપી ઊઠી: "તમે તે ચ્યવનરાયની નિંદા જ કરવા આવ્યા છો કે શું?"

"ના, પણ હું ખોટું કહું છું એમ તમે માનો છો ?" કિરીટ ક્ષોભ પામી પૂછવા લાગ્યો.

"હજાર વખત ખોટું. આપની વાત મારે નથી સાંભળવી." રંભાએ ટૂંકામાં જ વાતચીતનું મથાળું વાળી દીધું.

"ભલે તમારી મરજી," કહીને કિરીટ રૂમાલ ઉડાવતો ઊઠીને ચાલ્યો ગયો. રંભા રોષથી તેને જતો જોઈ રહી. તે બબડી: "જો મોટો ડહાપણની ડેલ્લી થઈને આવ્યો છે તે !"

છેવટે ચ્યવનને જવાનો દિવસ આવી પહોંચ્યો. રંભાનું કોમળ ઉર વલોવાઈ રહ્યું, પણ ચ્યવનને વિદાય આપવા તે જેમ તેમ તૈયાર બની. દેશસેવાના કાર્ય માટે

જતા પ્રણયીને નિરુત્સાહ કરવો યોગ્ય ન ગણાય એ ભાન પણ રંભાને થયું. વહેલી સવારે વાતચીત કરવા જેવું એકાંત મળતાં રંભાએ ચ્યવનને કહ્યું: "વિવાહની વાત તો ન જ બની, પણ તમને હવે હું નહિ રોકું."

"તારા જેવી નિર્દોષ બાળાની આરજૂ ઈશ્વર સાંભળશે જ. આપણે આ લડત પત્યા પછી જરૂર એકત્વ પામીશું. તું ઊંચો જીવ ન રાખીશ." ચ્યવને ભીની આંખે આશ્વાસન આપ્યું.

"ચ્યવન! પ્રિય! મને તું જીવનભર ચાહીશ? મને કોલ આપ!" અશ્રુભરી આંખે રંભા બોલી.

"રંભા! પ્રિય રંભા!" ચ્યવને રંભાનો હાથ પકડી ચૂમતાં કહ્યું. "હું જીવનભર તારો જ બની રહીશ."

"જોજે, કોલ ભૂલી ન જતો—હું પણ તારી જ વાટ જોયા કરીશ."

"મારે તેની ખાતરીની જરૂર નથી. મારા પ્રત્યેના તારા પ્રેમ વિષે હું નિશ્ચિંત છું. તું નિશ્ચિંત રહેજે."

રંભાએ ચ્યવનના પગ પકડી આંસુથી નવડાવી દીધા. ચ્યવને તેને ઊભી કરી, તેના કેશની લટો સરખી કરી. તે જ વખતે ચ્યવનની વૃદ્ધ માતાનો પગરવ સંભળાયો અને રંભા આંસુ લૂછતી દૂર ખસી ગઈ.

તે દિવસે મધ્યાહ્ને ચ્યવન લડતમાં સામેલ થવા માટે સૌની શુભાશિષ લઈ વિદાય થઈ ગયો.

પ્રકરણ છઠ્ઠું

રંભાનું હૃદય

રંભાએ ભણવા જવાની બાબતમાં પોતાની હઠ ન છોડી. તેના પિતા પણ છેવટે કંટાળ્યા. છોકરીને વધુ શું કરી શકાય, એમ માની તે પણ શાંત થયા. માતાએ તો છોકરીને તેની ઇચ્છા વિરુદ્ધ ભણાવવામાં કાંઇ જ સાર જોયો ન હતો, એટલે તે વાત ધીમે ધીમે ભુલાઈ જવા લાગી. પણ થોડા જ દિવસમાં તે વાતને બદલે બીજી નવી વાત ઉપસ્થિત થઈ. માતાપિતા વારંવાર ઘરમાં રંભાની જાણ બહાર છાનીછાની વાતો કરવા લાગ્યાં. વાત પોતાના વિષે જ હતી તે સમજતા રંભાને વાર લાગી નહિ.

અસહકારની લડત પૂર જોસમાં ચાલતી હતી. મુક્તિના યુદ્ધની પાવકમાં મરજીવાઓ ઝંપલાવતા હતા, પણ સ્વાર્થી અને સમજહીન જનતાનો મોટો ભાગ તે તરફ ઉપેક્ષા દર્શાવી, પોતાનું કામકાજ કર્યે જતો હતો. કિરીટ જેવા કૉલેજિયનો ભણતા અને પ્રૉફેસરો ભણાવ્યે જતા. વર્તમાનપત્રો વાંચી તેઓ લડતના સમાચાર જાણી લેતા અને તે પર ચર્ચા કરતા. એથી અધિક કાંઈ પણ તે વિષે

કરવા જેવું તેમને જણાતું નહિ. પોચા ગુજરાતીઓ લડતમાં પડયા હતા એ ખરું, પણ પાછળ રહેલા તેમની વીરતાને ગંભીર રીતે પિછાની શકતા નહિ. છતાં લડત માટે સૈનિકોની ખોટ ન હતી. ગ્રામ્ય જનતા પણ જાગી ઊઠી હતી. તોફાન જાગે તેવી પરિસ્થિતિ ન આવે એટલા માટે ગાંધીજી પોતાના લેખો વડે લડતને શાંતિમય રાખવા તનતોડ પ્રયાસ કરી રહ્યા હતા.

આવી સ્થિતિમાં પણ લડતથી અલિપ્ત રહેલો મોટો વર્ગ સરકાર માબાપ બધું ઠીક કરી દેશે, એવી માન્યતા સેવી, પોતાનો રોજિંદો વ્યવહાર ચલાવ્યે જતો હતો. તેના પેટનું પાણી હાલતુ નહિ એમ તો ન જ કહેવાય; પણ લડતની ગંભીરતા તેવા વર્ગમાં પૂરેપૂરી ઊતરી ન . હતી. આવા લોકો વ્યાપાર, મુસાફરી, લગ્ન, નાચગાન બધુંયે પૂર્વવત્ કર્યે જતા હતા. કિરીટના પિતાએ આજ પ્રસંગે કિરિટ માટે લગ્નનો સોદો નક્કી કરવા તૈયારી કરવા માંડી. ભણેલા કિરીટની તેમાં સંમતિ લેવાની તેના પિતાએ ઉદારતા દર્શાવી; કિરીટે રંભા સાથે સંબંધ ગોઠવવા પિતાને મિત્રો દ્વારા સૂચવ્યું. કૃષ્ણુરાયને પણ રંભા પસંદ પડી અને તે માટેનાં ચક્રો ગતિમાન થઈ ગયા.

આ ભયાનક ચક્રોના ભણકારા રંભાને પણ સંભળાવા લાગ્યા. તેની ભીંસમાં પોતાનું જીવન ચગદાઈ ન જાય તે માટે રંભા ઈશ્વરને પ્રાર્થના કરી રહી. એ સમયની અર્ધભણેલી કન્યા આવા પ્રસંગે ઈશ્વર સિવાય બીજા કોને મનની મૂંઝવણ જણાવી શકે ? આ અરસામાં કિરીટે પણ એક બે વાર રંભાનું દિલ જીતવા તેની સાથે પ્રસંગ પાડયો, પણ રંભાએ તે વાતમાં બહુ રસ દર્શાવ્યો નહિ. છતાં

રંભામાં મુગ્ધ બનેલા કિરીટને તેની બહુ અસર ન થઈ. તેણે તો પોતાના પ્રયાસો તે દિશામાં જારી જ રાખ્યા.

ઉમરલાયક થયેલી એકની એક પુત્રી માટે યોગ્ય જમાઈની પસંદગી કરવાની ચિંતામાં રંભાનાં માતા તથા પિતા મૂંઝવણ અનુભવી રહ્યાં હતાં. તેવામાં તેમના એક દૂરના સંબંધીએ કૃષ્ણરાય વ્યાસના પુત્ર કિરીટનો નિર્દેશ કરી કૃષ્ણરાયની ઇચ્છા પણ પ્રગટ કરી. કૃષ્ણરાય વ્યાસ રતનપુર કસબામાં ધનિક તથા પ્રતિષ્ઠિત લેખાતા હતા. જ્ઞાતિમાં પણ તેમનું માન સારું હતું. છોકરો પણ બી. એ. પાસ થવાની અણી પર હતો. એટલે રંભાના પિતાને આ વાત રુચતી લાગી. તેમણે પત્નીને આ વાત કહી, અને તે પર રંભાનો મનોભાવ જાણી લેવા ખાનગી સૂચના કરી.

"રંભાનો વિચાર આડકતરી રીતે જાણી લઈશ. સીધી રીતે એને આવી વાત પુછાય નહિ." રંભાની માતાએ જૂના વિચાર પ્રમાણે પોતાની ઇચ્છા દર્શાવી.

"ભણેલી ઉમરલાયક છોકરીને લગ્નની વાત પૂછવામાં શું શરમ લાગે છે? તમારો જમાનો હવે ગયો. તે દહાડે તો આવી વાત તમને કોણ પૂછતું હતું?" રંભાના પિતા આછું હસ્યા.

"નો'તું પૂછતું તોપણ અમે મનમાન્યું ઘર ને વર તો પામતાં જ. માબાપ છોકરીનું અહિત ઓછું જ તાકે છે?" માતાએ કહ્યું.

"પણ આપણે રંભાને આટલું ભણાવી છે તો એની સમજણ કેટલી છે તે તો માપીએ!" પિતાએ ઉદાર ભાવે કહ્યું.

"ભલે, હું પૂછી જોઈશ. પણ તમને આ ચ્યવન નથી ગમતો? રંભા બચપણથી એની સાથે હળી ગઈ છે." માતાએ પોતાના મનના ભાવ વ્યક્ત કર્યો.

"ના, હવે ચ્યવન માટે મારો મત બદલાઈ ગયો છે. એ સ્વરાજના મોનિયામાં પડ્યો છે. એને સંભારીશ નહિ." પિતાએ દેખીતા અભાવપૂર્વક કહ્યું.

રંભાની માતા ચૂપ રહી. હમણાં હમણાં આવી વાતો તો વારંવાર તેઓ રંભાથી છાની રીતે કરતાં. રંભા પણ કોઈ કોઈ વાર થોડુંઘણું સાંભળી જતી અને ચિંતાનાં વમળોમાં ડૂબી જતી.

"રંભા, તું કૃષ્ણરાય વ્યાસના કિરીટને તો ઓળખે છે, ખરું?" એક વાર માતાએ વાત ઉપાડી.

"હા, બા. તારે તેનું શું કામ છે? બહુ ચાંપલો લાગે છે." રંભાએ માતાના કથનનો મર્મ સમજી જઈને આગળથી જ પ્રસ્તાવના મૂકવા માંડી.

"તારા પિતા તો એને બહુ વખાણે છે. કહે છે કે, તે આવતી સાલ બી. એ.માં પાસ પણ થશે."

"શી ખબર? મને તેની વાત ન પૂછીશ, બા!" રંભાએ પ્રગટપણે અણગમો દર્શાવ્યો.

"તું તો ભારે માથાફરેલ છે, હો રંભા!" માતાએ ટકોર કરી.

"છો રહ્યા!" માને ગળે હાથ ભેરવી ગેલ કરતાં કરતાં રંભા બોલી.

"જા જા, હવે! હવે તો કંઈક સમજણી થા! હવે કાંઈ કીકલી નથી તે ગમે તેમ બોલી શકે." માતાએ

દીકરીને યોગ્ય શબ્દોમાં ઠપકો આપ્યો.

"બા, મારા બાપુ મને પઢાવેલા પોપટ જેવી માનતા હોય તો તેમની ભૂલ છે." રંભાએ લાગ જોઈ ટોણો માર્યો.

"એટલે તું શું કહે છે તે સમજ ન પડી!" માતાએ ગંભીર બની પૂછ્યું!

માતાથી દૂર ખસતી રંભા બોલી: "એ જ કે પિતાજી અને તું જે પઢાવો તે પઢી જાઉં તેવી કીકલી હવે હું નથી રહી, બીજું શું?" એમ કહી રંભા ઊઠીને ચાલી ગઈ. માતા તેનો અણગમો મનથી જ સમજીને ચૂપ રહી.

રંભાને માતા પાસેથી ઊઠ્યા પછી બહુ લાગી આવ્યું. તે પાસેની વાંચવાની ઓરડીમાં જઈ ધ્રુસકે ધ્રુસકે બહુ વાર સુધી રડી. પછી તેણે માતાપિતા પાસે પોતાનો પ્રગટ વિરોધ નોંધાવવાનો નિશ્ચય કર્યો. આ વિરોધ પોતે જાતે પ્રગટ કરે તે કરતાં કોઈ બીજા મારફતે કહેવડાવે તો ઠીક એમ તેને લાગ્યું, પણ તેવું કોઈ બાલસ્નેહી તેને ન જડયું. તેનો બાલસ્નેહી માત્ર એક ચ્યવન જ હતો. ચ્યવનમાં જ રત બનેલી રંભા બચપણથી જ ગામની બીજી સમવયની છોકરીઓમાં બહુ ભળી ન હતી; આથી હૃદય ખાલી કરવા જેવી કોઈ જ સખી તેને રતનપુરમાં નજરે ન ચઢી.

રંભાને એમ લાગ્યું કે ગમે તેની આગળ હૃદય ઠાલવ્યા વિના તેને ચેન નહિ પડે. ઘણા વિચારને અંતે બચપણના ઓછા પરિચયવાળી માણેક પર તેની નજર ઠરી. માણેક ફળીને બીજે જ છેડે રહેતી. રંભા ઘણી વાર તેનો સહવાસ નવરાશના વખતે કરતી અને તેને ભણાવવા પણ રજાઓમાં કોઈ કોઈ વાર પ્રયાસ કરતી. માણેક ભણી તો નહિ

જ, પણ રંભાનો પોતાના પ્રત્યેનો સદ્ભાવ જોઈ રંભા પ્રત્યે તે વધુ સ્નેહ દાખવવા લાગી. ઘરકામમાં પણ રંભાને તે ઘણી વાર મદદ કરતી અને બીજી ગ્રામ્યબાળાઓ આગળ રંભાનાં બહુ જ વખાણ કરતી. આ માણેક બાળલગ્નની રૂઢિ મુજબ પરણી ગઈ હતી. રંભા ઘણી વાર તેને તેના લગભગ અદીઠ જેવા વર વિષે પૂછીને મજાક કરતી અને માણેક તે મજાક સહી લેતી. અત્યારે તે માણેકને જ પોતાની વ્યથા જણાવવાનો રંભાએ નિશ્ચય કર્યો.

માણેકે રંભાની વાત સહાનુભૂતિથી સાંભળી. પછી તે બોલીઃ " રંભા બુન ! ચવનભાઈ જેવા રૂપાળા ને ભણેલા સે તેવા જ કિરીટભઈ પણ સે તો ખરા—પછી તમને ચ્યમ નથી ગમતા ? "

" બહેન, જ્યાં મન મળ્યા હોય તે જ માનવી ગમે—બીજો રાજાનો કુંવર હોય તોય શા કામનો ? " રંભાએ ગ્રામ્ય ઢબે પોતાનો મનોભાવ સમજાવ્યો.

" ઇ હાવ હાચી વાત સે, બુન ! હવે હું હમજી ગઈ. ચવનભઈ જ તમને ગમ્યા સે એ હમજી. " ભલી માણેક રંભાનો મનોભાવ ઝટ પારખીને બોલી ઊઠી.

" મને મારી નાખશે તોયે હું કિરીટને તો પસંદ નહિ જ કરું—ચ્યવનને મેં વચન આપેલું છે. "

" ઇમ બુન ! વેણુ આલ્યું સે, તાણે તો પાળવું જ જોયેં. "

" તેં કોઈને એમ વેણ આલ્યું હોય ને તને તારા માબાપ બીજે પરણાવે તો તું શું કરે, માણેક ? "

" મારાથી વેણુ હવે અલાય જ નહિ. હું તો પરણેલી છું. " માણેક હસી.

"ધાર કે તું કુંવારી છે ને વેણુ અભડાઈ ગયું. પછી શું કરે?" રંભાએ ગ્રામ્ય ઢબે ફરી પૂછ્યું.

"પછી તો વેણુ ના ફરે બુન. દાંતે જીભ લેવી પડે." માણેક ગંભીર બની બોલી.

"તો તું આ વાત મારી બાને કહીશ?" રંભાએ પૂછ્યું.

"નાં ચ્યમ કઉં? બાને કહીશ કે બુનની વાત માંનો." ઉત્સાહથી માણેક બોલી ઊઠી.

પ્રકરણ સાતમું

'ગુજારે જે શિરે તારે'

માણેકની વાત સાંભળીને રંભાની માતા ખિન્ન થયાં. ચ્યવન પ્રત્યે રંભાને સ્નેહ હતો એ વાત તે જાણતાં હતાં, પણ આટલી હદે રંભા મક્કમ બની જશે તેવો તેમને ખ્યાલ ન હતો. નિર્દોષ લાડકી પુત્રીની ઊગતી આશાઓને વિનાકારણ ડામવી તેમને ઠીક ન લાગી. ગમે તે રીતે પતિને સમજાવી શકાય તો ઠીક, એમ તેમને લાગ્યું. ભારે હૈયે તેમણે તે વિષેના વિચારો ગોઠવવા માંડ્યા. રંભાના પિતાને સમજાવવા એ નાનીસૂની વાત ન હતી, એમ રંભાની માતા જાણતાં હતાં, પણ પોતાની લાડકી દીકરીનો મનોભાવ મનથી જ કળી જઈને, તેમણે ગૃહકલહ વહોરીને પણ દીકરીનો પક્ષ ખેંચવા નિર્ણય કર્યો.

સાંજે રંભા માણેકને ઘેર બેસવા ગઈ હતી તે વખતે જ માતાએ રંભાના પિતા સમક્ષ પોતાનો તેમ જ પુત્રીનો મનોભાવ પ્રગટ કર્યો અને કિરીટની સાથે રંભાનો સંબંધ ન કરવા વિનંતિ કરી. આર્ય સન્નારી સદા પતિને વિનંતિ જ કરતી આવી છે. એને નિર્બળતા ગણવી કે કેમ એ આ જમાનાનો વિચારણીય પ્રશ્ન છે.

"તમારામાં પણ આટલી ઉંમરે બાળકબુદ્ધિ આવી ખરી!" રોષને દબાવતા રંભાના પિતા બોલી ઊઠયા.

"છોકરીનાં સુખદુઃખની વાતમાં માતા સમજે એટલું બાપ ન સમજી શકે. તમે આ કામમાં ખોટી જક ન પકડો." માતાએ ધીમેથી કહ્યું.

"હું એથી ઊલટું માનું છું. કિરીટ જેવો છોકરો અત્યારે નાતમાં શોધ્યો જડે તેમ નથી. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા જવાની વાત હું પસંદ નહિ જ કરું."

"પાડોશમાંનો ચ્યવન કાંઈ કિરીટથી ઊતરે તેવો નથી. રંભા પણ તેને પસંદ કરે છે, માટે અમારું ગરીબનું કહ્યું માનો." માતાએ નમ્રતાપૂર્વક યાચના કરી.

"ખબરદાર! જો ફરી ચ્યવનનું નામ વચ્ચે લાવ્યાં છો તો? શું એ ભિખારીને હું છોકરી દઈશ? આમ તો ઠીક હતો, પણ વળી પાછો 'કેરિયર'ને માથે પાણી ફેરવી ગાંધીની લડતમાં ગયો. તેનું નામ મારી આગળ લાવ્યાં છો તો તમારી વાત તમે જાણી! હું છોકરીની પેઠે નાદાન થવા નથી માગતો. મને સારાંમાઠાંની ગમ છે ને હું કિરીટને જ પસંદ કરીશ."

"મારું—છોકરીનું કાંઈ જ નહિ સાંભળો?"

"ના, હજારવાર ના. કાલે હું વિવાહ પણ કરી નાખવાનો છું. તમે જાણો છો કે મારો નિશ્ચય થયા પછી તે ફરતો નથી." સખ્તાઈથી રંભાના પિતા બોલ્યા.

"તમે તમારે વિવાહ કરજો; હું ને રંભા તમારા ઘરમાંથી ચાલ્યાં જઈશું." માતાએ ભીની આંખે રોષ દર્શાવ્યો.

"ક્યાં જશો ?" સખ્તાઈથી પતિએ રાડ નાખી.

"ફાવે ત્યાં. મારે પિયર જઈશ, પણ છોકરીને દુઃખી નહિ થવા દઉં."

"જજો, તમને જવાની છૂટ છે. રંભાને મારે સ્વાધીન લઈશ, સમજ્યાં ?" પતિનો પારો છેલ્લી ડીગ્રીએ જઈ પહોંચ્યો.

"છોકરીનો ભવ બાળો ને મોટા થાઓ. બળ્યું આ મારું જીવતર ! છોકરીને વખ શે ન આપ્યું ?" માતા બળાપો કરી રડવા લાગી. તે સમજી ગઈ કે હઠીલો પતિ રંભાને કિરીટ જોડે પરણાવ્યા વગર નહિ જ જંપે. માતાનું હૃદય પુત્રીની મનોવેદના કલ્પીને વલોવાઇ જતું હતું. વેદનાનો સાગર જાણે આંસુરૂપે વહેવા લાગ્યો.

માતા પુત્રી માટે અશ્રુપાત કરી રહી હતી, તે વખતે પુત્રી રંભા, માણેક તથા બીજી બે ગ્રામબાળાઓ જોડે વિનોદ કરી રહી હતી.

વિનોદ કરતાં કરતાં તે ઘરમાં આવી, પણ પ્રવેશતાં જ તે ચમકી. માતા અંદર ઓરડાના ખાટલામાં પડી પડી ડૂસકાં ભરતી હતી. રંભા પળવાર થોભીને માતાના ખાટલા પાસે બેસી માતાના દેહ પર લળીને માતાને પંપાળવા લાગી. માતા ચુપચુપ રડયા જ કરતા હતી. માતાની વેદના સમજીને રંભા માની ગોદમાં લપાઈ ગઈ: થોડી જ વારમાં માતા તથા પુત્રીના અશ્રુપાતની સરિતા વહેવા લાગી : જગતની કરુણ કવિતાનો જાણે મૂર્ત અવતાર ખડો થઈ ગયો. આર્યનારી પોતે જ કરુણાની મૂર્તિ નથી ? એની કરુણતા એટલી તો ઊંડી છે કે, ઘણા લોકો તેને કરુણતા માનવા તૈયાર નથી.

રંભાને પિતાના મક્કમ નિર્ણયની જાણ થઈ ગઈ. આંસુની ગંગોત્રી વડે પણ તે પિતાના નિશ્ચયને ધોઈ ન શકી. પિતાએ કિરીટ સાથે વિવાહ પણ કરી નાંખ્યો. માતાની વિનવણીનો હવે બાપે એક જ જવાબ આપવા માંડયો: “ મારે હાથે કંકુમાં પાણી પડયું છે તે મિથ્યા નહિ થાય.” હતભાગી માતા કપાળ કૂટી નસીબને દોષ દઈ બેસી રહી. બીજું એ કરી પણ શું શકે ?

રંભાએ કિરીટને પત્ર લખી પોતાને મુકત કરવા, પોતે નાસીને ક્યાંક ચાલ્યા જવા, કૂવે પડીને આપઘાત કરવા, એમ ઘણા ઘણા વિચાર કર્યા પણ તે ફાવી નહિ. તેની સાથે ને સાથે ચોવીસે કલાક તેની ફોઈની દીકરી લક્ષ્મીનો પહેરો મૂકવામાં આવ્યો હતો. વળી હવે રંભાનાં માતાપિતાની શિખવણીથી તેણે સખત પહેરેગીરી કરવા માંડી હતી. રંભા વિચારોનો અમલ તો શું, પણ તે સંબંધી વિચાર જ ન કરી શકે તેવા સકંજામાં તે આવી ગઈ હતી.

“ બુન, હવે જીવને જેમતેમ મનાવો—મનખા દેઈ ને દુ:ખ પણ હોય. ” માણેક સલાહ આપવા લાગી.

“ મારા વચનનું શું થાય ? વેણ ન ઉથાપાય એમ તું જ નહોતી કહેતી ? ” રંભાએ માણેકને કહ્યું.

“ કહ્યું’તું જ સ્તો. અને બાને પણ મેં વાત કરી હતી, પણ બાપા નથી માનતા એટલે શું કરીએ ? બા પણ થાક્યાં છે. ઇમના મનને ઓછો કહાપો નથી, બુન ! ” માણેકે બદલાયેલા વાતાવરણ પ્રમાણે જવાબ આપ્યો.

“ માણેક, તું મને પોસ્ટમાંથી એક કાગળ લાવી આપશે ? ” રંભાએ પૂછયું.

"ના બુન ! બાપા જાણે તો ચામડી ઉતરડી નાખે." માણેકે પોતાની અશક્તિ દર્શાવી.

રંભા હારી ગઈ. માણેક પણ તેને જરાય મદદ નહોતી કરતી. લક્ષ્મી તો જાસૂસી કરવા માટે જ નિર્માણ થયેલી હતી. કુદરતી હાજતે જતી વખતે પણ તે સાથે જ રહેતી. રંભાએ મૃત્યુના માર્ગ ખોળી જોયા, પણ તેય અલભ્ય જણાયા. રુદન સિવાય તેને બીજો આરો જ ન જણાયો. બળતીકકળતી બાળા મરવાની તક ન મળવાથી જીવતી હતી. માતા પ્રેત જેવી પુત્રીની છાયા જોઈ ગભરાતી હતી, પણ તેને વધુ રડાવવામાં પોતે કારણભૂત ન બને એ ખાતર માતા ચૂપ જ રહેતી. પુત્રી કંઈ નવાજૂની ન કરી બેસે તેની માતાને ઘણી જ ચિંતા રહેતી, એટલે તે માણેક તથા બીજી બાળાઓને રંભા પાસે બેસી તેનું મન મનાવવા વારંવાર પ્રાર્થના કરતી.

રંભાનું લગ્ન પણ નક્કી થઈ ગયું. 'છોકરી હઠીલી છે, તે ધીમે ધીમે સમજી જશે,' 'ભણેલી છોકરીઓ હોય જ એવી,' એમ વિવિધ વાતો થવા લાગી. નારીવર્ગ પણ રંભાની વેદના સમજી શકતો નહિ. ક્યાંથી સમજે? વેદનામાંથી જ હજારો વર્ષથી નારીમૂર્તિ ઘડાતી આવી છે, તેથી તે વેદનાને સ્વાભાવિક ધર્મ ગણે છે. એને ગુલામી કહીશું કે સદ્ગુણ?

મૃતવત્ રંભા સાથે કિરીટનાં લગ્ન થઈ ગયાં. ભણેલીગણેલી રંભા ગરીબ ગાયની જેમ માબાપે દોરી ત્યાં દોરાઈને બંધાઈ ગઈ. સમાજ સામે બળવો પોકારવા તે અસમર્થ હતી.

નામરજીએ રંભાને પોતાનો હાથ કિરીટના હાથમાં મૂકવો પડ્યો, અને તે જ પળે રંભામાં જીવતી સાચી રંભા મૃત્યુ પામી. તે માત્ર રંભાની છાયા બની ગઈ. મૃતવત્ રંભાના હૃદયમાં ઓચિંતી પેલી લીટી સ્ફુરી:

"ગુજારે જે શિરે તારે,
જગતનો નાથ તે સહેજે."

સહન કર્યા સિવાય તેનો આરો જ ન હતો.

પ્રકરણ આઠમું

લોહીના અક્ષરે

ચ્યવન સ્વયંસેવક તરીકે નામ નોંધાવી ગામડાંઓમાં પ્રચાર માટે નીકળી પડ્યો હતો. ગમે તે વખતે જેલમાં જવાની તેની તૈયારી હતી જ, પણ ધાર્યા કરતાં વધુ વખત તે કામ કરી શક્યો. બંગાળ અને સંયુક્ત પ્રાંતમાં લડત વધુ ઉગ્ર હતી. ત્યાં હજારો સ્વયંસેવકો જેલમાં પુરાયા હતા; તેના પ્રમાણમાં ગુજરાતમાં જેલો ઓછી ભરાઈ હતી. આથી કાર્યકર્તાઓ ગામડાંમાં સારી રીતે પ્રચાર કરવા લાગ્યા. ગામડાંનાં કેટલાંક જૂથોની વચ્ચે આવેલા મધ્ય સ્થળે સ્વયંસેવકોની છાવણીઓ નંખાઈ હતી અને ત્યાંથી વ્યવસ્થિત રીતે લડતના હુકમો નીકળતા હતા.

ઘેરથી નીકળ્યા પછી ચ્યવનને રંભાના એકબે પત્રો મળ્યા હતા. રંભા ચ્યવનની છાવણીનું સરનામું પણ જાણતી હતી; છતાં છેલ્લા વીસેક દિવસથી રંભાનો પત્ર ન હતો. ચ્યવન રંભાના પત્રની ગેરહાજરી વિષે અનેક અનુમાનો બાંધતો ચિંતાતુર બન્યો હતો; પણ પોતાનું કાર્ય છોડી તે વિષયમાં તે વધુ ચિત્ત પરોવી શકતો નહિ. ચ્યવન શરીરે

ખડતલ હતો, એટલે તે એક જ દિવસમાં ઘણાં ગામ ખૂંદી વળતો, લોકોને જગાડતો, ગાંધીજીનો સંદેશો આપતો, ખાદી તથા રેંટિયાની પ્રવૃત્તિ ઊભી કરાવતો અને એક ગામથી બીજે ગામ ચાલી નીકળતો. આ ધંધામાં તેને રંભા યાદ આવતી, તોપણ તે તેના સ્મરણમાંથી જલદી મુક્ત થઈ જતો, ને પોતાના કાર્યમાં મશગૂલ બનતો.

ગામડાંમાંથી થાકીને આવેલો ચ્યવન એક દિવસ છાવણીમાં આડો થયો હતો. તેના મનમાં કલ્પનાના ઘોડા દોડી રહ્યા હતા. એકાએક તેને રંભા યાદ આવી. રંભાને ફરી ફરી બે પત્રો લખ્યા છતાં તેનો લાંબા વખતથી જવાબ ન હતો. ચ્યવનને રંભાની માંદગીના, માતાપિતા ગુસ્સે થયાના અને તેવા બીજા અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. ગરીબ રંભા જાણે દયામણે મુખે પોતાને સ્મરતી રુદન કરી રહી હોય એવો ચ્યવનને ભાસ થવા લાગ્યો. ચ્યવનનું હૃદય આ તર્કવિતર્કરૂપી વાંસથી વલોવાઈ જવા લાગ્યું. અતિશય વ્યગ્ર બનીને તેણે નિશ્વાસ નાખી, રંભાને એક વધુ પત્ર લખવા મનસૂબો કર્યો. પેન તથા કાગળ હાથમાં લઈ તેણે થોડો વિચાર કર્યો, અને પછી નીચે મુજબ લખવાની શરૂઆત કરી.

"પ્રિય રંભા!

"તને ત્રણ ત્રણ પત્રો લખ્યા છતાં તારો જવાબ નથી. તને શું થયું હશે તેનો વિચાર કરતાં મારા મનને અતિશય મૂંઝવણ થાય છે. મારો દેહ અહીં છે, પણ મારું મન અને હૃદય મેં તને જ અર્પણ કરેલાં છે તે તું સારી રીતે જાણે છે. તો પછી પત્ર લખવામાં આવો વિલંબ તું કેમ કરી શકે છે?

"તારા પત્રના અભાવે મારા ખાલી હૃદયમાં. . . ."

અચાનક તે જ વખતે એક સ્વયંસેવક બે પત્રો લઈને તેની પાસે આવી બોલ્યોઃ "ચ્યવનરાયભાઈ! આ આપના બે પત્રો આવેલા છે."

"હા, લાવો," કહી ચ્યવને પત્ર લખવો બંધ રાખી બેઉ પત્રો હાથમાં લીધા. બંને પત્રો બીડેલા હતા. સરનામાના હસ્તાક્ષર પરથી તેમાંનો એક પત્ર તેના એક મિત્રનો હતો તે સમજાયું. તે પત્ર ભોંય પર મૂકી બીજો પત્ર જોતાં જ ચ્યવનને અપાર હર્ષ થયો. ઘડી પહેલાંનો તેનો વિષાદ ઓસરી ગયો. પુલકિત વદને તેણે તે પત્ર ફોડચો અને વાંચવા માંડ્યો. તે પત્ર રંભાનો હતો. પત્ર વાંચતાં વાંચતાં ચ્યવનનું પ્રસન્ન વદન મ્લાન થવા લાગ્યું. પત્ર પૂરો થતાં જ તે નિશ્વાસ નાખી ચટાઈ ઉપર ઢળી પડ્યો. તેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. કોઈ બીજા પોતાનું રુદન જોઈ જશે તેની પણ તે ચિંતા રાખી ન શકચો.

રંભાનો તે દુઃખભર્યો પત્ર નીચે મુજબ હતોઃ—

"પ્રિય ચ્યવન!

"તને જાણીને ભારે આઘાત થશે કે હું તને આ છેલ્લી વખત જ પ્રિય કહી લઉં છું. કદાચ આ મારો છેલ્લો જ પત્ર હશે, એમ તને લખતાં મારી છાતી ફાટી જાય છે, પણ લખ્યા વગર છૂટકો નથી. આવું લખ્યા કરતાં હું મૃત્યુ પામી હોત તો તે વધુ સારું થાત.

"તારા ગયા પછી મારે શિરે દુઃખોના ડુંગરો તૂટી

પડયા છે. લખતાં કલમ ઊપડતી નથી, પણ શું કરું ? પ્રિયતમ! મને માફ કરજે. મને ભૂલી જજે. હું રંક બાળા શું કરી શકું ? મારી ઇચ્છાવિરુદ્ધ મને કેદીની જેમ રાખીને કિરીટ સાથે મારાં લગ્ન મારા પિતાએ બળજબરીથી કરી નાખ્યાં છે. તારી રંભાનો દેહ કિરીટને સોંપાઈ ગયો છે. હાય ! એ દેહમાં રહીને અભડાવા સરજાયેલું હૃદય સમૂળગું ફાટી કેમ ન ગયું? હું શું કરું ? મને અબોધને મરવાનો મોકો પણ ન મળી શક્યો.

"તને આપેલો કોલ તૂટે તે પહેલાં મરવા માટે ફાંફાં મારી જોયાં. પણ હાય વિધાતા! મરણ પણ મને ન મળ્યું. ચોવીસે કલાક પળેપળ મારી સાથે માણસો ગોઠવી દેવાયા ને મને બળાત્કારે લગ્નની ભઠ્ઠીમાં નાખી દેવામાં આવી. વધું શું લખું, ચ્યવન? રંભા તારે માટે મૃત્યુ પામી ગઈ છે. હું હવે રંભા નથી રહી. સાચી રંભા—ચ્યવનની પ્રિય રંભા તો લગ્નની ભઠ્ઠીમાં બળીને ભસ્મ થઈ ગઈ છે. હવે તું મને નાહક યાદ કરીને દુ:ખી ન થતો. તને સુખી જોવાને મારો આત્મા સદાય ઝંખશે. ઈશ્વર તને કોઈ બીજી કલ્યાણ-દાત્રી રંભા મેળવી આપશે.

"તારા પત્રો મળ્યા હતા, પણ હું નજરકેદમાં હોઈ પત્ર ન લખી શકી. કિરીટના ઘરમાંથી જ આજે આ પત્ર લખું છું. હજી પણ મરણનો મને મોહ છે. લગ્ન પૂર્વેનો જુસ્સો હવે મારામાં નથી રહ્યો. હું શું કરીશ તે મને નથી સમજાતું.

"ચ્યવન ! હું તો હવે જીવીશ તોયે મરેલી જેવી હોઈશ, પણ તું એક કામ કરજે. સમાજમાં બીજી રંભાઓ મારી

પેઠે પિતાની જહાંગીરીનો ભોગ ન થાય તેવું વાતાવરણ પેદા કરવામાં તું તારો ફાળો અર્પજે.

"હજી એક વાર, માત્ર એક જ વાર તારાં દર્શન કરવાની ઇચ્છા રહ્યા જ કરે છે. ચ્યવન! હું તારું પ્રિય ઇચ્છું છું, ને તું પણ જીવનભર મારું પ્રિય ઇચ્છયા કરીશ એમ માનું છું.

"મેં તારા હૃદય પર કારી ઘા કર્યો છે, પણ ચ્યવન! હું અસહાય બાળા શું કરું? મને માફ નહિ કરે? તારી ઉદાર માફીનો પત્ર મને જરૂર લખજે.

"પ્રેમીતણી ભૂલી જજે ભૂલ પ્હાડ જેવી,
પ્રેમીતણું સતત મંગળ ઉર સેવી;
જિવાય તો જિવી જશું બળતાં છતાંયે,
અન્યોન્યની બૂઝવવા ઉર આગ ભાઈ!

"આ પંક્તિઓ હૃદયમાં રાખી, ચ્યવન તું પણ જીવનમાં હામ એકઠી કરજે. કિરીટની ગૃહિણી બનેલી રંભા હવે બીજું તે શું લખે? રંભાની હૃદયકથની તો તારા હૃદયમાં જ લખેલી હશે, તે વાંચી લેજે.

"ચ્યવનભાઈ! હવે વધુ નથી લખતી. આ પત્ર મેં તને આંસુની હેલીમાં મહામુસીબતે લખ્યો છે. આ પત્રના અક્ષરો શાહીના નથી; આ પત્ર તો મેં તને મારા લોહીના અક્ષરે લખેલો છે.

લિ. પારકી બનેલી રંભા."

આ બોમ્બ જેવો પત્ર વાંચી ચ્યવનનું હૃદય ભાંગી ગયું. ચ્યવન ઉપર આકાશ તૂટી પડયું હોત તોપણ ચ્યવનને

આટલું દુઃખ અને વિસ્મય ન થાત. રંભાનું આવી રીતે લગ્ન થાય અને તે પણ કિરીટ સાથે, તેનો ખ્યાલ જ ચ્યવનને આવી શકે તેમ ન હતો. કિરીટ પર તેને ગુસ્સો પ્રગટ્યો. કિરીટ શું અબૂધ હતો કે તેણે રંભાને આમ બળજબરીથી ફસાવી? મિત્રધર્મ પણ તેને ન સૂઝ્યો? રંભાની તેને બહુ જ દયા આવી. ગરીબ ગાય જેવી રંભાની કેવી કફોડી સ્થિતિ થઈ હશે તેની તે કલ્પના કરી શક્યો. રંભાનો કાંઈ જ દોષ તેને ન લાગ્યો; ઊલટું રંભાના જીવન માટે ચ્યવનને ઊંડી ચિંતા થવા લાગી.

આંસુઓને જેમતેમ દાબી ચ્યવને ફરી રંભાનો પત્ર વાંચ્યો. ફરીફરીને ચાર પાંચ વખત તે પત્ર તેણે વાંચ્યો અને આંસુની અંજલી આપી. છેવટે તે સ્વસ્થ બન્યો, અને તટસ્થ દૃષ્ટિએ આખા પ્રકરણનો વિચાર કરવા લાગ્યો. કિરીટ પ્રત્યેનો તેનો રોષ ઊતરવા લાગ્યો. તે રંભાના પત્રમાંની પેલી પંક્તિઓ ગણગણવા લાગ્યો:

"પ્રેમીતણી ભૂલી જજે ભૂલ પ્હાડ જેવી,
પ્રેમીતણું સતત મંગળ ઉર સેવી;
જિવાય તો જિવી જશું બળતાં છતાંયે,
અન્યોન્યની બૂઝવવા ઉર આગ ભાઈ!"

ચ્યવને પોતાના હૃદયને ઉદાર ભાવોથી ભરી દીધું. રંભાના પતિ બનેલા મિત્રદ્રોહી કિરીટને તે મનથી માફી આપી ચૂક્યો. રંભા અને કિરીટ બંનેના શ્રેયની જાણે તેણે મનથી જ દીક્ષા લીધી. વખતે રંભા આવેશમાં જ આત્મઘાત ન કરી બેસે તે ખાતર ચ્યવને તેને એક ગંભીર ઉદાત્ત ભાવથી ભરેલો પત્ર લખ્યો અને પોતાની ખાતર

જીવવા અને કિરીટને જ સાચા પતિ તરીકે સ્વીકારી લેવા વિનંતિ કરી. કિરીટને પણ તેણે ઉદારતાથી શુભાકાંક્ષા પાઠવી અને રંભાનું અખંડ સૌભાગ્ય ઇચ્છયું.

પત્ર ફરી વાંચીને બીડી દીધા, અને જાણે કાંઇ જ ન બન્યું હોય તેમ સ્વસ્થ થઈ, ચ્યવન છાવણીમાંથી બહાર નીકળ્યો, ને જાતે જ પત્ર ટપાલમાં નાખી આવ્યો. પાછા વળતાં તે મનમાં નીચેની પંક્તિઓ ગૂંજી રહ્યો હતોઃ

"જિવાય તો જિવી જશું બળતાં છતાંયે
અન્યોન્યની બૂઝવવા ઉર આગ ભાઈ!"

પ્રકરણ નવમું

કિરીટની માંદગી

રંભાના લગ્નના દુઃખદ આઘાતથી રંભાની મા માંદી પડી. અનેક ઉપચારો કર્યાં છતાં તેની તબિયત સુધરી નહિ. લગ્ન પછી વીસ દિવસમાં જ ગરીબ માતા પરલોક સિધાવી. રંભાને માટે આ આઘાત પણ સખત હતો. પણ રંભા હવે જાણે પથ્થરની બની ગઈ હતી. તેણે મનમાં જ નિશ્વાસ નાખી કહ્યું હશે કે, 'માતા બિચારી સંસારમાંથી છૂટી!' આમ છતાંયે રંભા માતાની પાછળ અશ્રુપ્રવાહ તો રેલાવ્યે જ ગઈ. માતા જેવો મીઠો ખોળો પુત્રી માટે સંસારમાં અન્યત્ર ક્યાંય નથી. માતાની મીઠી હૂંફ જતાં કઈ પુત્રી દુઃખી ન થાય ? રંભા પણ દુઃખી તો થઈ જ, પણ તેના દુઃખથી પરિપૂર્ણ જીવનમાં દુઃખને નવી ભાત પાડવાની જગા જ ન હતી. કિરીટે પણ જોયું કે રંભા આંસુની મૂર્તિ બનેલી છે. તેને છંછેડવી ઇષ્ટ નથી, એમ માની તે દૂર જ રહેવા લાગ્યો.

હજી રંભાનું ચિત્ત સ્થિર નહોતું થયું. હજી વખતે તે આપઘાત કરી બેસે એ ડરથી પરિજનો સાથે ને સાથે

રહેવા લાગ્યાં. વારંવાર સગાંસબંધી અને બીજાઓ રંભાને આશ્વાસન આપીને તેનું મન કિરીટ પ્રત્યે દોરાય તેવો પ્રયાસ કરતાં. માણેક પણ આ કાર્યમાં પોતાનો હિસ્સો આપતી હતી. રંભા અન્યમનસ્ક બની સહુને ચુપચાપ સાંભળી રહેતી ને કશો જ જવાબ આપતી નહિ. તેના મુખ ઉપરથી હાસ્ય, વિનોદ, આનંદ અને ચંચળતા દિવસો થયાં ઊડી ગયાં હતાં. થોડા જ દિવસોમાં તે જાણે ઘરડી ડોસી જેવી બની ગઈ હતી. ઘડીઘડી વારે અશ્રુપાત એ જ તેનો વ્યવસાય થઈ પડ્યો હતો. આત્મઘાતના વિચારો પણ હવે તેને બહુ આવતા નહિ. કદાચ આવતા તોપણ તે વિચારોમાં ઉત્કટ જુસ્સો જણાતો નહિ.

કિરીટ પોતાના વિદ્યાભ્યાસ માટે શહેરમાં ચાલ્યો ગયો. રંભાને સાસુ તો હતી જ નહિ. કિરીટની માતા તેના બચપણમાં જ મરણ પામી હતી, એટલે બહારથી આવેલાં સગાંવહાલાં પણ ધીમેધીમે વિખેરાવા લાગ્યાં. ' દુઃખનું ઓસડ દહાડા ' એ ન્યાયે રંભા પણ પોતાના લગ્નજીવનને અનુકૂળ બની જશે, એમ અનુભવી સ્ત્રીપુરુષો સમજી ગયાં. રંભાના દુઃખની ઉગ્રતાનો વેગ પણ ધીમેધીમે ઘટવા લાગ્યો. કોઈ પણ વસ્તુ લાંબો વખત તેની છેલ્લી મર્યાદાએ ખડી રહી શકતી નથી. વેગની—ગતિની પરાકાષ્ટા આવી ગયા પછી શૂન્યતા જ રહે છે. શૂન્યતા ન આવે તો પછી વેગનો પારો ઊતરવા માંડે છે. રંભા પણ મરણને ભેટી ન શકી એટલે, અંતે તેના દુઃખનો વેગ ઘટવા લાગ્યો. જીવનની વિષમતા જાણે ધીમે ધીમે તેની મૈત્રી કરવા મથી રહી. જીવનભર સંસાર પ્રત્યે નાકનું ટેરવું ચઢાવીને નહિ જિવાય

એમ રંભાને પણ લાગ્યું. તેવામાં વળી તેને ચ્યવનનો પત્ર મળ્યો, ને તેણે જીવવા યોગ્ય આશ્વાસન તેમાંથી પણ મેળવ્યું.

ચ્યવને રંભાને જીવવાની પ્રેરણા આપી હતી તે રંભાને ગમી; કારણકે રંભાના અંતરતમ મનમાં પણ તે જ વિચારબીજ હતું. જિજીવિષા સંસારમાં અનેક અવનવાં રૂપ ધારણ કરીને માનવીને જિવાડે છે. રંભાને પણ તેણે જિવાડી લીધી. ઘરમાંથી માણસોનો ઘેરો ઓછો થતાં રંભાનું ચિત્ત પણ જરા હેઠું બેઠું. તે હવે શાંતિથી વિચાર કરી શકતી. ચ્યવનનો પત્ર તેણે અનેક વાર વાંચ્યો, અને જીવીને તેણે ચ્યવનને સુખી થયેલો જોવાની આશા સેવવા માંડી. ચ્યવનના ભાવી જીવનનાં સુખ અને સંતોષનાં સ્વપ્નો સેવતાં તે પોતાના જીવનની વિષમતા વિસરવા લાગી—કહો કે તે વિષમતા હળવી બનવા લાગી. 'દુઃખનું ઓસડ દહાડા' કહેનાર અનુભવી લોકો પણ આ સમજ્યા, અને રંભાના લગ્નની વાત લોકોને મન જૂની થવા લાગી.

રંભા, આમ પોતાને જે પાંજરામાં પૂરી હતી તેને અનુકૂળ થવા લાગી, છતાં તે કિરીટ પ્રત્યે જોવાની તો પરવા પણ કરતી નહિ. કિરીટે પણ તેને સમજપૂર્વક હલાવી નહિ. તે એક બે વાર રંભા સાથે વાતચીત કરવા તેની પાસે આવ્યો હતો, પણ રંભાએ તેને જવાબ ન આપતાં મુખ ફેરવી લીધું હતું. આથી કિરીટ રંભાની મનોદશા પરખીને ચાલ્યો ગયો હતો. કિરીટ ભણવા માટે શહેરમાં ગયા પછી પણ રંભા તેના માટે કાંઈ જ વિચારો કરતી નહિ. જાણે કિરીટ તેના જીવનમાં છે જ નહિ એમ તે વર્તતી હતી.

માતા વગરના પિતૃગૃહે રંભા હવે મુદ્દલ જતી નહિ. પિતા સાથે પણ ઉલ્લાસથી વાત કરતી નહિ. પિતાએ એક બે વાર તેને ઘેર તેડી જવા આગ્રહ કરેલો, પણ રંભાએ કહેલું કે, "હું હવે તમે જે કેદમાં નાખી છે, તે જ કેદમાં જીવનભર ઝૂરીશ. મને અહીં જ મરવા દો. ફરી મને આવો આગ્રહ કરશો તો હું મરી જઈશ. મારે ક્યાંય આવવું નથી."

રંભાના પિતાને આથી માઠું લાગ્યું. પત્ની તથા પુત્રીને ગુમાવ્યા પછી એ ઉગ્ર સ્વભાવના પિતાને પોતાની ભૂલ સમજાઈ, પણ હવે તે સમજ નિરર્થક હતી. તેમને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવી ગયો. તેમણે ગામ છોડીને સંન્યસ્ત લઈ કાશીવાસ કરવા વિચાર કર્યો. સગાંસંબંધીઓએ તેમને ઘણું સમજાવ્યા, પણ તે એકના બે ન થયા. તેમણે સંન્યસ્ત દીક્ષા લીધી ને ગામ પણ છોડયું. પથ્થર બની ગયેલી રંભાની આંખમાંથી પણ પિતાને વિદાય આપતી વખતે અશ્રુનો ફુવારો ફૂટી નીકળ્યો. પુત્રીને આશિષ આપી પિતાએ વિદાય લીધી. રંભા માટે હવે રતનપુરમાં શ્વશુરગૃહ સિવાય બીજું આશ્રયસ્થાન ન રહ્યું.

રંભા, ચ્યવને તેના છેલ્લા પત્રમાં લખેલી 'પડયું પાનું નિભાવી લે' એ પંક્તિ વારંવાર યાદ કરતી, ને આવી પડેલી સ્થિતિને અનુકૂળ થવા પ્રયાસ કરી રહી હતી; તેવામાં એક દિવસ ઓચિંતો કિરીટની માંદગીનો તાર આવ્યો. કિરીટનાં પિતા બેબાકળા બની ગયા. તે પહેલી જ ગાડીએ શહેરમાં જવા નીકળ્યા. રંભા આ માંદગીના સમાચાર પોતાને કાંઈ પણ નિસ્બત ન હોય તેમ સાંભળી રહી. કૃષ્ણાલાલ તે સમજ્યા, એટલે રંભાને વિશેષ કંઈ પણ કહ્યા

સિવાય તે શહેર તરફ ઊપડ્યા. રંભાના સસરાની એક ફૂરની સગી બાઈ રંભા સાથે ઘરમાં રહેતી હતી. તેણે વાતવાતમાં કિરીટના મંદવાડની ચિંતા દર્શાવી, તોપણ રંભાએ તે વાત મનમાં જ ધરી નહિ.

ત્રીજે દિવસે કૃષ્ણલાલ કિરીટને તેડીને રતનપુર આવ્યા. મંદવાડ ભારે વર્તાતો હતો. શહેરમાંથી રોજ ડૉક્ટર બોલાવવામાં આવતો. ગામ આખું કૃષ્ણલાલના કિરીટ માટે ચિંતાતુર બન્યું, પણ રંભા અમસ્તી કિરીટના પલંગ પાસે પણ ગઈ નહિ; તેમ કોઈ બીજા દ્વારા તેણે ખબર પણ પુછાવી નહિ. ત્રીજે દિવસે રંભાની સાથે રહેતી પેલી બાઈએ કહ્યું: " રંભા, તને કિરીટભાઈ બહુ જ યાદ કરે છે. વારે-ઘડીએ તને સંભારે છે. એક વાર તેમને મુખ તો બતાવ."

" મારે કાંઈ મુખ બતાવવું નથી." રંભા ભારપૂર્વક બોલી.

" માંદગી વધારે છે હો ! પછી પસ્તાવો થશે. સાચી સગાઈ એની જ છે." પેલી બાઈએ સમજ પાડી.

રંભા તે વાત ન ગણકારતાં ત્યાંથી ચાલી ગઈ. તેના મનમાં જરા લાગણી તો થઈ આવી, પણ કિરીટે પોતાની તરફ જે અન્યાય કર્યો હતો તે તેના માની સ્વભાવને ડંખતો હતો. કિરીટ બળજબરીથી પોતાને શિરે લદાયો હતો, તે વાત તેને ડંખી રહી હતી. આથી તે કિરીટ વિષે કાંઈ જ વિચાર કરવા પોતાના મનને ના પાડતી હતી.

" રંભાબુન ! હવે પડ્યું પાનું નભાવ્યા વન્યાં સૂટકો નથી." બીજે દિવસે માણેકે રંભાને હલાવી નાખી.

" આવાં નમેરાં શું થયાં છો ? દશ્મનનેય મરતી

વખતે તો લોક જોવા જાય સેં." માણેક ફરી બોલી.

"પણ મારે નથી આવવું." માણેકની આગળ દલીલ ચાલે તેમ ન હતી; એટલે રંભાએ છણકો કર્યો.

"બુન! હવે તો આ ખેલ પૂરો ભજવ્યા વગર સૂટકો નહિ થાય. ઉઠાં, મારી હાથે કિરીટભાઈ પાંહે ચાલાં. બચારા ત્રણ દિથી તમને જંખે સેં."

રંભાનું દિલ દયાની લાગણીથી જરા પીગળ્યું, છતાં તે બોલી: "હું ત્યાં આવીને શું કરું? મને એ નથી ગમતું. મારાથી એની ચાકરી તો નહિ જ થાય."

"એ કુણ કૅ'સે બુન? અમથાં તીયાં આવીને બેહો તો ખરાં. તમને બોલાવે તો જવાબ આલજો. બીજું કાંય નાં કરજો." માણેકે સમજ પાડી.

"પણ હું તારી સાથે જ ત્યાંથી પાછી આવતી રહીશ."

"ભલે, ભલે, ઇમ કરજો." માણેકે રંભાને હાથ પકડી ખેંચી અને તે કિરીટના ખાટલાવાળા ઓરડામાં જવા માટે મેડે ચઢવા લાગી.

"આ રંભા આવી છે; જો ભાઈ!" રંભાએ ખંડમાં પગ મૂક્યો તે સાથે જ કિરીટના પિતા બોલી ઊઠ્યા. રંભા જરા આઘું ઓઢી એક ભીંતને અઢેલીને બેસી ગઈ. કિરીટ મહાપ્રયાસે તકિયાને અઢેલીને બેઠો હતો. એક બાજુ એક પુરુષ ટેકો આપવા પાસે બેઠો હતો.

"રંભા! તું મારા પર રોષે ભરાઈ છે, ખરું? હું તારો ગુનેગાર!" કિરીટ બોલતાં બોલતાં શ્વાસ ચઢવાથી અટકી ગયો. રંભાની આંખો જમીન સાથે જડાઈ ગઈ.

દરદીને જોઈને તેના અંતરમાં કરુણા પ્રગટી. શ્વાસોશ્વાસ જોરથી ચાલતો હતો. જોનારને દરદીના જીવન માટે સંશય પેદા થાય તેમ હતું. રંભાને પણ તેવો સંશય પેદા થયો. રંભામાં રહેલું ઊંડું સ્ત્રીત્વ ખીલવા લાગ્યું અને અંતર દ્રવવા લાગ્યું.

"રંભા! બેટા! કિરીટ ત્રણ દહાડાથી તને ઝંખે છે. તું તેને માફ નહિ કરે? એ ઘડી ઘડી પૂછ્યા કરે છે ને મૂર્છિત થઈ જાય છે. બેટા! હવે મનનો રોષ કાઢી નાખો. આ વૃદ્ધ ઉપર દયા કરો ને મારા કિરીટને એક વાર ખબર પૂછીને જિવાડો." વૃદ્ધ કૃષ્ણલાલની આંખમાં આંસુ આવ્યાં. પાસે બેઠેલી બીજી બે સ્ત્રીઓ પણ આંસુ લૂછવા લાગી.

રંભાની આંખમાં પણ આંસુ દેખાયાં. પાષાણોમાંથી જાણે જાહ્નવી પ્રગટ્યાં. કિરીટને મોડો મોડો પણ પસ્તાવો થયો, એ તેને ગમ્યું. હવે કિરીટને વધુ તિરસ્કારીને પોતે શું પ્રાપ્ત કરી શકે તેમ હતી? વળી તેના જીવનનો ભરોસો પણ ન હતો. મરતા માનવીને તેની કાકલૂદી છતાં માફી ન આપવી એ કઠોર ધર્મ રંભાને ન ગમ્યો. કિરીટને બે બોલ કહેવાની પોતાની સ્પષ્ટ ફરજ તેને દેખાવા લાગી, પણ તેની જીભ ન ઊપડી. મૂંઝવણથી રંભાએ માણેક તરફ જોયું અને માણેક બોલી ઊઠી: "બુન! હવે વચાર શો કરો છો? ગઈ ગુજરી ભૂલી જાવ અને ભાઈને મરતા બચાવો."

"રંભા! દેવી! આ મરતા માનવી પર મહેર કરી એક વાર મારી પાસે આવ. હું તારા મુખનાં દર્શન કરી જાઉં

અને. . .” હાંફતો કિરીટ ફરી બોલી ઊઠયો. બોલતાં બોલતાં તેને ઉધરસ ચઢી આવી અને ગભરામણ થવાથી તેને સુવાડી દેવામાં આવ્યો. રંભા યંત્રવત્ ઊભી થઈ. તેને કોણે ઉઠાડી તે ન સમજાયું. તે કિરીટના ઓશીકા પાસે આવીને ચુપચુપ બેસી ગઈ. તેનાં કોમળ આંગળાં કિરીટના માથે રમવા લાગ્યાં.

“ રંભા બેટા, ધન્ય છે તારી કુલિનતાને. અમને બધાને માફી આપીને તો તેં ઉદારતાની હદ વટાવી દીધી છે.” કૃષ્ણલાલની આંખમાંથી પુનઃ આંસુ ટપકી પડયાં.

“ રંભાબુન કાંય અણહમજુ સે ? ઇમના જેવી ચતુરાઈ તો કોઈનામાં નથી.” માણેકે પૂર્તિ કરી.

કિરીટના કેશને પંપાળતી રંભા, આધું ઓઢેલું મુખ કિરીટ તરફ ઢાળી રહી હતી. જરા વારે કળ વળતાં કિરીટે તે જોયું ને બોલ્યો: “ રંભા, હવે હું સુખેથી મરીશ. તેં મને માફી આપી, ખરું ને ?”

“ મેં તમને જીવવા માટે માફી આપી છે; અને હું તમને જિવાડીશ જ.” રંભાએ ભારે બનેલી જીભને ગતિ આપી.

કૃષ્ણલાલ વ્યાસ આ દ્રશ્ય ન જોઈ શકયા. તેમની આંખો શ્રાવણભાદરવો વરસાવી રહી. તે ઊભા થઈ છજામાં ચાલ્યા ગયા. માણેક વગેરે સૌની આંખમાં પણ આંસુ આવ્યાં.

આ સ્ત્રીના સ્વભોગનું ઉદાત્ત દર્શન હતું કે ગુલામીના વારસાવાળી સ્ત્રીની ગુલામ મનોદશાનું પ્રકટીકરણ હતું, તે વિચારવા ત્યાં કોઈ જ નવરું ન હતું.

પ્રકરણ દસમું

કિરીટનો નવો મિત્ર

રંભાની વખતસરની સારવાર અને મીઠા શબ્દોની પ્રેરણાથી કિરીટ સાજો થવા લાગ્યો. ડૉક્ટરો પણ પોતાની કુશળતાના હવે વખાણ કરવા લાગ્યા. પણ કૃષ્ણલાલ વ્યાસ ડૉક્ટરોની કુશળતા કરતા રંભાની કુશળતાને વધારે માનથી જોવા લાગ્યા હતા. થોડા જ દિવસમાં કિરીટ હરતોફરતો થઈ ગયો. કિરીટનો મંદવાડ ગયો અને તેની સાથે રંભાના મનનો મંદવાડ પણ જતો રહ્યો. તેણે કિરીટના ઘરમાં પત્ની તરીકેની અમુક અમુક ફરજો પોતાની ગણી લીધી, અને મનનો જે રોષ ઊકળતો હતો તેને કામકાજથી ઠારી દીધો.

કિરીટ સાજો થઈ શહેરમાં અભ્યાસ માટે જવા તૈયાર થયો, પણ તે જાય તે પહેલાં કૃષ્ણલાલ બિમાર પડયા. પુત્રની પથારી પિતાએ સંભાળી લીધી. કિરીટનું જવાનું બંધ રહ્યું. માંદગીનો દેવતા જાણે આ ઘરમાંથી એક બળિ લઈને જ જવાનો નિશ્ચય કરીને આવ્યો હોય તેમ કૃષ્ણલાલને આરામ ન થયો. લાંબી માંદગીને અંતે તે

મરણ પામ્યા. તેમના મરણની સાથે કિરીટનો અભ્યાસ અને કોલેજ પણ ગયાં. કિરીટને માથે હવે ઘરસંસારની અને બીજી જવાબદારીઓ આવી પડી. કોલેજને તિલાંજલી આપી ગમે તે ધંધો કરવાનો તેણે નિશ્ચય કર્યો.

રંભાની સલાહ લઈને તેણે શહેરમાં સ્ટેશનરી, કટલરી વગેરેની મોટી દુકાન ખોલી. વારસામાં મળેલી સારી જેવી રોકડપૂંજી તેણે આ ધંધામાં રોકી દીધી. રંભાને તેણે પોતાની જોડે શહેરમાં આવી રહેવા જણાવ્યું, પણ રંભાએ રતનપુરમાં જ રહેવાની હઠ લીધી; એટલે કિરીટ એકલો શહેરમાં રહેવા લાગ્યો. અવારનવાર તે રતનપુર આવી જતો અને રંભાની ખબર કાઢી જતો. પણ આથી ધંધા ઉપર માઠી અસર થઈ. કિરીટ જેવા ખર્ચાળ યુવકને માથે શહેરમાં રંભાના અંકુશની જરૂર હતી. તે અંકુશ ન રહ્યો. તેમ જ રતનપુર જવાઆવવામાં અને નિરંકુશ મને મિત્રો જોડે ફરવામાં કિરીટ ધંધા તરફ લક્ષ આપી શક્યો નહિ. આનું પરિણામ હમેશ એક જ આવે છે. કિરીટનો ખીલતો ધંધો કરમાઈ ગયો. છતાં કિરીટે બહુ કાળજી લીધી નહિ. પરિણામે મોટી ખોટ સાથે ધંધો બંધ કરવો પડ્યો.

કિરીટે નવેસર બીજો ધંધો કરવા વિચાર કર્યો, પણ રંભાએ ના પાડી. છેવટે નાઇલાજે તેણે શહેરમાં નોકરી સ્વીકારી. ખોટ તો નહિ જ આવે એ ઇરાદે રંભાએ સંમતિ આપી. ફરી કિરીટે રંભાને શહેરમાં પોતાની સાથે આવી રહેવા કહ્યું, પણ રંભાને જીવનમાં ઊંડો રસ ન હતો. આથી તેણે ના પાડી ને રતનપુરમાં જ તે પૂર્વવત્ રહેવા લાગી.

શહેરમાં નિરંકુશપણે રહેતા કિરીટને એક વિચિત્ર મિત્ર મળી ગયો. તે મિત્ર કિરીટને માટે બહુ જ આકર્ષણુ અને રહસ્યનો વિષય થઈ પડ્યો. તેની વાતો, રીતભાત, વિચારો અને રહસ્યમયતા કિરીટને શીખવા જેવાં લાગ્યાં. મિત્ર પણ કિરીટને પોતાના રંગે રંગવા આતુર જણાયો. એ બંને વચ્ચે થોડા જ વખતમાં દૃઢ મૈત્રી જામી ગઈ. કિરીટના નવા મિત્રનો ઝોક હિંસાવાદ વડે દેશની મુક્તિ સિદ્ધ કરવા તરફ હતો. કિરીટને પણ આ ઝોક અને તેની ભેદી હિલચાલ આકર્ષક લાગવા માંડી. તે મિત્ર પાસે પોતાની શંકાઓ રજૂ કરતો અને મિત્ર તેનું દલીલો વડે નિવારણ કરતો.

અસહકારની લડતના નેતાએ ચૌરીચોરાનાં હિંસક તોફાનો થવાથી લડતને પાછી ખેંચી લીધી હતી. દેશમાં વિચિત્ર ક્ષોભ અને નિરાશાની લાગણી ફેલાઈ હતી. યુદ્ધઘેલા પણ સમજમાં કાચા યુવાનો હિંસક ચળવળ પ્રત્યે માન ધરાવતા બની રહ્યા હતા, અને અહિંસાની વાત કરનારને ગાંધીજીની પીછેહઠનું દ્રષ્ટાંત આપી ચૂપ કરી દેતા હતા. ચ્યવન લડત સંકેલાયા પછી રતનપુરમાં આવ્યો હતો. તેના જીવનમાં એક જાતની ગ્લાનિ છવાઈ ગઈ હતી. ભણુવાનો કે બીજી કાંઈ ઉત્સાહપ્રેરક પ્રવૃત્તિ કરવાનો હવે તેના મનમાં જુસ્સો રહ્યો ન હતો. પાષાણુની પ્રતિમા જેવો ચ્યવન ગામમાં આવી શાંત જીવન જીવવા લાગ્યો. ઘરની ખેતીવાડીની દેખરેખ રાખવી, છાપું વાંચવું, ખાવુંપીવું ને કદી કદી મિત્રોને પત્ર લખવા એ જ માત્ર તેનો વ્યવસાય બની રહ્યો હતો.

ગામલોકોમાં ચ્યવન અને રંભાના પ્રણયનો કિસ્સો

ખૂબ જાણીતો થઈ ગયો હતો. એટલે ચ્યવન રંભાને ક્વચિત્ જ મળતો. તે રંભાને માત્ર દૂરથી જોઈ આનંદ પામતો. તેની સાથે વગરકારણે વાતચીત પણ કરતો નહિ. ક્વચિત્ વાતચીત કરતો તો તે પણ લોકટીકાને પાત્ર ન થાય તે રીતે જ. પંચમુખી બ્રહ્મા જેવી લોકની જીભ રંભાના નિર્દોષ ગૃહજીવનને શંકિત નજરે ન નિહાળે તે ખાતર ચ્યવન કેવળ નિરસભાવે જીવન વિતાવવા લાગ્યો. રંભા પણ ચ્યવનની આ વલણ સમજી મનથી જ તેની કદર કરતી હતી.

ગાંધીજીની શાંત–અહિંસક ચળવળની પૂર્વે દેશમાં જે હિંસક બળો યુવક માનસમાં વ્યાપી રહ્યાં હતાં તે, ચળવળ મોકૂફ થયા પછી કંઈક અંશે પૂનર્જિવિત બન્યાં. કિરીટનો નવો શહેરીમિત્ર આવા હિંસક દળનો સભ્ય હતો. તેણે ધીમે ધીમે કિરીટના વિચારો સર કરી તેને પોતાનો ઓપ ચઢાવી દીધો.

"ગાંધીજીની શાંત અહિંસક ચળવળથી સરકાર ડરી ગઈ હતી એમ લોકો કહે છે, તે વાત તમે નથી માનતા ?" કિરીટે પોતાના મિત્રને પૂછ્યું.

"ના, તે વાત જ ખોટી છે. એવી વાતો ખરી માનીને જ આપણે આપણી સમજશક્તિનું દેવાળું જાહેર કરીએ છીએ." મિત્રે જવાબ આપ્યો.

"પણ એવી વાત તો ગાંધીજીના વિરોધીઓ પણ કહેતા હોવાનું સંભળાય છે." કિરીટે શંકા બતાવી.

"એનો સ્પષ્ટ અર્થ એ નથી થતો કે તેઓ ગાંધીજીને બનાવે છે ? અથવા તો ખરી વસ્તુસ્થિતિથી આપણને

અંધારામાં રાખવા એમ કહે છે?"

"એમાં શું અંધારામાં રાખવાના હતા?"

"મિત્ર, તમે ન સમજ્યા? વિરોધીઓ ગાંધીજીના પ્રયાસોને વખાણીને જ દેશમાં ફેલાતી હિંસક ભાવનાને લોકોને મન નિરુપયોગી મનાવવા મથે છે." મિત્રે સમજ પાડી.

"મારો એક તેજસ્વી બુદ્ધિનો મિત્ર ભાવીની ઉજ્જવળ કારકીર્દિ ફગાવી આ લડતમાં પડયો હતો. હવે ગાંધીજી તો ઠંડા થઈ ગયા અને એને કશું કરવાનું જ નથી રહ્યું." કિરીટ ચ્યવનનો દાખલો આપતાં હસી પડયો. તેને ખબર ન હતી કે, લડત સંકેલીને ગાંધીજીએ રાષ્ટ્રસેવકો માટે ઢગલાબંધ રચનાત્મક કાર્ય રજૂ કરી દીધું હતું.

"હું કહું છું ને કે, ગાંધીની લડત તેના ચક્રમ ભેજા ઉપર જ નિર્ભર છે. એ કહે ત્યારે લડો, ને ના કહે ત્યારે અમે તેવો રંગ જામવાનો હોય તોય અટકી જવું પડે. એવી લડતથી દેશનું દાળદર નથી ફીટવાનું. બુદ્ધિમાન યુવકોએ આ જાણીને અવસરે હિંસાને જ આરાધવીજોઈએ."

"પણ પ્રતિપક્ષીઓની હિંસાશક્તિ આપણા કરતાં અનેકગણી બળવત્તર છે તેનું કેમ?" કિરીટે પૂછયું.

"એ જ ગાંધીજીએ ફેલાવેલી ખોટી ભડક છે. વીરો એવો કાયરતાભર્યો વિચાર જ નથી કરતા."

"પણ એનો ખ્યાલ તો હોવો જરૂરી છે જ."

"આપણી હિંસા ગુપ્ત રીતે વ્યવસ્થિતપણે સારા દેશમાં ફેલાય તો તેને દાબવી અશકય થઈ પડે. એક જ ગુપ્ત હિંસાવાદી અનેક સૈનિકોના ફૂચા ઉડાવે તેવા રસ્તા શોધાયા છે."

"બોમ્બની વાત કરો છો ને ?" કિરીટની આંખ ચમકી.

"હા, એ બનાવવાની, ફેંકવાની કે ગોઠવવાની ક્રિયામાં હિંસક વીરોએ એવી તો નિપૂણતા પ્રાપ્ત કરી છે કે, તેમની સરસાઈ કોઈ પણ કરી શકે તેમ નથી."

"તમે એવા વીરોને ઓળખો છો ખરા?"

"કદાચ ઓળખતો પણ હોઉં." મિત્ર હોઠમાં હસ્યો.

"તો તમને બોમ્બ બનાવતાં પણ આવડે છે?" કિરીટે સ્મિત કર્યું.

"એ બહુ અઘરું નથી; તમને પણ આવડી જાય."

"ત્યારે મને કોઈ વાર શીખવશો ? હુંયે એવા દળમાં સામેલ થઈ જાઉં." પૂરો વિચાર કર્યા વગર કિરીટ બોલી ઊઠયો.

"તે શીખવા માટે તો દીક્ષા લેવી પડે છે દીક્ષા !"

"સાધુસંન્યાસી તો નથી બનવું પડતું ને ?" કિરીટ હસ્યો.

"તેથીયે કંઈક વધુ બનવું પડે છે. જીવતા મરવું પડે છે ને મરેલા જીવવું પડે છે." મિત્રે કિરીટનો મનોભાવ જાણી લઈને તેને પોતાની અસરમાં લેવા માંડ્યો.

"મને પણ એવી જ લડત ગમે. ગાંધીજીના રિસામણાંમનામણાંની લડત તો ખરેખર હાસ્યાસ્પદ છે." કિરીટ થોડી વાર વિચાર કરી બોલી ઊઠયો.

"તમે તે વિષે વિચાર કરી જોજો. આ વાત ગુપ્ત રાખજો. તમારો વિચાર થશે તો આપણે બંને કોઈ તેવી ભેદી ચળવળમાં સામેલ થઈ જશું." કિરીટને રહસ્યના

ચિંતનમાં જ ડૂબેલો રાખી મિત્ર ચાલ્યો ગયો.

કિરીટના માનસમાં લાંબા વખતથી એક વિચિત્ર ગ્રંથી બંધાઈ ગઈ હતી. ચ્યવન રાષ્ટ્રીય લડતમાં પડ્યો તે વખતે પોતે હાથ જોડીને બેસી રહ્યો, તેથી કિરીટનું મન લઘુતા અનુભવી રહ્યું હતું. દેશાભિમાનમાં પોતે ચ્યવનથી ઊતરતો નથી એમ તેના મનમાં લાગ્યા કરતું હતું. પણ પોતાનું દેશાભિમાનપણું કયા રીતે પ્રગટ કરવું તે તેને સૂઝતું ન હતું. રંભાની નજરે જ્યારે દેશાભિમાની લેખાતો ચ્યવન અધિક ગૌરવવાળો ગણાવા લાગ્યો ત્યારે કિરીટના મનને ઘણી જ બેચેની થયેલી. તે ગાંધીજીની લડતમાં તો પડી શક્યો નહિ, પણ કોઈ પણ રીતે દેશાભિમાનમાં ચ્યવનને પાછો પાડે તેવું અવનવું કરવા તેનું મન ઝંખ્યા કરતું હતું. રંભા અને બીજા લોકોને એક વખત તો બતાવી દેવું કે, ચ્યવન કરતાં પોતે દેશાભિમાનમાં ઓછો ઊતરે તેમ ન હતો. આવો ખ્યાલ કિરીટના મનમાં લાંબો વખત રહેલો ને તેના બળથી તેના માનસમાં તે વિચારની ગ્રંથી બંધાઈ હતી. તે વિચારગ્રંથી આ નવીન મિત્રના સહવાસથી જાગૃત બની. કિરીટ તે ગ્રંથીની પ્રેરણાનો પ્રેર્યો વગરવિચાર્યે હિંસક ચળવળમાં પડવા તૈયાર થઈ ગયો.

બીજે દિવસે પેલા મિત્રે કિરીટને હિંસાવાદને લગતાં બે પુસ્તકો વાંચવા આપ્યાં ને કહ્યું: “ આ તમે વાંચી જજો, ને પછી તમારા વિચારો મને જણાવજો.” કિરીટે એ બંને પુસ્તકો વાંચી કાઢ્યાં. તેમાં હિંસાવાદનો ઇતિહાસ અને તેની યોજનાઓની સફળતા વિષેની ચર્ચા હતી. ’૫૭ના બળવાની ઘટના તેમાં રોમાંચક રીતે વર્ણવેલી હતી. કિરીટ

તે પુસ્તકો વાંચી બહુ જ જોસમાં આવી ગયો. તેણે પોતાની જાતને એ દળમાં વહેલામાં વહેલી તકે સામેલ કરી દેવા નિશ્ચય કર્યો.

પેલા મિત્રને તેણે કહ્યું: "હું તો હવે હિંસકદળ-માં તાકીદે જોડાવા તૈયાર થઈ ગયો છું."

"તમારે કોઈની સલાહ તો નથી લેવીને ?" મિત્રે પૂછ્યું.

"ના." મક્કમપણે કિરીટ બોલી ઊઠયો.

કિરીટના ભાડાના મકાનમાં આ વાતચીત ચાલતી હતી. કિરીટનો દૃઢ નિશ્ચય જોઈ મિત્ર ઊભો થયો ને બોલ્યો: "અંદર ચાલો."

અંદર ઓરડામાં ગયા પછી તેણે પોતાની પાસેથી છૂપું ખંજર કાઢયું. પછી તે બોલ્યો: "મારો વિશ્વાસ આવે છે? હું જે રહસ્ય કહું તે જીરવી શકશો ?"

"હા." કિરીટે ટૂંકો જવાબ આપ્યો.

"એમાં ચૂક થયે આ ખંજરથી તમારો જાન લઈશ. બોલો, કબૂલ છે ?"

"કબૂલ છે." કિરીટે મક્કમતાથી જવાબ આપ્યો.

"તો સાંભળો, હું એક હિંસાવાદી મંડળનો સભ્ય છું. તમારે તે મંડળમાં આવીને દીક્ષા લેવી પડશે." હિંસા-વાદી મિત્રે કિરીટને પોતાની સાચી ઓળખ આપી, બધી સમજ પાડી.

પ્રકરણ અગિયારમું

‘ x ૨૧ ’ની સાથે

આઠેક દિવસ પછી મધરાતે કિરીટ સજ્જ થઈને હિંસાવાદી મિત્રની રાહ જોતો પોતાના મકાનમાં બેઠો હતો. અત્યારે તેને હિંસાવાદ સિવાય બીજા કાંઈ જ વિચારો આવતા ન હતા. રંભા યાદ આવતી. તે એવા જ ખ્યાલથી કે પોતે હિંસાવાદમાં ભળી નામના કાઢશે ત્યારે તે પોતાને યથાર્થ ઓળખશે. ઘણી જ અધીરાઈથી કિરીટ હિંસાવાદી મિત્રની રાહ જોતો બેસી રહ્યો. તે આવે એટલે તેની સાથે ગુપ્ત મંડળની બેઠકમાં જવાનું હતું. એ બેઠકમાં આજે કિરીટને હિંસાવાદની ગુપ્ત દીક્ષા મળવાની હતી.

ઘણી રાહ જોયા બાદ મિત્ર આવ્યો. તેણે ધીમેથી કિરીટ સાથે થોડી વાત કરી લઈ કિરીટના દૃઢ નિશ્ચયની ખાતરી કરી લીધી. “હજી તમે છૂટા છો; પછી છૂટા નહિ થવાય, માટે ફરી વિચારી જુઓ.” મિત્રે સૂચના કરી.

“મારે કાંઈ જ વિચાર નથી કરવો. હું મક્કમ છું.” કિરીટે જવાબ આપ્યો અને મિત્રની આંખમાં સંતોષ ચમકી ઊઠ્યો.

" તો ચાલો, અગ્નિસ્નાન કરી લ્યો," કહી મિત્ર આગળ થયો અને કિરીટ તેની પાછળ ચાલવા લાગ્યો.

શહેર છોડી કિરીટ તથા તેનો મિત્ર શહેરની દક્ષિણે આવેલા એક તળાવ પાસે આવ્યા. તળાવની સામી બાજુએ ગરીબ લોકોની વસ્તી, લાકડાની લાતીઓ, તાડીના માંડવા તથા એક બે દેવમંદિરોનું નાનકડું પરું હતું. મિત્રને અનુસરતો કિરીટ તે પરામાં ગયો. અંધારી રાત શમશમાકાર બોલી રહી હતી. તે વખતે પરામાં ભાગ્યે જ કોઈ લોકો જાગતા હતા. મિત્ર કિરીટ સાથે એક દેવમંદિર જેવા દેખાતા મકાનની પાછલી બારીએ આવી ઊભો રહ્યો. બારીનાં કમાડ બંધ હતાં. મિત્રે દ્વાર પર ટકોરા પાડયા ને દ્વાર ઊઘડયું. તેણે ધીમેથી પૂછયું: " કોણ ?"

" હું ' x ૨૧.' " મિત્રે જવાબ આપ્યો.

"સાથે કોણ છે ?" દ્વારપાળે ફરી પૂછયું.

" મિત્ર છે. એને મારી સાથે લાવ્યો છું." કિરીટના મિત્રે ખુલાસો કર્યો, અને બંનેને અંદર જવાની રજા મળી.

અંદર જતાં જ એક ભોંયરામાં ઊતરવાનું હતું. મિત્રની સાથે સાથે કિરીટ અંદર ઊતર્યો. ભોંયરાને તળિયે પહોંચતાં જ પેટ્રોમેક્ષની બત્તીથી ઝળહળતો એક વિશાળ ઓરડો કિરીટની નજરે પડયો. તે ઓરડામાં છ સાત ચટાઈઓ પાથરેલી હતી, અને પચીસેક યુવાનોનું ટોળું શાંતિથી ત્યાં બેઠેલું હતું. કિરીટને તથા તેના મિત્રને જોતાં જ ટોળામાંથી એક જણ આગળ આવ્યો. તેણે ખંજર સામે ધરી પૂછયું: " કોણ ?"

કિરીટના મિત્રે ખંજર તરફ પીઠ ફેરવી સ્થિરતાથી કહ્યું: "x ૨૧."

"બીજું કોણ છે? તેની બાંહેધરી આપો છો?" પેલાએ ફરી પૂછ્યું.

"હા, તે મિત્ર છે. મારી જવાબદારીથી તેને લાવ્યો છું." મિત્રે ખુલાસો કર્યો.

"ભલે, બેસી જાઓ," કહીને પેલો માણસ પાછો વળ્યો અને કિરીટ તથા તેનો મિત્ર 'x ૨૧' પણ ટોળામાં જઈ બેસી ગયા.

આ ટોળામાં પોશાકનો વિચિત્ર શંભુમેળો થયેલો હતો. એક બે ઇસમો હેટવાળા હતા, દશેક ઇસમો બેંગ્લોરી ટોપી અને રેશમી કોટ તથા ખમીસવાળા હતા, પાંચ છ ઇસમો ગાંધીકેપવાળા પણ હતા. કેટલાક ફેંટા તથા ફાળિયા-વાળા પણ હતા. બે મુસ્લિમ કેપવાળા યુવાનો કિરીટની પાસે જ જમણા હાથ તરફ બેઠેલા હતા. ડાબા હાથે બે ગ્રામ્ય પોષાકધારી યુવાનો બેઠા હતા. તે ધીમે સ્વરે અંગ્રેજીમાં વાતચીત કરી રહ્યા હતા. તે પરથી કિરીટને લાગ્યું કે તેમણે ગ્રામ્યવેશ માત્ર વેશપલટો કરવા જ પહેરેલો હશે. કિરીટના મનમાં ગર્વ અને કુતૂહલ ઊભરાઈ રહ્યાં હતાં. આ પ્રસંગ તેને ઘણો જ રોમાંચકારી લાગ્યો.

થોડી વારે મંડળના પ્રમુખ આવી પહોંચ્યા. તેમને સૌએ ઊભા થઈ માન આપ્યું. પ્રમુખે પોતાનું સ્થાન લીધું એટલે સૌ તેમની આસપાસ વર્તુલાકારમાં ગોઠવાઈ ગયા. ગ્રામ્ય પોષાકધારી એક યુવાને મીઠા છતાં બુલંદ અવાજે 'વંદે માતરમ્'નું ગીત ઉપાડયું અને ધીમા ભાવપૂર્ણ સ્વરે

તે સૌએ ઝીલી લીધું. તે પતી ગયા પછી એક હોટેલવાળા યુવાને ઊભા થઈ અંગ્રેજીમાં જ તૈયાર કરેલું મંડળનું ગયા ત્રણ માસનું નિવેદન વાંચ્યું.

એ નિવેદનની ભાષા ઘણે સ્થળે સાંકેતિક હતી, તોપણ કિરીટ એટલું તો સમજ્યો કે, હિંસાના પ્રચાર માટે મંડળે છેલ્લા ત્રણ માસમાં સારું કામ કરેલું છે. ધનિકો પાસેથી મંડળનાં કામ માટે બળજબરીથી પૈસા કઢાવ્યાનો, એક પોલીસ અફસરને સીધો દોર બનાવ્યાનો તથા ત્રણ નવા સભ્યો વધાર્યાનો તે નિવેદનમાં ઉલ્લેખ હતો. કિરીટને તે ઉલ્લેખો ખાસ આકર્ષક લાગ્યા.

છેવટે કિરીટના મિત્ર ' x ૨૧ 'એ પ્રમુખને પોતાના એક મિત્રને મંડળના સભ્ય તરીકે દાખલ કરવા વિનંતિ કરી. કિરીટને પ્રમુખે ધંધોરોજગાર, રહેઠાણ, અભ્યાસ વગેરે સંબંધી કેટલાક પ્રશ્નો પૂછ્યા. પછી દરેક સભ્યનો મત પૂછવામાં આવ્યો. કિરીટને દાખલ કરવાની બાબતમાં કોઈ સભ્યનો વાંધો જણાયો નહિ. પછી પ્રમુખે કિરીટને સમજ પાડવા માંડી.

"દેશની ગુલામી ફગાવી દેવા પરદેશી સરકારને હિંસાના એકત્ર પ્રયાસથી–બળવા વડે ઉથલાવી દેવા આ મંડળ સ્થપાયેલું છે. પ્રાંતેપ્રાંતમાં આવાં મંડળો ચાલે છે. તે બધાંને એક સૂત્રે સાંધવાના પણ પ્રયાસો થાય છે. ગુજરાતમાં આ અમારી પહેલી જ બેઠક આ સરહદના શહેરમાં રાખેલી છે. બે કચ્છી જુવાનો આ મંડળમાં છે, તેમને બાદ કરતાં તમે જ સૌથી પહેલા ગુજરાતી સભ્ય તરીકે આવો છો, તે આનંદની વાત છે. પણ સમજી લો કે

આ તરવારની ધારે ચાલવાનો માર્ગ છે. માથું ઉતારી આપીને જ આ મંડળમાં દાખલ થઈ શકાય છે. આજથી તમારું માથું ભારતમાતાને ધરી દેવું પડશે. મંડળ દ્વારા તે માથું ભારતમાતા તમારી પાસેથી ગમે ત્યારે માગશે. તે વખતે તે આનાકાની વગર આપી દેવું પડશે. તેમાં ભૂલ થયે મંડળ બળાત્કારે તમારું માથું ઉતારી લેવાની સત્તા ધરાવે છે, તે બરાબર સમજી લો. ભારતમાતા માટે ફના થવાની મહેચ્છા હોય, અગ્નિસ્નાનની ઘેલછા હોય, શહીદ થવાનો જુસ્સો હોય તો જ આ માર્ગે પગલાં માંડજો. પગલાં માંડ્યા પછી પાછા નહિ ફરાય તે પણ ધ્યાનમાં લઈ વિચારી જુઓ."

"મિત્ર ! પૂર્ણ વિચાર કરી જોઈ પછી તમારી ઇચ્છા સભા સમક્ષ પ્રગટ કરો." કિરીટના મિત્રે સલાહ આપી.

કિરીટને પ્રમુખના શબ્દો રોમાંચક લાગ્યા. સંસારમાં મોજશોખ કે વૈભવ હવે કિરીટ માટે રહ્યો ન હતો. રંભા ઠંડા પહાણા જેવી કિરીટને લાગતી હતી. પિતાનો પૈસો પણ નષ્ટ થઈ ગયો હતો. ગામમાં પ્રતિષ્ઠા પણ ઘસાઈ ગઈ હતી. આ સંજોગોમાં એક બાળકનો પિતા થયેલો કિરીટ ભાન ભૂલી બળવાવાદી ચળવળના રોમાંચકરે પ્રલોભનમાં પડ્યો. પોતની જાતને તે ભારતમાતાનો અનન્ય સેવક માની રહ્યો. તેણે વીર્ય અને ધૈર્યથી પોતાના અંતરને ભરી દીધું. ઉત્સાહપૂર્વક તે બોલી ઊઠ્યો: "હું મારું માથું સ્વેચ્છાથી મા ભારતીના ચરણે ધરાવું છું. મંડળ ચાહે ત્યારે તે માગી લે."

" ઉતાવળની જરૂર નથી. ક્ષણિક આવેશને વશ ન થશો. હજી પણ તમે અમારું રહસ્ય ગુપ્ત રાખવાનું વચન આપીને છૂટા થઈ શકો છો, પણ પ્રતિજ્ઞા લીધા પછી છૂટા નહિ થવાય; માટે દસ મિનિટ વિચાર કરી જુઓ." પ્રમુખે સલાહ આપી.

કિરીટને દસ મિનિટ વિચાર કરવા માટે આપવામાં આવી. તે દરમિયાન પ્રમુખે મંડળનું દફતરી કામ પતાવી લીધું. સભ્યો માંહે માંહે ગુપચુપ વાતો કરવા લાગ્યા. બધી વાતચીત અંગ્રેજી ભાષામાં જ ચાલતી હતી. કિરીટનો મિત્ર 'શ' જે મૂળ કચ્છી હતો તેણે દશ મિનિટ પછી કિરીટને કહ્યું: " હવે તમારો નિર્ણય જાહેર કરો, જેથી મંડળનું કામ આગળ ચાલી શકે."

" હું મારા નિર્ણયમાં મક્કમ છું. મારું માથું હું માતૃભૂમિને ચરણે સમજપૂર્વક ધરું છું. મને મંડળમાં દાખલ કરો." કિરીટે પ્રમુખ તરફ જોઈ ને કહ્યું.

" તમે કેટલા સહનશીલ છો—દેશ:માટે કેટલું સહન કરી શકશો, તેની અમારે ખાતરી કરવી પડશે." પ્રમુખે કહ્યું.

" હું તૈયાર છું." કિરીટ તુરત બોલી ઊઠ્યો.

પ્રમુખે ઇશારો કર્યો અને અંદરના ખંડમાં તૈયાર રાખેલી સળગતી સગડી તથા તેમાં તપવા મૂકેલો ધગધગતો લાલ લોખંડનો સળિયો બહાર લાવવામાં આવ્યાં. પ્રમુખે શાંત ચિત્તે કિરીટને કહ્યું : " ચાલો, આ સગડીમાં આ લાલચોળ લોખંડી સળિયો છે તેને તમારા હાથમાં પકડી લઈ એવડો વાળી બતાવો."

સભાજનો બધાય કિરીટ તરફ જોઈ રહ્યા. કિરીટ ઊભો થયો ને સગડી પાસે ગયો. તેનામાં જીવનનું બધુંયે વીર્ય ને ધૈર્ય આજ એકઠું થયું હતું. વેદના અને મૃત્યુ આજ તેને મન લઘુ બની ગયાં હતાં. ગૌરવપૂર્વક તેણે ધખધખતો સળિયો એક હાથે ઉઠાવ્યો. હાથની ચામડી સળગી પણ તેણે જરાય ચીસ પાડી નહિ. જેવો તે બીજે હાથે સળિયાનો વધુ લાલચોળ ભાગ વાળવા માટે પકડવા જાય છે કે તરત જ પ્રમુખે બાજની ઝડપે તરાપ મારી તેનો હાથ મચડી નાંખી સળિયો ભોંય નંખાવી દીધો. સભામાં તાળીઓ પડી. પ્રમુખ ગૌરવથી બોલ્યા: "શાબાશ! ગુજરાતમાં પણ વીરોની સહનશીલતા છે જ."

કિરીટના હાથમાં કાળી લાહ્ય ઊઠતી હતી, પણ પ્રસંશાના વેગમાં તેની પરવા કર્યા વગર તે સ્થિર ઊભો રહ્યો. કચ્છી મિત્રે તો તેને પ્રેમથી પોતાની પાસે બેસાડી દીધો.

કિરીટ માટે બધાને માન પેદા થયું. તે પછી કેટલાંક રહસ્યો સમજાવી પ્રમુખ તથા પેલો કચ્છી જુવાન કિરીટને બાજુના ઓરડામાં લઈ ગયા. ત્યાં ભારત માતાનું એક મોટું દીવાલચિત્ર ગોઠવેલું હતું, તેની આગળ ઘીનો દીવો તથા ધૂપ કરેલો હતો. માતાના એક હાથમાં ખપ્પર હતું અને બીજા બે હાથમાં દુશ્મનોનાં રક્ત નીગળતાં માથાં હતાં. ચોથા હાથમાં ત્રિશૂળ પકડેલું હતું. માના મુખ ઉપર પણ જોગણીના જેવી પ્રલય રમણા રમી રહી હતી. ચિત્રની પાછળની દીવાલ પર એક રમૂજી દૃશ્ય હતું. મા ભારતીનાં વક્ર નેત્રોના તાપથી પરદેશી કોમ જાણે દાઝતી હોય તેમ ભડકીને ડરતી ડરતી પાછી હઠતી હતી અને વહાણોમાં બેસી

નાસભાગ કરતી હતી. આ દૃશ્ય જોઈ કિરીટ મનમાં જ આનંદ પામ્યો. "ક્યાં ચ્યવનની નમાલી દેશભક્તિ અને ક્યાં આ મરજીવાનો ફના થવાનો આદર્શ ?" કિરીટ પુલકિત બની મનમાં જ બબડી ઊઠ્યો.

પ્રમુખે ભારત માતાની સમક્ષ કટારની સાક્ષી રાખી કિરીટને વફાદારીના સોગન લેવરાવ્યા. કચ્છી જુવાને પ્રમુખની આજ્ઞાથી તેને બળવાવાદી મંડળની બધી પ્રતિજ્ઞાઓ સમજાવી અને તે ધારણ કરાવરાવી. કિરીટે આનંદપૂર્વક નવા વિધિમાં ભાગ લીધો. તેને જાણે આજે પોતાનો નવજન્મ થતો હોય તેમ લાગ્યું. વાસ્તવિક જગતથી કોઈ નવા જ જગતમાં જાણે પોતે પ્રવિષ્ટ થયો હોય તેમ કિરીટ અનુભવી રહ્યો. છેવટે કિરીટને માતા સમક્ષ 'વંદે માતરમ્' બોલાવી બહાર લાવવામાં આવ્યો. બહાર આવ્યા પછી દરેક સભ્ય સાથે હાથ મિલાવીને તે પોતાની જગાએ બેસી ગયો.

મંડળના મંત્રીએ રજિસ્ટરમાં કિરીટના નામની નોંધ કરી લીધી. તે પછી કિરીટને મંડળના ગુપ્ત સંકેતો, નિશાનીઓ તથા ઉપનામોની સમજ પાડવામાં આવી. કિરીટને પોતાને પણ ભેદી સંજ્ઞા આપવામાં આવી, ને તે નોંધી લેવામાં આવી. બાદ મંડળનું કાર્ય કેવી રીતે ચાલતું હતું તેનો કિરીટને ખ્યાલ આપવામાં આવ્યો. કિરીટને મંડળના સંબંધમાં કેવી રીતે રહેવાનું તથા તેના આદેશો કેવી રીતે ઉઠાવવા તેની પણ ઝીણવટથી સમજ આપવામાં આવી.

બધું પતી ગયા પછી સમૂહબદ્ધ 'વંદે માતરમ્' ગવાયું. બાદ પાંચ પાંચ માણસો ભોંયરામાંથી થોડી થોડી વારે બહાર જવા લાગ્યા. અર્ધો કલાકમાં સભાસ્થાન ખાલી થઈ ગયું.

પ્રકરણ બારમું

રંભા ચમકી

બળવાવાદી ચળવળમાં ભળેલો કિરીટ હવે નોકરી પ્રત્યે ઉદાસીન રહેવા લાગ્યો. હિંદની મુક્તિનાં સ્વપ્નાં સેવતા આ યુવાનને ગુલામી ખૂંચવા લાગી; છતાં ઉઘાડા પડી ન જવાય તે ખાતર તેણે નોકરી નિભાવ્યા કરી. પણ શેઠને તેની શિથિલતા પસંદ પડી નહિ. એક બે વાર તેને કામકાજની બેપરવાઈ માટે તાકીદ આપવામાં આવી, પણ કિરીટ સુધરી શક્યો નહિ. પરિણામે તેને નોકરીમાંથી રજા આપવામાં આવી. બેકાર બનેલા કિરીટે બીજી નોકરી માટે પ્રયાસ કર્યો, પણ તેને લાયક નોકરી જલદી મળી શકી નહિ.

કિરીટની આર્થિક સ્થિતિ હવે પહેલા જેવી રહી ન હતી. પિતાની મૂડી પૂરી થઈ હતી. ઘેરથી કાંઈ મદદ મળે તેમ ન હતી. તેણે આજ સુધી કાંઈ બચાવ્યું પણ ન હતું. રંભાને પણ કમાઈને કોઈ દિવસ કાંઈ રકમ આપી ન હતી. શાંત રંભા ગામડામાં ખેતીવાડીની ઊપજ ઉપર પોતાનો ગુજારો ગૌરવભરી રીતે જેમતેમ ચલાવતી હતી. આ સ્થિતિમાં કિરીટ મૂંઝાવા લાગ્યો. શું કરવું તેની તેને સૂઝ ન પડી. મૂંઝાયેલો

કિરીટ રતનપુર આવ્યો. ચાર પાંચ દિવસ થઈ ગયા છતાં પાછા શહેરમાં જવાની કિરીટે કોઈ જ તૈયારી બતાવી નહિ. રંભાને આથી આશ્ચર્ય થયું. બીજા બે દિવસ વીત્યા છતાં કિરીટે જવાની વાત કાઢી જ નહિ.

"તમે નોકરીની લાંબી રજા લીધી છે કે શું?" રંભાએ પૂછ્યું.

"હા, ઘણી જ લાંબી રજા લીધી છે." કિરીટ લુખ્ખું હસ્યો.

"એટલે?" રંભા નેત્ર સ્થિર કરી જોઈ રહી.

"એટલે શું? કદીયે પૂરી ન થાય તેટલી રજા મેં લીધી છે." કિરીટ ફરી લુખ્ખું હસ્યો અને રંભાના ખોળામાંથી પોતાના બાળપુત્રને ઉપાડી લઈ રમાડવા લાગ્યો.

"તમે તે કેવા માણસ છો? વાત પણ કરતા નથી. નોકરી કેમ છોડી દેવી પડી?" રંભાએ ઠપકાભરી મીટ માંડી.

"છોડી છે ક્યાં? આપોઆપ છૂટી ગઈ."

"તો હવે શું કરવું છે? હવે તમારે પેટ વસ્તાર પડ્યો છે તેની તો ચિંતા રાખો!" રંભાએ ઠપકો આપ્યો.

"બીજો કાંઈક ધંધો કરવાનું મન થાય છે: તું થોડા પૈસા આપીશ?" હાથમાં તેડેલા બાળકને ઝૂલાવતાં કિરીટ પૂછવા લાગ્યો.

"હવે ઘરમાં ક્યાં કાંઈ રહ્યું છે તે હું આપું? બાપુજીના બધા પૈસા તો તમે ઉડાવી નાખ્યા, હવે પૈસા ક્યાંથી કાઢું?" રંભા ખિન્ન સ્વરે બોલી.

"મારા બાપુજીના ઉડાવી નાખ્યા, પણ તારા બાપુજીના પૈસા તો હજી છે ને?" કિરીટ નફટાઈથી હસ્યો.

" ઓ બાપ ! તમે તો કેટલા બૂરા છો ? હવે તે પૈસામાં તમારી નજર ખૂંપી લાગે છે, પણ હું તે વાત માનવાની નથી. રણીકમાર્ઈને વાપરવા હોય તે પૈસા વાપરો. એ પૈસા હું એમ ઉડાવવા નહિ આપું."

" તો શું હું ભીખ માગવા જઈશ ? ધંધો બરોબર ચાલશે એટલે તને પાછા વાળી દઈશ."

" મને તમારામાં એટલી શ્રદ્ધા નથી." રંભા નીચી નજરે બોલી. તેના મનમાં કિરીટના વર્તનથી ઊંડી વેદના થઈ રહી હતી.

" તું તો સદાય એવું જ કહેતી આવી છે; પણ છેવટે તું માનવાની તો ખરી જ. માત્ર પાંચસો રૂપિયા આપ. વધુ ન જોઈએ."

" હજાર માગોને ! પાંચસો તો ઓછા પડશે." રંભા હસી.

" ઓછા તો પડશે જ; પણ તું અધિરાઈ બહુ રાખે છે ને !" કિરીટ હસ્યો.

કિરીટ વધુ બે દિવસ રોકાયો અને ત્રીજે દિવસે રંભાને પટાવી, તેના બાપે રંભાને નામે મુકાવેલ રકમમાંથી રૂપિયા ત્રણસો લઈ ને શહેરમાં ચાલ્યો ગયો. જતી વખતે તેણે રંભાને બહુ જ મીઠાશથી નાનકડો પણ સારો ધંધો જમાવી કમાણી કરવાની આશા આપી. રંભાને તે આશામાં બહુ વિશ્વાસ ન હતો, છતાં તે પતિની કાકલૂદી અવગણી શકી નહિ અને તેણે દયાથી પ્રેરાઈ પૈસા આપ્યા.

કિરીટની વિદાય પછી થોડી વારે ચ્યવન રંભાને ત્યાં આવી પહોંચ્યો. રંભાને પુત્રપ્રસવ થયા પછી કિરીટ અને

રંભાનું જોડું લોકોની દૃષ્ટિએ સુખી ગણાવા લાગ્યું હતું. ચ્યવન પણ હવે રોજ રંભાના બાળકને રમાડવા એક વાર આવી જતો, ને ઓસરીમાં બેસી રંભા સાથે થોડી વાતચીત કરી બાળકને ખેલાવી ચાલ્યો જતો. કિરીટની હાજરીમાં કિંવા ગેરહાજરીમાં તેનું આગમન નિયમિત ચાલુ રહેતું. કિરીટ હોય ત્યારે તે કિરીટ પાસે બેસતો ને કૉલેજ–જીવનની જૂની વાતોના તડાકા બંને મિત્રો મારતા. રંભા સાથે તો ઋતુની, તેના બાળકની, કિરીટની અને બીજી પ્રાસંગિક વાતો જ થતી. પૂર્વજીવનના પ્રેમના દટાઈ ગયેલા પ્રસંગને તેમાંથી કોઈ પણ યાદ કરતું નહિ.

રંભા પણ સાવ ઠરેલ બની ગઈ હતી. પુસ્તકો વાંચવાની ટેવ તેણે છોડી દીધી હતી. વર્તમાનપત્ર વાંચવાં પણ બંધ કર્યાં હતાં. તેને એ બધી બાબતોમાં જરાય રસ રહ્યો ન હતો. કિરીટનું ઘર ચલાવવું ને દહાડા કાઢવા એ જ જાણે તેનો વ્યવસાય બની ગયો હતો. ભણેલું તે ભૂલી ગઈ હતી—ભૂલવા મથી રહી હતી. કોઈ અજાણ્યો માણસ, રંભા ભણી હશે—અને તે અંગ્રેજી પણ ભણી હશે તેવું રંભાને જોઈને તો ભાગ્યે જ માની શકે, તેવી તે બની ગઈ હતી. ટૂંકમાં કહીએ તો રંભા રંભા રહી જ ન હતી; છતાં રંભાનો દેહ સાબૂત હતો એટલે એ રંભા કહેવાતી.

"કિરીટ ચાલ્યો ગયો કે શું?" ચ્યવને આવતાં-વેંત જ રંભાને પૂછ્યું.

"હા, કેમ કાંઈ કામ હતું?" રંભાએ ચ્યવનની પ્રશ્ન કરવાની ઢબથી કુતૂહલવશ થઈ પ્રતિપ્રશ્ન કર્યો.

"મારે તેને જરા ખખડાવવો હતો, પણ હવે તો તે ગયો." ચ્યવન નિરાશ સ્વરે બોલ્યો.

"ખખડાવ્યે એમને ક્યાં સાન આવે તેમ છે? શહેરમાં રહીને ઊલટું ઘર ખાલી કર્યું." રંભાએ બળાપો દર્શાવ્યો.

"એટલું કરીને અટક્યો હોત તો તો સારું હતું."

"તો વળી બીજું એથીયે બૂરું કાંઈ કરે છે કે શું?" રંભા ચમકી ઊઠી.

"માટે જ તો મારે એને ઠપકો આપવો હતો."

"તે એવી શું બીના છે? મને કહો તો ખરા." રંભા આતુર બની.

"તને કહેવાથીયે શું? તું વધુ દુઃખ પામીશ." નિરાશ મને ચ્યવન બોલ્યો.

"નહિ ચ્યવનભાઈ! મને કહેવું જ પડશે." રંભાએ આગ્રહ કર્યો.

"તો અંદર ચાલ. અહીં એ વાત કરવા જેવી નથી."

ચ્યવન અને રંભા અંદરના ખંડમાં ગયાં. ચ્યવને ધીમેથી કહ્યું: "રંભા, એ બેવકૂફ બળવાવાદી ચળવળમાં ભળ્યો છે. હિંસાવાદની ચળવળમાં દાખલ થયો છે, એમ મને વહેમ પડ્યો છે."

"હાય, હાય! એ રસ્તે ક્યાંથી ચઢ્યા?" રંભા ચમકથી બોલી ઊઠી.

"ચક્રમને વળી રસ્તો શું શોધવો હતો? પણ તું હવે આ વાત ગુપ્ત રાખજે. હું શહેરમાં જઈશ ત્યારે તેને ઠપકો

આપીશ, ને છુટાય તેવું હશે તો છોડાવીશ." ચ્યવને આશ્વાસન આપ્યું.

ચ્યવને પછી તે ચળવળની ગંભીરતા રંભાને સમજાવી, તથા એ વાત બહુ જ ગુપ્ત રાખવાની પણ તાકીદ કરી અને રંભાની ગોદમાંથી ઝૂકતા બાળકને મીઠી ટાપલી મારી તે ચાલતો થયો.

પ્રકરણ તેરમું

ચ્યવનનો ટેક

ગરીબ ગાય જેવી બની ગયેલી રંભા ચ્યવને જણાવેલી વાત જાણી બહુ જ દુઃખ પામી. કિરીટમાં તેનો પતિભાવ જામ્યો હતો. કિરીટના સુખદુઃખમાં સમાનતા તે લાંબા વખતથી અનુભવતી હતી, અને તેથી જ તેણે કિરીટને દુઃખ ન પડે તે ખાતર સસરાની પૂંજીના તેમ જ પોતાના બાપની પૂંજીના પૈસા પણ ઉદારતાથી આપ્યા હતા. પણ અભાગિયો કિરીટ હાથે કરીને જે આફતમાં ઊતર્યો હતો તે આફતનો તો તેને ખ્યાલ જ ન હતો. અને તે આફત પણ કેવી ? સળગતા અગ્નિમાં હાથ નાંખવા જેવી એ બેવકૂફી હતી. એમાંથી પતિને પાછો વાળવો એ પણ સહેલું ન હતું, એ પણ રંભા સમજી. માબાપ તથા સાસુસસરાની ઓથ વગરની અસહાય રંભા ચોધાર આંસુએ રડવા લાગી. પતિને માટે શું ઉપાય થઈ શકે તેનું તે જળતા જિગરે ચિંતવન કરવા લાગી.

ચ્યવન પણ કિરીટના આ સાહસથી દુઃખી થયો. રંભાના ગૃહજીવનમાં એથી જે મોટો આઘાત કલ્પી શકાતો

હતો તે ચ્યવનને માટે પણ દુઃખદ હતો. ચ્યવન રંભાને સુખી જોઈને રાચવા માટે જ જીવતો હતો. બાળસખી રંભાને સુખમાં મહાલતી જોવાના ચ્યવનને કોડ હતા. રંભાને જીવનભર કોઈ રીતે ઉપયોગી થઈ શકે તો થવા ખાતર જ તે ગામમાં રહ્યો હતો. ચ્યવનના ઘરમાં તેની વૃદ્ધ માતા તથા એક બહેન હતાં. બહેન વિધવા હોઈ માતાની ચાકરી કરવા માટે ભાઈને ત્યાં જ રહેતી. ચ્યવન પરણે અને ઘરમાં ભાભી આવે તો તે પોતાના કાર્યમાં મદદગાર થાય એવું બહેન ઇચ્છતી હતી, પણ ચ્યવન બહેનની તે ઇચ્છાને અનુકૂળ ન જણાયો.

ચ્યવન ભણતો ત્યારથી તેની માતા ચ્યવનના લગ્નની વેતરણમાં પડી હતી, પણ લાડકા ચ્યવને માતાને પોતે બી. એ. પાસ થઈ જાય ત્યાંસુધી ધીરજ ધરવાનું સ્પષ્ટ કહ્યાથી માતા ઝંપી ગઈ હતી. વળી તે દરમ્યાન ચ્યવન તથા રંભાનો મેળ જોઈ રંભાની માતા પણ એક બે વાર 'એ બેની જોડી રૂપાળી થાય હો !' એમ બોલી ગયેલી, તે પરથી ચ્યવનની માતા તથા બહેન રંભા પોતાના ઘરમાં આવશે એવી આશા સેવતાં થયાં હતાં. પરંતુ ચ્યવન લડતમાં ગયો અને માદીકરીની એ આશા ધૂળમાં મળી. રંભા પર તેનાં માબાપનો જુલમ ગુજર્યો ને તેને કિરીટ સાથે પરણાવી દેવામાં આવી.

ચ્યવન લડતના કાર્યમાંથી છૂટો થઈ ઘેર આવ્યો એટલે ઘરડી માએ તેને આંસુથી નવડાવી દીધો. વારંવાર પુત્રને ડિલે હાથ ફેરવી તેના કુશળવર્તમાન પૂછ્યા. ચ્યવન થોડો-ઘણો સ્વસ્થ થયો ન થયો ત્યાં તો ડોશીમા બોલ્યાં: " બેટા, હવે હું મરવા બેઠી છું. વહુનું મોં જોયા સિવાય મારો જીવ ગતે નહિ જાય હો ! "

" બા, એટલી બધી શી ઉતાવળ કરો છો ? હું તે કંઈ ઘરડો થઈ ગયો છું ? " ચ્યવને માતાને શાબ્દિક આશ્વાસન આપ્યું; પણ તે આશ્વાસન સાચું ન હતું. રંભાને પ્રેમનો કોલ આપી ચૂકેલો ચ્યવન, રંભા હાથથી ગયા છતાં પણ પોતાનો કોલ તોડવા નહોતો ઇચ્છતો.

" ભાઈ, હું ઘરડી થઈ છું તે તો સમજ. હું નહિ હોઉં તે દિવસે તારી કાળજી કોણ લેશે ? " ડોશીની આંખ ફરી ભીની થઈ.

" ઠીક બા, અત્યારે તો એ વાત નથી. હું હવે જાતે જ એ વાત વખત આવ્યે ઉપાડી લઈશ. "

" હું એટલું જ માગું છું. મામા પણ તારા આવવાની વાટ જોઈને બેઠા છે. " માતાએ સંતોષથી વાત પડતી મૂકી.

પણ માતાનો આ સંતોષ નકામો નીવડ્યો. દિવસો વીતવા લાગ્યા, પણ ચ્યવને પોતાના લગ્નની વાત ઉપાડી જ નહિ. મામાને પણ સાફ ના પાડી દીધી. " હું હવે લગ્ન માટે લાયક રહ્યો નથી, " એટલો ટૂંકો જ જવાબ તેણે મામાને આપી દીધો. મામાએ રતનપુર આવી ચ્યવનને ઘણું સમજાવ્યો. ડોશીએ બહુ જ અશ્રુપાત કરી પુત્રને વીનવ્યો, પણ ચ્યવને ન જ માન્યું. જ્યારે માતાએ બહુ જ હઠ કરવા માંડી ત્યારે કંટાળી ગયેલો ચ્યવન બોલી ઊઠ્યો: " બા, હું જે વાત પસંદ નથી કરતો, ને જેની હું સાફ ના પાડું છું, તે જ વાત જો તમે ફરી ફરી કરશો તો હું ઘર છોડીને ચાલ્યો જઈશ. "

" બેટા, આ ઉંમરેય મારી દયા નથી આવતી ? " માતાએ પુત્રને પિગાળવા પ્રયાસ કર્યો.

" આવે છે ત્યારે તો હું ઘેર આવીફરીને ઘરમાં રહ્યો છું; તેમ ન હોત તો પરભાર્યો સાધુવેરાગી બની જાત. સંસારમાં મને હવે જરાય રસ નથી; માટે તે વાત ન સંભારવી." ચ્યવને સ્પષ્ટતા કરી.

" હાય, હું અભાગણી આ દુઃખ જોવા શે જીવી ?" માતાએ કપાળ કૂટયું.

" ભાઈ, આ રોઈરોઈને આંધળી થશે હો!" બહેને ચ્યવનને મૃદુ શબ્દોથી વીનવવા પ્રયાસ કર્યો.

" તેને હું શું કરું ? શા માટે તે રડે છે ?" ચ્યવને અણુગમો દર્શાવી પ્રશ્ન કર્યો.

" તું લગ્ન કરવાની હા પાડ. ભલે તારી મરજી ના હોય, પણુ અમારી દયા ખાતર લગ્નની હા પાડ. ભાભી વિના મારું આંગણું નથી શોભતું, ભાઈલા !" બહેનની આંખ ભીની થઈ.

" બહેન, મારાથી જે વાત નથી બનવાની તે વાત વારંવાર કરવાથી શો ફાયદો ?"

" ભાઈ, આ હઠ ખોટી છે. તું રંભાના દુઃખ ખાતર આટલું બધું આકરું વ્રત લે છે એ હું જાણું છું હો ! પણુ રંભા દુઃખી નથી. તું એ ભ્રમણા છોડી દે." બહેને ભાઈના હૃદયની નીકટ જવા પ્રયાસ કર્યો.

" ગમે તે હોય, હું તો જીવનભર કુંવારો જ રહીશ. અને તું અને બા નહિ હો તે દિવસે સંન્યાસી થઈ ચાલતો થઈશ." હૃદયને સખ્ત બનાવી ચ્યવન બોલી ઊઠ્યો.

" ભાઈ, છતા દીકરે બાપનું નામ જશે ? હું તારી આગળ ખોળો પાથરું છું." બહેન રડવા લાગી.

" મને આ નથી ગમતું. જા આંહીંથી," કહીને ચ્યવન ઊભો થઈ ત્યાંથી ચાલ્યો ગયો. દ્રવી જતા હૈયાને તેણે

સંકલ્પરૂપી મોટા પથ્થરની વાડથી બદ્ધ કરી દીધું. માનવી સંકલ્પરૂપી કિલ્લા સાબૂત ન રાખે તો લાગણીરૂપી તીરો હૃદયને ભેદ્યા વગર રહેતાં નથી, ચ્યવન એ સમજતો હતો.

ચ્યવન લગ્ન માટે ધસીને ના પાડે છે, એ વાત આખા ગામમાં પ્રસરી ગઈ હતી. રંભાને કાને પણ તે વાત આવી. રંભાને ન પરણી શકવાથી નાસીપાસ થયેલો ચ્યવન હવે પરણવાની ના પાડે છે, એમ પણ લોકો કહેવા લાગ્યા. રંભાને પણ આ વાત સત્ય લાગી. ચ્યવન પરણીને સુખી થાય એમ તે ઇચ્છતી હતી. પોતાની બેવફાઈ—નાદાનિયત જે કાંઈ કહો, તેની પાછળ ચ્યવન આજીવન કૌમાર પાળે તે રંભાને ભીષણ લાગ્યું. પોતે જીવી ચ્યવનને પણ જીવાડવા માગતી હતી. પણ તે શુષ્ક વીતરાગ જેવું જીવન જીવે તે રંભાને હરગિજ ગમે તેમ ન હતું. તે વખતની પરિસ્થિતિ જોતાં ચ્યવન સાથે લાંબો વિવાદ કરવો રંભાને માટે શિષ્ટાચાર વિરુદ્ધ હતો—રંભા પોતે પણ સંકોચ અનુભવતી હતી, છતાં તે ચૂપ તો ન જ રહી શકી. મામાજીને ત્યાં જવાને બહાને તે એક દિવસ ચ્યવનની શેરીમાં જઈ પહોંચી. તક સાધી તેણે ચ્યવનને પોતાને નામે જીવનભર ન ઝૂરવા પ્રાર્થના કરી, પણ તે વ્યર્થ ગઈ.

" તારે તે જોવાનું નથી. તું મૂર્ખ ન બનતી, " એટલો જ લુખ્ખો જવાબ ચ્યવને તેને આપ્યો.

રંભા નિરાશ થઈ. તેના દુ:ખી હૃદયમાં એક વધુ વેદનાની તક પડી ગઈ. ભગ્ન પગે ને હૈયે તે ઘેર પાછી ફરી.

રંભાનો પુત્ર ત્રણેક માસનો થયા પછી તે પહેલવહેલી

ચ્યવનના ફળિયામાં તેની મામીજી (કિરીટની મામી) પાસે આવી હતી. તે વખતે ચ્યવનની બ્હેને રંભાના બાળકને પ્યારથી ઉપાડી લઈ રમાડવા માંડયો. રમાડતી રમાડતી તે છેક પોતાના આંગણામાં ચાલી આવી. આંગણામાં ચ્યવન ખાટલા પર બેઠો હતો, તેના ખોળામાં બ્હેને રંભાના પુત્રને મૂકી દીધો.

"કોનું બાળક લાવી છે તું?" બાળકને સંભાળતાં ચ્યવને પૂછ્યું.

"રંભાનો કીકો, જો તો ખરો કેવો ગોરો ગોરો લાગે છે!" બ્હેને જવાબ આપ્યો.

"એમ? રંભાનો છોકરો છે?" ચ્યવને બાળકને વહાલભરી દૃષ્ટિથી નિહાળવા માંડયો.

"હા, રંભાનો ને કિરીટનો છોકરો. માત્ર મારો ભાઈ જ પરણવાની ના પાડે છે—ને મારે ઘેર પારણું બંધાવાની આશા ઊગવા દેતો નથી." બ્હેને બીતાં બીતાં વાત ઉપાડી. એ વાત માટે આ પ્રસંગ ઠીક થશે એમ તેણે માન્યું હતું.

"ભાઈને વચ્ચે શું કામ લાવે છે?" ચ્યવને અણગમો બતાવ્યો.

"ન લાવું તો શું કરું? ભાઈને મનાવ્યે જ છૂટકો છે."

"બ્હેન, જો તને આજથી કહી દઉં છું કે; ફરી મારી આગળ એ વાત કરી છે તો હું તમને કલ્પાંત કરાવ્યા સિવાય જ ઘર છોડી ચાલ્યો જઈશ." ચ્યવન જરા રોષથી બોલ્યો.

માઠું લાગવાથી આંસુ લૂછતી લૂછતી બ્હેન ચાલી ગઈ.

રંભા જાતે આવીને લઈ ન ગઈ ત્યાંસુધી ચ્યવને રંભાના કીકાને વહાલથી રમાડ્યા કર્યો.

પ્રકરણ ચૌદમું

રંભાની ચિંતા

ચ્યવનને રંભાના કીકા પ્રત્યે દિનપ્રતિદિન આકર્ષણ વધવા લાગ્યું. ધીમે ધીમે તે કીકાને રમાડવા રંભાને ત્યાં રોજ જવા લાગ્યો. સમજણું થયેલું બાળક પણ ચ્યવનની રોજ અપેક્ષા રાખતું ને ચ્યવનના હાથમાં થોડી વાર ખેલ્યા વગર તેને ચેન પડતું નહિ. રંભાના પાડોશીઓ ચ્યવનનું આ નિર્દોષ સ્નેહવર્ષણ સમજતા અને તેને ઉદાર ભાવે કડક ટીકામાંથી મુક્ત રાખતા. બાળક તો રાજા છે; એના પર સ્નેહ ન ઢોળે તે તો પથ્થર કહેવાય; એમ સમજી લોકો રંભાના બાળક પર મુગ્ધ બનેલા ચ્યવનને નીભાવી લેતા. રંભા અને ચ્યવન એકબીજા સામે આંખ પણ ઊંચી કર્યા સિવાય બાળકને રમાડે, બાળકની વાતો કરે તેમાં લોકોને મોટો વાંધો ન હતો.

ચ્યવનની માતા તથા બહેન પણ એવી આશા સેવતાં હતાં કે, રંભાના બાળક પ્રત્યેનો ચ્યવનનો સ્નેહ જ કદાચ તેને સંસાર પ્રત્યે આકર્ષિત કરશે. આથી રંભાના બાળકને પ્યાર કરવામાં તે લોકો પણ ચ્યવનનાં થોડાં ઘણાં સહભાગી

બનતાં. ખરેખર, બાળકો એ સંસાર અને વૈરાગ્યની સાંકળ જેવાં નથી ? સંસારી અને ત્યાગી દરેક બાળકો પર પ્યાર કરી શકે છે, પણ એ પ્યાર દૈહિક હશે કે આત્મિક એ એક વિચારણીય પ્રશ્ન છે. બાળકો મોહભર્યા સંસારનાં ફળરૂપ છે, છતાં કવિએ તેને ' પ્રભુનાં પયગંબર ' કહ્યાં છે, તે પણ તેટલું જ વિચારણીય છે.

કિરીટનું રતનપુર આવવાજવાનું ઘણું જ અનિયમિત હતું. તે ગમે ત્યારે આવતો ને ગમે ત્યારે પાછો ચાલ્યો જતો. તેનાં ધાંધલ અને આવજા ઘણી વાર રંભાને પણ વિચિત્ર લાગતાં, પણ પૂછ્યા છતાં તે કાંઈ સ્પષ્ટ ખુલાસો કરતો નહિ. પરિણામે રંભા અંતરમાં દુઃખી થતી. ચ્યવન ઘણુંખરું રોજ સાંજે આવતો અને કીકાને ખિલાવી એક બે ઘડી રંભાને આનંદ આપતો તથા પોતે પણ આનંદ પામી ચાલ્યો જતો. જતાં જતાં નાનો કીકો તેને રંભાની કેડમાંથી લળી લળીને હાથના ઈશારાથી બીજા દિવસે આવવાનું મૂક આમંત્રણ આપી રહેતો. ચ્યવનને મન તે આમંત્રણ રાજા-મહારાજાના નિમંત્રણ સમાન બની રહેતું.

એક સાંજે ચ્યવન રંભાને ત્યાં ગયો. તે વખતે રંભા ઉદાસ મુખે ઓશરીમાં બેઠી હતી. બાળક આંગણામાં ધૂળ સાથે રમી રહ્યો હતો. ચ્યવને આવતાંવેંત જ બાળકને ઊંચકી લીધો. બાળક હર્ષથી કિલકિલાટ હસવા લાગ્યો. ચ્યવન તેને ખોળામાં રાખીને ઓટલા ઉપર બેસી રહ્યો. રંભા હજી શૂન્ય મને બેસી જ રહી હતી. ચ્યવને એક બે વાર તેના તરફ જોયું, પણ તે કાંઈ જ બોલી નહિ. ચ્યવન ચુપચાપ કીકાને ખીલવવા લાગ્યો. તોફાની બાળક ચ્યવનના

ખોળામાં ઉછાળા મારી રહ્યો હતો. એક વાર તેના હાથમાં ચ્યવનના બાલ આવી ગયા તે પકડીને તે ચ્યવનનું માથું હલાવવા લાગ્યો. ચ્યવને એક વાર તો વાળ બાળકના હાથમાંથી છોડાવી લીધા. પણ પછી તો ગમ્મતમાં ચઢેલો કીકો બે હાથે ચ્યવનના વાળ પકડી ખેંચવા મંડચો; એમાં તેને મજા આવવા લાગી.

" લુચ્ચા, છોડી દે, વાળ છોડી દે." ચ્યવને પોતાના માથાના વાળ ખેંચતા બાળકને ટાપલી મારી વારવા માંડચો. પણ ' હૂં હૂં ' અવાજ કરતા કીકાએ ગેલમાં આવી વાળ વધુ વધુ ખેંચવા માંડચા.

" અરે નાદાન ! આવું ક્યાંથી શીખી લાવ્યો તું ? લે રંભા ! હું તો જાઉં છું. આ કીકો તો મારું માથું પીંખી નાખવા બેઠો છે." ચ્યવને જરા કંટાળીને કહ્યું.

" મામાના બાલ છોડી દે , એમ ન થાય." રંભાએ ધીમેથી કહ્યું, ને તેણે કીકાને પોતાની પાસે લેવા હાથ લંબાવ્યા. પણ કીકો ચ્યવનના વાળ છોડી દઈ તેની છાતીમાં લપાઈ ગયો.

" લુચ્ચો કેવો છે એક ! " રંભાના મ્લાન મુખ ઉપર ઇષત્ હાસ્ય છવાયું.

" કીકા, જો તું આવું કરીશ તો હું તારી સાથે કટ્ટા કરીશ હો ! " ચ્યવન કીકાને થાબડતાં બોલ્યો. જવાબમાં કીકો ખિલખિલાટ હસી પડચો.

" રંભા, આજ તું ઉદાસ કેમ લાગે છે ? " ચ્યવને થોડી વારે પૂછ્યું.

"મારું મન આજે બહુ જ અસ્વસ્થ છે." રંભાએ નીચે મુખે જવાબ દીધો.

"પણુ કાંઈ કારણુ તો હશે ને? કિરીટ પણુ હમણુાંનો તો આ તરફ દેખાતો નથી."

"ચ્યવનભાઈ, મારું જીવન દુઃખમાં જ રોળાવા સર્જાયું છે; રોજ ને રોજ મારા જીવને કાંઈ ને કાંઈ ઠપકો હોય છે જ."

"પણુ આજે આટલી ઉદાસ કેમ બની ગઈ છે?" ચ્યવને પૂછ્યું.

"તમને એ વાત કહેવી જ પડશે. તમે અંદર ઘરમાં આવો." રંભાએ કીકાને ઊંચકી લઈ ઘરમાં જવા માંડ્યું. ચ્યવન પણુ તેની પાછળ અંદરના ખંડમાં ગયો અને રંભાએ પાથરેલી શેતરંજી પર ભીંતને અઢેલીને બેઠો.

બાળકને સુવાડીને રંભા સામે આવી બેઠી. થોડી વાર શ્વાસ લઈ મ્લાન મુખે તે બોલી: "એમના કાંઈ જ સમાચાર નથી, ચ્યવનભાઈ!"

"કોના કિરીટના? શહેરમાં ગમે ત્યાં આથડતો હશે. ઘરની એને ક્યાં જરાયે ચિંતા છે?"

"શહેરમાં પણુ છ સાત દિવસથી જણુાતા નથી. અહીં પણુ આવ્યા નથી. કહે છે કે, એકાએક ક્યાંક ચાલ્યા ગયા છે." રંભાએ ચ્યવનને સમજ પાડી.

"વખતે કોઈ મિત્રને મળવા બહારગામ ગયો હશે; આવશે, એમાં આટલી ચિંતા શીદ કરે છે?" ચ્યવને આશ્વાસન આપ્યું.

"તમે હજી ન સમજ્યા ચ્યવનભાઈ? મને વહેમ

પડે છે કે, એ પેલા બળવાવાદની કોઈ લપમાં ગયા છે. એથી મને ચિંતા થાય છે." પડી જતા સ્વરે રંભા બોલી.

"પણ આ બધી વાત તમને કોણે જણાવી ? કિરીટ શહેરમાં નથી એ શી રીતે જાણ્યું ?"

"મારા મામાજીનો વિનુ કાલે આવ્યો હતો, તેણે ગઈ રાતે મને વાત કરી. એ એના શેઠના કામે કરાંચી ગયો છે. એણે વાત કરી કે ભાઈ અઠવાડિયાથી શહેરમાં જણાતા નથી. તેમના મુકામે તપાસ કરતાં કાંઈ જ ખબર મળ્યા નથી." રંભાએ સ્પષ્ટતા કરી.

"બીજી કંઈ ચિંતાજનક વાત તો વિનુએ નથી કરીને ?" ચ્યવને પ્રશ્ન કર્યો.

"વિનુએ એમ કહ્યું કે, આઠ દિવસ પહેલાં તે મળ્યા ત્યારે ભાઈ ચિંતાતુર દેખાતા હતા. વચ્ચે વિનાકારણ ગેલમાં આવીને વિચિત્ર રીતે આડુંઅવળું બોલતા પણ હતા. વિનુને એક વાર એમ પણ કહી ગયા 'વિનુ, હવે એકાદ બે દિવસમાં મારે થોડા દહાડા બહાર જવું પડશે. વખતે ફરી પાછો નયે આવું, પણ દોસ્ત, મારાં પરાક્રમ તું પછીથી જાણજે.'"

"વિનુએ એ બાબત કાંઈ વધુ ખુલાસો ન પૂછ્યો ?"

"ના. વિનુને એ વાત એટલી ગંભીર લાગી ન હતી. અમસ્તી ગમ્મતની વાત માની, 'જોયાં જોયાં હવે પરાક્રમ' એમ કહી તેણે એ વાતને હસી કાઢી હતી. પણ પાછળથી એમની વીશીમાં જમતા એમના એક દોસ્તે કંઈક વહેમથી વિનુને ચેતવ્યો, ત્યારથી વિનુને વહેમ પડ્યો. પણ તે પછી તો વિનુએ વારંવાર તપાસ કરી, પણ એમનો પત્તો જ નથી.

વિનુને કરાંચી જવાની ઉતાવળ હતી, છતાં તે આ સમાચાર મને આપવા આવ્યો હતો." રંભા ધ્રૂજતા સ્વરે બોલી રહી.

"વિનુને બીજા કાંઈ વધુ સમાચાર મળ્યા છે?" ચ્યવને જરા વાર રહીને પૂછ્યું.

"ના, આ વાત બીજાને તો કહેવાય નહિ ને વિનુને જાતે તપાસ કરવા વધુ અવકાશ ન હતો, એટલે કરાંચીથી પાછા આવીને એ બરોબર તપાસ કરશે, એમ મને એણે કહ્યું છે. પણ મારી ધીરજ હવે ખૂટી ગઈ છે. હું અભાગણી આવાં દુઃખ જોવા ક્યાં સુધી જીવીશ?"

રંભા આંસુ લૂછવા લાગી.

ચ્યવન સ્તબ્ધ બની ગયો. કિરીટના હતભાગ્ય માટે તેને પ્રથમથી ચિંતા હતી જ. કિરીટને વાળવા માટે તેણે અપમાન વહોરી લઈને પણ દરમ્યાનગીરી કરી હતી, પણ એ બધું નિષ્ફળ ગયું હતું. દુઃખી રંભા માટે ચ્યવનના મનમાં અનુકંપા પ્રગટી. કિરીટ દુઃખી બાળાના જીવનને વધુ ને વધુ દુઃખી બનાવી રહ્યો હતો તે ચ્યવનને અસહ્ય લાગ્યું. રંભાના દુઃખમાં ગમે તે રીતે ભાગીદાર થવા તે તત્પર બન્યો. કિરીટ માટે વધુ તપાસ કરવાનું કાર્ય તે વખતે પોતાના સિવાય બીજું કોઈ કરે તેમ હતું નહિ. તેણે બીજે જ દિવસે વહેલી સવારમાં તે કામ માટે શહેરમાં જવાનું નક્કી કર્યું.

"રંભા, નાહક દુઃખી ન થઈશ. કિરીટની શોધ માટે કાલે જ હું શહેરમાં જઈશ. તે ગમે ત્યાં હશે; પણ તેની એટલી બધી ઊંડી ચિંતા કરવાનું કારણ નથી." ચ્યવને રંભાને આશ્વાસન આપ્યું.

“ મારું મન નથી માનતું, ચ્યવનભાઈ. મારું જમણું અંગ કાલનું ફરકયા કરે છે.” રંભા રડવા લાગી.

“ રંભા, એવો વહેમ ન રાખ. કિરીટનેય એનો જીવ તો વહાલો છે જ. તારી ખાતર પણ ઈશ્વર એને જરૂર બચાવશે.”

“ આવો ઘોર માર્ગ એમને કયાંથી જડયો ? મારી ગમ તો ન જોયું, પણ આ કીકાનોયે વિચાર ન કર્યો ને ! ” રડતી રંભા હૃદય ઠાલવવા લાગી.

“ રંભા, શાંત થા. હું મારો બનતો બધો પ્રયાસ કરીશ ને કિરીટને શોધી કાઢીશ. તું રડીશ તો લોકો આ વાત જાણુશે ને રજનું ગજ થશે. હજી આપણે પણ કયાં કાંઈ વાત જાણીએ છીએ ? માટે ધીરજ ધરી ઈશ્વરમાં શ્રદ્ધા રાખ.” ચ્યવને રંભાને શાંત કરી.

ચ્યવન આશ્વાસન આપી ગયો અને રંભા ખાધા-પીધા વગર જ સમી સાંજમાં પથારીમાં પડી, આંસુની નદી વહેવડાવવા લાગી. ઠરી ગયેલો આંસુનો પહાડ પીગળે ને આંસુ વહે જાય, તેમ રંભાના નેત્રોમાંથી આંસુ વહી રહ્યા.

પ્રકરણ પંદરમું

કંકુ ડોશીની કથની

રંભાને વચન આપ્યા પ્રમાણે ચ્યવન બીજે જ દિવસે કિરીટની તપાસ માટે શહેરમાં ઊપડી ગયો હતો. રંભા અધીર મને એમ આશા રાખી રહી હતી કે, સાંજે કદાચ કિરીટને પકડીને કિંવા તેની ખોજ કરીને ચ્યવન પાછો આવી જશે; પણ રંભાની તે આશા ન ફળી. બીજા બે દિવસ ગયા પણ ચ્યવન પાછો ન આવ્યો. રંભાની ચિંતા વધવા લાગી. મનનો ભાર કોઈની આગળ હળવો કરી ન શકવાને લીધે રંભા બાવરી બની ગઈ હતી. માનવી હૃદયની વેદના જ્યારે વાણીથી કે રુદનથી બહાર કાઢી નથી શકતો ત્યારે તે ઘેલો બની જાય છે. અકળાતી રંભાએ પણ મનની મૂંઝવણ થોડીઘણી ઓછી થાય તે ખાતર કોઈ વાતચીતનો વિસામો શોધવા માંડ્યો. વાટના વિસામા કરતાં વાતનો વિસામો કંઈ ઓછો ઉપકારક નથી. બંને વિસામાના અર્થીઓ જ તેની યથાર્થ કદર કરી શકે છે.

શૂન્ય બનેલી રંભા બપોરે ફીકાને તેડીને પાસેના ફળિયામાં રહેતાં કંકુ ડોશીને ત્યાં બેસવા ગઈ. કંકુ ડોશી

બહુ મીઠાંબોલાં હતાં. રંભાને તેમની મીઠાશ બહુ ગમી ગઈ હતી. રંભાનાં તે દૂરનાં સગાં પણ હતાં, એટલે વાતવાતમાં 'મારી રંભા' એમ બોલી કંકુ ડોશી મમત્વનો દેખાવ કરતાં, તે ભોળી રંભાને બહુ ગમી જતો. પણ કંકુ ડોશીનું મમત્વ બહુ વિશાળ હતું. ગમે તે બાળક, જુવાન, સ્ત્રી કે પુરુષને ગરજ પડતાં તે એવી તો મીઠી વાણીથી જીતી લેતાં કે લોકો કંકુ ડોશીને પાછળથી 'ટાયલી' કહેતાં, છતાં તેના સન્મુખ કોઈ તેમની ઉપેક્ષા કરી શકતું નહિ.

કોઈ જુવાન પાસે કંકુમાને કંઈ કામ હોય તો તેને મીઠી વાણીથી પ્રથમ પલાળી મૂકતાં. 'ભઈ મંછા, મારા છૈયા! હમણાં ચ્યમ દેખાતો નથી?' એમ કહી મંછાની ખુશામત કરી તેને પ્રફુલ્લ બનાવી પછી પોતાનું એકાદ કામ કઢાવી લે. કૂવે જાય અને કોઈ નાની વહુરાણી પાસે પાણી ખેંચાવવું હોય ત્યારે કંકુમાની જીભ આબાદ રીતે કામે લાગી જાય. 'પશી વહુ, તારી સાસુ શું કરે છે? કોઈ દા'ડો હવે તો કૂવાકાંઠે આવતાં જ નથી! ભારે રાજ આવ્યું છે, બઈ!'

સાસુ પર રોષે ભરેલી પશી વહુ કદાચ બોલી જતી કે, "કામ કરનારી ગુલામડી મળે પછી શું કામ આવે?"

"હા ભા, હા," કંકુમા પછી ધીમેથી બોલવા લાગતાં: "તું તો લાખેણી છે બા! તારી સાસુને રાં'ને ઓળખું છું. સૌ તારી શાખ પૂરે છે. ઇને કોઈ સારી નથી કહેતું. હોય બા. જરા આ માણિયામાં બે ઘડા રેડજે."

પશી વહુ પોતાની માણ ભરવી પડતી મૂકી કંકુમાનું કામ પહેલાં કરી આપતી. વખતે એ જ પશી વહુની સાસુ

કૂવે હોય ને તેની પાસે પાણી ખેંચાવી લેવું હોય તોપણ કંકુમા એ જ રીતે કામ લેતાં.

"અલી, જુવાનજોધ જેવી વહુ ઘરમાં સે ને તું પાણી ક્યમ આવે સે?" કંકુમા પ્રસ્તાવના કરતાં.

"વહુઓ તો કંકુમા, આ જમાનામાં તો સાસુઓ થઈ બેઠે છે." સાસુ કદાચ રીસમાં જ આવું કંઈ બોલી જતી.

"હોય ભા, તોયે તું લાખેણી છે. પયણીને આઈ ત્યારથી જ તારી તો સૌ શાખ પૂરે છે. નકર બીજી હોય તો તારી વહુ જેવી બેઠાખઉને વેઠે જ શાની?" એમ કહી સાસુને રીઝવી કંકુમા પોતાનું કામ કાઢી લેતાં.

કંકુમા વિશેષમાં રતનપુરનું વણલખ્યું વર્તમાનપત્ર હતાં. ગામના બધા ખબર તેમને મળતા ને તે તેનો ફેલાવો યોગ્ય ભાગમાં કરતાં. આથી ગ્રામ્ય નારીઓ તેમનાથી દબાતી. કેમ ન દબાય? આજકાલ છાપાંઓથી ભલભલા ધનિકો અને રાજવીઓ દબાય છે, તો જીવતા છાપાં જેવા કંકુમાથી લોકો કેમ ન ડરે? કંકુમાનો અભિપ્રાય ગામના સ્ત્રીસમાજમાં વજનદાર ગણાતો. સ્ત્રીવર્ગ વારંવાર એમની સલાહ પૂછવા આવતો અને તેવે વખતે માજી વડપણના ગર્વ સાથે સૌને સલાહ આપી પરોપકારનો ડોળ કરતાં.

રંભાને જોતાં જ કંકુમા બોલી ઊઠયાં: "રંભા, તું તો બહુ જ ભારેખમ થઈ લાગે છે? મોં સરખુંયે દેખાડતી નથી."

"શું આવું, કંકુ કાકી? ઘરનું નાનુંમોટું કામ અને આ છોકરાની પજવણીમાંથી ઊંચી જ આવતી નથી." રંભાએ જવાબ આપ્યો.

"આજે ભલી નવરાશ મળી તને ? આવ બેસ. રોજ આવીને બેસતી હોય તો મનેય ગમે ને તનેય વાતચીતનો વિસરામ વળે." કંકુમાએ રંભાને આવકાર આપ્યો.

"આજ તો મને થયું કે લાવ કંકુ કાકીના પાસે ઘણા દીથી ગઈ નથી તે ખબર કાઢી આવું."

"કાકીની ખબર કાઢે એવી આ જમાનાની વહુઓ છે જ નહિ ભા. પણ તોય તને આ સમાનો વા બહુ નથી વાયો; તું તો ડાહી છે."

"ખબર કેમ ન કાઢીએ કાકી ? આ તો ઘરમાં કોઈ નાનું મોટું નથી એટલે બહાર ઝટ પગ ઊપડતો જ નથી." રંભા કીકાને ખેલાવતી વાતે વળગી.

"બચુડિયાનું નામ શું પાડયું છે ! કેમ છે'લ્યા બચુડા ?" કંકુમાએ છોકરાને પંપાળતાં પૂછયું.

"હજી નામ જ નથી પાડયું, પણ કીકો કહીને જ બોલાવીએ છીએ" રંભાએ કહ્યું. પછી તે કીકાને કહેવા લાગી: "કીકા, જો દાદી બોલાવે તને." કીકો શરમથી એકાએક નીચું ઘાલી માની સોડયમાં લપાઈ ગયો.

"હત પીટયા માવડિયા, મારો કિરીટ તો આવો કાંઈ નથી. તું આવો માવડિયો કયાંથી નેંકળ્યો ?" કંકુમા હસ્યાં.

"રંભા, કિરીટ હમણાંનો આવ્યો લાગતો નથી, ખરું ?" ડોશીએ પૂછયું.

"ના, ઘણા દહાડાથી આવ્યા નથી—મારો જીવ પણ ઉકાળે ચડયો છે. કાકી, હવે તો હું અકળાઈ ગઈ છું." રંભા બોલી.

" એમાં અકળાયસે શીદ ? મરદને હજાર કામ હોય. ઘડી ઘડી આવેય શી રીતે ? " માજીએ આશ્વાસનના ભાવથી કહ્યું.

" માજી, અકળામણની તો વાત જ કહેવા જેવી નથી. ઘેર ન આવે તેની મને ચિંતા નથી, પણ આ તો શહેરમાંય સીધા રહેતા નથી. "

" ચ્યમ શું કરતો હશે શહેરમાં ? "

" આઠ દસ દહાડાથી શહેરમાંથી ક્યાંક ગયા છે. ક્યાં ગયા છે, તેનો પત્તો જ નથી. કાગળપત્ર પણ નથી, તેમ કોઇને કહી પણ ગયા નથી." રંભાએ મનની વાત ઉરનો ભાર હળવો કરવા થોડાક રૂપાંતરથી પ્રગટ કરી.

" ચેવો માથા વગરનો છે એ છોકરો ! ખબર આલીને જ્યો હોત તો શું થતું'તું ? "

" મારો જીવ તો ભારે ગભરાટમાં પડ્યો છે. ખબર કાઢવા પણ કોને મોકલું ? "

" વિનુને ખબર આલ્ય, એ ખબર કાઢશે."

" વિનુભાઈ બહારગામ ગયા છે, એટલે ચ્યવનભાઈને શહેરમાં તપાસ કરવા મોકલ્યા છે. "

" ચ્યવનને મોકલ્યો સે ? હારું કર્યું. ઝટ ખબર લાવે એટલે પત્યું. "

" ચ્યવનભાઈ બે ત્રણ દિવસથી ગયા છે, પણ પાછા આવ્યા નહિ; તેમ ખબર પણ મોકલ્યા નહિ. " રંભા મૂંઝવણ વ્યક્ત કરી રહી.

" રંભા, કહું ? તને માઠું તો લાગશે. " ડોશી આંખ ઢાળી બોલ્યાં.

"ના, કાકી. તમારા પર મને કદીયે માઠું લાગ્યું છે?" રંભાએ મીઠાશથી ઈંતેજારી બતાવી.

"તો એ ચ્યવનને તું ઓળખે છે?" ડોશીએ કપાળને સંકોચી આંખને તંગ કરી પૂછ્યું.

"કેમ?" રંભા અસ્પષ્ટપણે પૂછી રહી.

"કેમ શું? એના મૂળ ઊંડાં છે. એ તારી પાસે રોજ આવે છે, ખરું ને?' ડોશીએ ચ્યવનના મૂળને નામે પોતાની વાતનાં ઊંડાં મૂળ નાખવા માંડ્યાં.

"હા, કીકાને રમાડવા આવે છે." રંભા ડઘાઈને બોલી.

"કીકાને રમાડવા શું આવે ધૂળ? એની દાનત સારૂ નથી. સહુ ભૂલી જાય, પણ હું પાછલી વાતો નથી ભૂલી. મારા કિરીટનો તે ભાઈબંધ નથી પણ દશ્મન છે, સમજી?"

"મને એવું નથી લાગતું." રંભા અણગમાથી બોલી.

"તું સું હમજે? કિરીટની ખબર એ તે સું કાઢતો'તો? એ તને સાચા સમાચાર આપે જ નહિ. તારી પાછળ ભમે છે એમ નથી સમજતી અલી? એ તો કિરીટના પગ તાકતો હશે પગ!" ડોશી વ્યંગ અને ભારપૂર્વક બોલી.

રંભા અણુગમો દાબીને સાંભળી રહી.

વ્યગ્ર રંભા કંકુ ડોશી પાસે મનને હળવું કરવા આવી હતી, પણ તે ઊલટી વધુ વ્યગ્ર બની ને ગઈ. ઘેર જતી વખતે તેના પગ વધુ ભારે થઈ ગયા. કંકુ ડોશીનો આક્ષેપ અને ચેતવણી રંભાને બહુ ચિંતાજનક થઈ પડયાં. કંકુ-ડોશીરૂપે લોકમત બોલતો હોય તેમ રંભાને લાગ્યું. ચ્યવન

સાથેનો સંસર્ગ પણ ઓછો કરવો જોઈએ એમ તેના મનમાં ગાંઠ વળવા લાગી.

'ચ્યવન હતો તો સરળ જ,' એમ રંભા માનવા લાગી; છતાં તેના અંતરના ઊંડાણમાં કંકુ ડોશીની ખોટી છાપ જાણે ચ્યવન પ્રત્યે આછો અણગમો પ્રગટાવી રહી.

'માનવીનું મન છે. ચ્યવન પણ વખતે ભૂલતો હોય,' પળ વાર રંભાના મનમાં આવો વિચાર આવી ગયો. રંભાને એ વિચાર ગમ્યો નહિ, છતાં તે આવ્યો અને જતાં જતાં પોતાની અસર મૂકતો ગયો.

કંકુ ડોશીના કથનને લીધે વ્યગ્ર બનેલી રંભાનો બાકીનો દિવસ વ્યગ્રતામાં જ પસાર થઈ ગયો. વિચારોના વમળ વચ્ચે તે અથડાઈ રહી.

પ્રકરણ સોળમુ

કઠોર રંભા

કંકુ ડોશીએ કલુષિત કરેલું રંભાનું મન સંપૂર્ણ સ્વચ્છ તો ન જ બની શક્યું. નારીસમાજ પર કંકુ ડોશીનો જે પ્રભાવ હતો તે પણ તેમાં કારણભૂત હતો જ. ગરીબ રંભા લોકવાયકાથી બહુ જ ડરતી હતી, એટલે તે વગરકારણે ચ્યવનથી ડરવા લાગી. ચ્યવન નિર્દોષ હતો એમ સમજ્યા છતાં તે ચ્યવનથી દૂર રહેવાનો નિશ્ચય કરવા લાગી. ચ્યવનનો ત્યાગ અને ઉદાસીનતા તે રોજ જોતી હતી, છતાં અત્યારે તે ચ્યવનને જુદેરૂપે જોવા લાગી. માણુસના મનની લીલા જ એવી છે કે, તે પોતાના રંગે વિશ્વને રંગી નાખે છે. રંભાના મને પણ ચ્યવનને પોતાના નવીન ચશ્માં વડે જોયો અને તે જુદો જણાવા લાગ્યો.

ચ્યવન પ્રત્યે રંભાને એકાદ વાર અનુકંપા પ્રગટી, પણ લોકનિંદાના ભયથી તે ટકી શકી નહિ. ચ્યવન શહેરમાંથી જલદી પાછો ન આવ્યો તેથી રંભાને ચિંતા તો વધતી જ હતી; છતાં તે ચિંતા હવે ચ્યવનના આવવાથી પણ નિર્મૂળ નહિ જ થાય એમ રંભાને ઘડીભર લાગ્યું. વખતે ચ્યવન

ખરા સમાચાર નહિ આપે, એમ પણ રંભાના કલુષિત મનને પળવાર લાગ્યું, પણ બીજી જ પળે તે રડવા લાગી. ચ્યવન જેવા શીલવાન યુવકને પોતે જે રીતે જોતી હતી તે રીત જડ બનેલી રંભાને પણ ખૂંચી, ને તે માત્ર રુદનથી પ્રાયશ્ચિત્ત કરી રહી. જાણે તેની સ્વસ્થ વિચારશક્તિનો જ હ્રાસ થઈ ગયો હોય એમ તે અનુભવી રહી.

છેવટે તે સાંજે રતનપુર આવેલો ચ્યવન રંભાને ઘેર આવ્યો. રંભાએ તેને જોયો તેવી જ તેના મનની કુશંકાઓ દૂર ઊડી જવા લાગી. ચ્યવનનો ગંભીર ચહેરો અને શાંત પ્રકૃતિ જોતાં જ રંભાના મનમાં થયું કે, તપસ્વી જેવા ચ્યવનને લોક ભલે ખોટો આક્ષેપ આપે, હું તેને અવમાનિત નહિ કરું. મારી સ્મૃતિ પાછળ તો એ બિચારો મા અને બહેનની લાગણીને અવગણીને પણ ઝૂરી રહ્યો છે. તેને શું હું વગરકારણે અવગણી નિર્દયતાની પરાકાષ્ટાએ પહોંચી જાઉં ? આ વિચારસરણી પળમાં જ રંભાના મનમાં પ્રગટી રહી અને તે ચ્યવન પ્રત્યેનો ઘડી પહેલાંનો આછો અણગમો ભૂલી ગઈ. તેના મનમાં કિરીટના સમાચાર જાણવાની આકાંક્ષા પણ તરવરી રહી હતી. ચ્યવન શરૂઆત કરશે એમ ધારી તે મૂંગી જ રહી. પણ ચ્યવન ગુપચુપ આવીને બેઠો, કાંઈ બોલ્યો પણ નહિ. રંભાને આથી સહજ નવાઈ લાગી.

"ચ્યવનભાઈ, કેમ ગુપચુપ બેસી ગયા ? સમાચાર તો કહો." રંભાએ ધડકતે હૈયે પૂછ્યું. કિરીટ માટેની ચિંતા તેના સ્વરમાં આવીને વસી હતી, તે ચ્યવન પણ

સમજ્યો, છતાં તે પૂર્વવત્ ચૂપ જ રહ્યો. માત્ર તે રંભા સામે તાકી રહ્યો.

"કેમ કાંઈ બોલતા નથી ?" રંભાની દૃષ્ટિ વધુ તીક્ષ્ણ બની.

"રંભા, સમાચાર ખાસ નિરાશ થવા જેવા નથી. છતાં કિરીટ ક્યાં ગયો છે તે મને નથી સમજાતું." ચ્યવને જવાબ આપ્યો.

ચ્યવનના મનમાં જવાબ દેતી વખતે ઊંડી વેદના થતી હતી, પણ તેણે તે વેદના છુપાવી જવાબ આપ્યો.

"ક્યાં છે તે ખબર ન પડે ત્યાંસુધી નિરાશા જ છે ને ?" રંભા ઢીલા સ્વરે બોલી. એ સ્વરમાં અસહાયતાનો દેખીતો કંપ હતો.

"દક્ષિણ તરફ ગયાની વાત મળી છે. પણ એના જીવન વિષે ચિંતા કરવા જેવું કંઈ નથી, સમજીને ?" ચ્યવન બોલ્યો. ન સમજ્યા જેવી વાત કોઈને પ્રયાસપૂર્વક સમજાવવી હોય છે, ત્યારે 'સમજ્યા ને ?' એમ પ્રશ્ન પૂછવો પડે છે. ચ્યવનની સમજુત પણ અત્યારે તેવી જ હતી.

"શું સમજું ધૂળ ? મને તો કાંઈ આશા નથી. એમનાં કરતૂક જોતાં તો જ્યાંસુધી સંપૂર્ણ પત્તો ન મળે, અગર ઘેર ન આવી જાય ત્યાંસુધી હું સળગ્યા જ કરવાની છું. જેવું મારું નસીબ ! તેમાં બીજું કોઈ શું કરે ?" રંભાની આંખ ભીની થવા લાગી.

ચ્યવન રંભાને ખરેખરી વાત કહેતાં અચકાતો હતો. તે કહેવામાં તેને કાંઈ સાર પણ જણાતો ન હતો. રંભાને શી રીતે જવાબ દેવો તે જ મોટી મૂંઝવણ થઈ પડવાથી

દુઃખિત મને ચ્યવને ચુપકીદી ધારણ કરી. રંભા ચ્યવનની આ ચુપકીદી સમજી શકતી ન હતી. ચ્યવનની આ ચુપકીદી અને અસ્પષ્ટ જવાબ ઉપરથી રંભા અનેક તર્ક ઉઠાવી રહી. રંભાના ચતુર મને એટલું તો જાણી જ લીધું કે ચ્યવનનો જવાબ સાચો ને સીધો જણાતો ન હતો. આમ થવામાં અનેક કારણો તે મનથી કલ્પવા લાગી.

"રંભા, તું બહુ દિલગીર ન થઈશ. કિરીટ સાજો-સમો છે, ને હું ફરી વધુ ખબર લાવીશ જ." ફીકાને ખોળામાં રાખી ચપટી વગાડતો ચ્યવન બોલી ગયો.

ચ્યવનના છેલ્લા વાકયથી પણ રંભાની મૂંઝવણ તો ન જ ટળી. રંભા એ છેલ્લા વાકયના પણ અનેક અર્થ તારવવા લાગી. 'શું કિરીટ કયાંય પકડાઈ ગયો હશે, તેથી ચ્યવન સાચી વાત નહિ કહેતો હોય? કે પછી કિરીટના અહિત માટે, જાણીબૂઝીને તો એમ નહિ કહેતો હોય? ચ્યવન જેવો સરળ યુવક રોજની પેઠે સીધી સીધી વાત કેમ કહી નાખતો નહિ હોય?' આવા પ્રશ્નો રંભાના મનમાં ઊઠવા લાગ્યા. કંકુ ડોશીએ દૂષિત કરેલા માનસમાં પુનઃ દોષનો પ્રસાર વિદ્યુતવેગે થવા લાગ્યો. દુષિત મન અને નયનો વડે રંભા ચ્યવનને તાકી રહી. ચ્યવન ફીકાને રમાડવામાં મશગૂલ હતો, તે જોઈ રંભાનું મન વધુ ઉત્તેજિત બન્યું. ચ્યવનને જાણે કિરીટ માટે બહુ લાગણી નથી એમ તેને લાગ્યું. કંકુ ડોશીની વાત છેક ખોટી પણ ન હોય! રંભા એ વિચારસરણી પર ચઢી અને તેને નાની નાની બાબતોથી પુષ્ટિ પણ મળવા લાગી. ચંચળ મનને પોતાના ઝોકને અનુકૂળ દલીલો શોધી લેતાં ભાગ્યે જ મુશ્કેલી લાગે છે.

અંધારું થઈ ગયું હતું, છતાં ચ્યવન કીકાને રમાડયા જ કરતો હતો. રંભા ભારે પગલે ઘરમાં જઈ દીવો સળગાવી બહાર આવી, તોપણ ચ્યવને ઘેર જવાની વૃત્તિ દેખાડી નહિ. ચ્યવનના મનમાં પણ આજે ઊંડી વ્યથા અને ધડભાંજ ચાલી રહી હતી. રંભાને પોતે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો, એટલે ઝટ ઘેર જવા તેનો પગ ઊપડતો ન હતો; આથી તેણે ઘેર જવાની ઉતાવળ બતાવી નહિ. કીકો ચ્યવનના ખોળામાં કિલકિલાટ હસતો હતો અને ચ્યવન તેને કાલી ભાષામાં રમૂજી પ્રશ્નો પૂછી રહ્યો હતો. રંભા પળવાર તે જોઈ રહી ને પછી પૂછ્યું: " ચ્યવનભાઈ, હવે ઘેર નથી જવું ? "

" જવું જ પડશેસ્તો. પણ આ કીકાને ચાર દિવસથી રમાડ્યો ન હતો એટલે આજે વધુ બેસવાનું મન થયું. " ચ્યવને જવાબ આપ્યો.

" હવે જાઓ, મોડું થયું છે ને અંધારી રાત છે."

" કાંઈ હરકત નહિ. ગામમાં જવું છે ને ? ક્યાં પરગામ જવું છે, કેમ કીકા ? " કીકાને ઉછાળતાં ચ્યવન બોલી ઊઠ્યો.

થોડી વાર રંભા ચૂપ બેઠી, છતાં ચ્યવન ઊઠ્યો નહિ, એટલે રંભા મનમાં ગુસ્સે થઈ ગઈ. કંકુ ડોશીની વાત તેને વધુ ને વધુ પોતાના પંજામાં લેવા લાગી. સ્પષ્ટ કહ્યા છતાં ચ્યવન ઊઠતો ન હતો, એ રંભાને પણ નવું લાગ્યું. નવું જ નહિ, બેહૂદું—અપ્રિય પણ લાગ્યું. રંભા જાણે આજે બદલાઈ ગઈ હતી. ચ્યવનને બિચારાને એ ખબર ન હતી, એટલે તે જલદી ન ઊઠ્યો. ઊઠતા પહેલાં રંભાના મનનું કિરીટની ચિંતાની બાબતમાં કંઈક સારી રીતે સમાધાન

કરી શકાય તો સારું, એમ ઇચ્છી તે શાંતિથી બેઠો હતો.

"ચ્યવનભાઈ, કહું છું હવે જાઓ. રાત્રે અહીં મોડા લગી બેસવું તમને શોભાભર્યું નથી." રંભા બોલી અને તે સાંભળતાં જ ચ્યવન ચમકી ઊઠ્યો. રંભા આવું બોલે તેવી ચ્યવનને આશા જ ન હતી.

"રંભા, તું શું બોલે છે આ? નિંદાખોર લોકોનો તને પણ પાસ લાગ્યો કે શું?" ચ્યવને પૂછ્યું.

"હા, નિંદાખોર લોક ખોટા ને આપણે સાચાં એવું દુનિયા નથી માનતી." રંભા વધુ જોરથી બોલી.

"તો તને પણ મારો સંશય આવે છે ખરું?" ચ્યવન જરા ઉદ્વેગથી પૂછી રહ્યો—એના મનમાં આજની રંભા વિચિત્ર કોયડો બની ગઈ હતી.

"તમારા મિત્રની કુશળતાના જે સંદિગ્ધ સમાચાર તમે કહ્યા તે મારા સંશયને પુષ્ટિ આપે છે."

"એટલે?" સ્થિર નયને ચ્યવન પૂછી રહ્યો.

"એમને માટે તમને લાગણી હોય તો પાછા આવી મને આવા સમાચાર આપો જ નહિ. લોકો પણ એવું જ માને છે."

"શું માને છે લોકો?"

"તમે એમના અહિતમાં રાજી છો: માત્ર મને જ પામવા મથો છો!" રંભાની જીભ તેના દૂષિત મનના આઘાતથી આજે નિરંકુશ જેવી બની ગઈ હતી.

"રંભા, રંભા, આ તું શું બોલે છે?" ચ્યવનના ઉપર જાણે વજ્રપાત થતો હોય તેવા અસહાય ભાવથી તે બોલી ઊઠ્યો.

રંભા મૂંગી જ બેસી રહી. ચ્યવનના મનમાં હજારો તર્ક આવી ચાલ્યા ગયા. તેણે પળવારમાં જ બધા તર્કોને એક-નિશ્ચયથી દાબી દીધા. તે ઊભો થયો ને બોલ્યો: "રંભા, હું તારા હિત માટે જ જીવું છું. તારી શંકા ખોટી છે. કાલે હું જઈશ ને કિરીટ જ્યાં હશે ત્યાંથી તેને શોધી લાવીશ તો જ પાછો આવીશ; અન્યથા નહિ."

ચ્યવને કીકાને ચુંબનોથી નવરાવી ભોંય મૂકી દીધો અને તે ચાલતો થયો. રંભા રુદિત સ્વરે 'ચ્યવનભાઈ! ચ્યવનભાઈ!' બૂમો પાડવા લાગી. તે સાંભળ્યા વગર જ ચ્યવન ચાલ્યો ગયો.

પ્રકરણ સત્તરમું

ચ્યવનનો પુરુષાર્થ

કઠોર વજ્ર જેવા શબ્દો બોલતાં શું બોલી તો જવાયા, પણ ચ્યવનનો પ્રત્યુત્તર સાંભળતાં જ રંભાની બુદ્ધિ ઠેકાણે આવી. તેનું દૂષિત મન ચ્યવનની વાણીથી તપી ઊઠ્યું; અદોષ નષ્ટ થઈ ગયો. પણ પશ્ચાત્તાપ પછી તે ચ્યવનની માફી માગી શકે તે પહેલાં તો ચ્યવન ચાલતો થયો હતો. ચ્યવન હવે રંભાનો એક પણ શબ્દ સાંભળવા માગતો ન હતો. રંભાએ તેને જે શબ્દો સંભળાવ્યા હતા તે શબ્દોએ તેની છાતી ચીરી નાખી હતી; એટલે વધુ કંઈ સાંભળવાની ક્ષમતા પોતાનામાં ન રહેવાથી ચ્યવન ચાલી નીકળ્યો. રંભાનો અઘટિત રોષ અને આક્ષેપ તેના ભાંગેલા પગોને ગતિમાન કરી રહ્યા. રંભાની બૂમો તેણે સાંભળી, છતાં તે તેના મનમાં ન ઊતરી. તેના મનમાં માત્ર એક જ વિચાર હતોઃ 'કિરીટને ગમે તે ઉપાયે પાછો લાવી રંભાને પોતાની શુભ કામનાની ખાતરી કરી આપવી. તે ન બને તો જીવન ફગાવી દેવું.' આવા સંકલ્પના જુસ્સામાં જ ચ્યવન ચાલી નીકળ્યો.

કિરીટની ખોજ કરવામાં ચ્યવને કાંઈ જ મણા રાખી ન હતી. તેણે જે જે માહિતી મેળવી અને ચોકસી કરી હતી, તેવી બીજો કોઈ જ ન કરી શકત. છતાં તેણે પોતાને મળેલા સમાચાર નિરાશાજનક હોવાથી રંભાને આપ્યા નહિ. કિરીટ ભયમાં હતો, તેને બચાવવા ભગીરથ ઉપાયો કરવા પડે તેમ હતું. તે ઉપાયો ન જડે ત્યાંસુધી તેના વિષેની હકીકત જાહેર કરવામાં લાભને બદલે નુકસાન હતું. વળી રંભા ઊંડા દુઃખની વેદના પામે, એ પણ ચ્યવનને પસંદ પડયું નહિ. આથી તેણે રંભાને કિરીટના વિગતવાર સમાચાર આપ્યા નહિ. પરંતુ તેમ કરવા જતાં ઊલટો ચ્યવનને શિરે જ દોષનો ટોપલો આવી પડયો. અને તે પણ રંભા દ્વારા, તે ચ્યવનને અસહ્ય લાગ્યું. દુઃખનું સંવેદન દુઃખના કારણોમાં રહેલું હોય છે; પણ એ કારણો જ્યારે અણુધારેલા સ્થળેથી ઊભા થાય છે, ત્યારે દુઃખ વધારે ઘેરું બની જાય છે. રંભાનો આક્ષેપ આ જ કારણથી ચ્યવનને કારી ઘા જેવો સાલવા લાગ્યો.

કિરીટ કોઈ બળવાવાદી કાવતરામાં ભાગ લેવા માટે જ ચાલ્યો ગયો હતો, એટલી શહેરમાં તપાસ કરવાથી, ચ્યવનને ગુપ્ત રીતે બતામી મળી હતી. એવા કાવતરામાં સામેલ થયેલાને ઉગારવો મુશ્કેલ છે. ભડભડતી આગમાંથી કદાચ આદમીને ઉગારી લેવાય, પણ કિરીટે જેમાં ઝંપાપાત કરેલો હતો તે આગ તેથી વધુ ભીષણ હતી. ચ્યવન આ સમજતો હતો. આથી જ તે રંભાને આવા દુઃખદ સમાચાર એકદમ આપી શકતો ન હતો. પણ હવે ચ્યવને નિશ્ચય કર્યો

હતો કે એ મહા વિકરાળ આગમાં ભસ્મ થઈ જઈને ૧
કિરીટને બહાર ખેંચી લાવવો. રંભાની સેવાનો અને ર
સુખી કરવાનો એ એક જ માર્ગ હવે ચ્યવનને જણા
લાગ્યો. દૃઢ નિશ્ચયથી કર્તવ્યમાં લીન થનારને માર્ગ જ
જ આવે છે. ચ્યવનને પણ તેના નિશ્ચયની પૂર્તિ મ
ઘટતો પુરુષાર્થ કરવાથી માર્ગ જડી આવ્યો; અને ૧
બહેન, રંભા તથા તેના કીકાનો સ્નેહ એ બધું વિસ્મૃતિ
ડુબાવી, વીરતાથી, ચ્યવન ધારેલા માર્ગે આગળ ધસ્યો.

કિરીટની પ્રવૃત્તિ ઉપર ચ્યવનની પ્રથમથી જ ન
હતી; આથી શહેરમાંના કિરીટના એક બે ખાસ મિત્રોને
ઓળખતો હતો. તે મિત્રો બળવાવાદી હિંસક ચળવળ
કિરીટના સહાયક હતા, એમ પણ ચ્યવન જાણતો હ
આથી ચ્યવન છેવટે તે મિત્રો પાસે જ પહોંચી ગયો. કિર
વિષે ચ્યવને ઘણા પ્રશ્નો કર્યા, છતાં પેલા બંને મિત્રોએ
વિષે પોતાનું અજ્ઞાન જ બતાવ્યું. ચ્યવન આનો મ
સમજ્યો. એને માટે તે લોકોના હૃદય નજીક પહોંચી વિશ્વ
પેદા કરવાની જરૂર હતી, એમ તેને લાગ્યું. આથી ચ્ય
ઉપરોક્ત કિરીટના બે મિત્ર પૈકી એક—જે ચ્યવનને વ
સારી રીતે પિછાનતો હતો તેને ત્યાં રાત્રે ધામા નાખ
અસહકારની લડતમાં તે મિત્ર પણ ચ્યવનની સાથે થો
વખત હતો, એટલે જૂની મૈત્રી પણ હતી જ. આથી તે મિ
ચ્યવનનો સારો સત્કાર કર્યો.

રાત્રે ચ્યવન અને પેલા મિત્ર વચ્ચે જૂના સબંધો
ઘણી જ વાતો થઈ. રાજદ્વારી વિષયો અને અહિંસા ત

હિંસાની ફિલસૂફી પણ ચર્ચાઈ. વાતચીતમાં ચ્યવને જોયું કે, ગાંધીજીની અહિંસક શાંત ફિલસૂફીમાં પેલા મિત્રને હજી કંઈક શ્રદ્ધા ટકી રહી હતી. હિંસક દળનો સભ્ય થયા છતાં તેના ચિત્તમાં હિંસાની સફળતા માટે કંઈક ઊંડી શંકા રહેતી હોય એમ ચ્યવનને લાગ્યું.

"મહાત્માજીએ દેશને નુકસાન કર્યું છે એ ખરું, છતાં તેમને અનુસરનારા લોકો તો મળી જ રહેવાના." પેલા મિત્રે વાતચીતમાં જણાવ્યું.

"એનું કારણ તમે શું ધારો છો?" ચ્યવને પૂછ્યું.

"ઓછા જોખમવાળી એ લડત છે, એ જ કારણ."

"તમે તો વેપારી છો. સસ્તો વ્યાપારી સારું પેદા કરે એ તો જાણતા જ હશો." ચ્યવન હસ્યો.

"હા, એનો વેપાર બહોળો ચાલે અને એ ફાવે એ વાત ખરી."

"એવું જ મહાત્માજીની ચળવળનું છે. અને એમાં દુશ્મન પણ સૌમ્ય બનવાની મથામણમાં પડે છે."

"એ હશે, પણ હિંસા એ નસ્તર જેવો જલદ અને તાત્કાલિક ઉપાય છે. એમાં બહુ વખત ન જાય." પેલો મિત્ર બોલી ઊઠ્યો.

"પણ એમાં કેટલાને ગળે નસ્તર મુકાઈ જાય છે, છતાં કંઈ જ હાથ નથી આવતું. કિરીટનો જ દાખલો લો. આજે એ સપડાયો છે. એના માથે મૃત્યુ ઝઝૂમે છે. એની ગભરુ પત્ની અને બાળક ટળવળી રહ્યાં છે. હુંય એને બચાવવા મારું માથું હાથમાં લઈ ફરું છું. પણ મને આશા

નથી કે મારા માથાને સાટે પણ હું કિરીટનું માથું બચાવી શકું. આવા જલદ ઉપાયનો શો અર્થ ?" ચ્યવને મુદ્દાની વાત પર આવવા માંડયું.

"તમે અહિંસાવાદી હોવા છતાં કિરીટ માટે આટલી લાગણી કેમ બતાવો છો ? અને કિરીટ સપડાયાની વાત તમે ક્યાંથી જાણી ?" પેલા મિત્રે આશ્ચર્ય બતાવ્યું.

"કિરીટની ગતમૈત્રીનો દાવો માત્ર તમારો એકલાનો જ ન હોઈ શકે. કિરીટની પત્ની અને હું એટલુંયે ન જાણીએ ? તમને અમારો વિશ્વાસ નથી, એટલે બધું છુપાવો છો. પણ હું તો તમને કિરીટના મિત્ર જાણી તમારાથી કશું જ છુપાવવા માગતો નથી." ચ્યવન હસ્યો.

"કિરીટની પત્ની બિચારી બહુ જ ઝૂરતી હશે. એ તો સારું ભણેલી પણ છે, ખરું ?"

"હા, ઘણી જ સુશીલ સ્ત્રી છે. મારા પાડોશીની પુત્રી હોઈ બચપણથી મારા પર બંધુતુલ્ય સ્નેહ રાખે છે. એથી તેનાં આંસુ મારાથી નથી જોવાતાં. એનાં આંસુ ન વેહાવાથી હું મારું માથું આપીને પણ કિરીટને છોડાવવાની પ્રતિજ્ઞા લઈ નીકળ્યો છું. એને હું બચાવીશ. નહિ જ બચાવી શકું તો એની સાથે જ ફાંસીના માંચડે ચઢી જઈશ." ચ્યવને લાગણીવશ સ્વરે કહ્યું. પેલો મિત્ર જોઇ રહ્યો.

"ચ્યવનરાય ! ધન્ય છે તમારા મિત્રપ્રેમને ! અહિંસક મિત્રો પણ આટલો ત્યાગ કરી શકે છે, એ મને આજે જ સમજાયું." મિત્ર પણ લાગણીવશ બની બોલી ઊઠ્યો.

"પ્રેમ અને ત્યાગ એ કોઈના પણ ઇજારાની વસ્તુઓ નથી. પણ મને હવે કંઈ માર્ગ બતાવશો ?"

"હું શો માર્ગ બતાવું?" જરા વિચાર કરી મિત્ર બોલી ઊઠ્યો.

"હજી મારો અવિશ્વાસ આવે છે, ખરું? જોઈએ તે રીતે હું તમને ખાતરી આપું, પણ મને માર્ગ બતાવો." ચ્યવન ભાવપૂર્ણ નેત્રો ઢાળી રહ્યો.

"ખાતરીની જરૂર નથી. તમારું વચન બસ છે." મિત્ર પીગળ્યો.

"તમારા રહસ્યનો પ્રાણાંતે પણ દુરુપયોગ ન કરવાના હું માતૃભૂમિને નામે શપથ લઉં છું." ચ્યવને શપથ લીધા.

"ચ્યવનરાય, મિત્ર! અગ્નિજ્વાળાના માર્ગમાં તમે પણ આવો છો: જરા વિચાર કરી લો."

"કાંઈ જ વિચાર કરવાનો બાકી નથી રાખ્યો, ભાઈ. મને હવે કિરીટને મુક્ત કરવાનો માર્ગ બતાવો. એટલું હું કરી શકું તો પછી મને મારા જીવનની ફિકર જ નથી." ચ્યવન અધીરાઈથી બોલ્યો.

પછી પેલા મિત્રે ચ્યવનને બહુ જ ગુપ્ત રીતે કિરીટની કથા કહી. પાસેના પ્રાંતમાંની બળવાવાદીઓની એક ભયંકર ખૂની યોજના કિરીટે રાજીખુશીથી માથે લીધી હતી. તે યોજના પાર પાડે તે પહેલાં કિરીટ પકડાઈ ગયો હતો. કિરીટને શંકા ઉપરથી જ પકડ્યો હતો. કાવતરું કરનાર તે પોતે જ હતો, કે બીજા કોઈ, તેની પોલીસને પણ શંકા હતી, તેથી વધુ તપાસ ચાલી રહી હતી, અને કિરીટને ગુનાનો એકરાર કરવા દબામણી થઈ રહી હતી. કિરીટ મક્કમ રીતે પોતે નિર્દોષ હોવાનું કહી રહ્યો હતો. બળવાવાદી

મિત્રો તેને બને તો છોડાવીને ભગાડી જવાની પેરવીમાં પડ્યા હતા; પણ આજ સુધી તે કાર્યમાં સફળતા મળી ન હતી.

ચ્યવને પછી કિરીટને છોડાવવાના માર્ગોની ચર્ચા કરી જોઈ. તેણે છેવટે પૂછ્યું: "કિરીટ છૂટીને સુખેથી તેના ગામમાં પોતાની પત્ની સાથે નિર્ભયપણે રહી શકે તેવો કોઈ છુટકારાનો માર્ગ નથી?"

"છે તો ખરો." મિત્ર હસ્યો.

"મને બતાવો ને! મારે તો તેનો છુટકારો જોઈએ છે."

"કિરીટનો આરોપ માથે ઓઢી લઈ કોઈ પોતાનું માથું આપે તો કિરીટ નિર્દોષ ઠરે."

"એમ જ થવું જોઈએ." પળવાર રહીને ચ્યવન બોલ્યો. તે પછી ચ્યવને પેલા મિત્ર પાસેથી એક બે આવશ્યક ભલામણ-પત્રો લખાવી લીધા; અને સવારમાં વહેલો કિરીટને માટે ચિંતા કરતો તે પહેલી જ ગાડીએ રવાના થઈ ગયો.

પ્રકરણ અઢારમું

છુટકારો

દિવસ પછી દિવસો જવા લાગ્યા, પણ કિરીટ કે ચ્યવન કોઈ જ પાછા ફર્યો નહિ. રંભાની વ્યગ્રતાનો પાર રહ્યો નહિ. વ્યગ્રતાની જાણે મૂર્તિ હોય તેવી રંભા રોજ ને રોજ ચ્યવન કે કિરીટના આગમનની રાહ જોઈ બેસતી અને સાંજે નિરાશ થઈ આખી રાત રડીને પૂરી કરતી. રોજ સવારે સૂર્યોદય સાથે તેના ઉરમાં આછી આછી આશા પ્રગટતી અને સૂર્યાસ્તની સાથે જ તે અસ્ત પામતી. ચ્યવન પાછો ન આવ્યો, તેનો અર્થ રંભા એક જ કરતી હતી : કિરીટનો પત્તો નહિ જડયો હોય એટલે એ પાછો શાનો આવે ? હવે રંભાને કોઈ વાતનો વિસામો પણ ન રહ્યો. શા માટે તેણે ચ્યવનને—નિર્દોષ સ્નેહાળ ચ્યવનને—એવાં કઠોર વેણ કહ્યાં ? તેની જીભે કાંટા કેમ ન વાગ્યા ? એવો તીવ્ર પસ્તાવો રંભાના મનમાં થઈ રહ્યો હતો. ચ્યવન શુદ્ધ સો ટચનું સોનું હતો, એમ પસ્તાતી રંભાનો આત્મા સાક્ષી પૂરી રહ્યો હતો.

રંભાએ વિનુને કિરીટની તપાસ માટે વારંવાર કહ્યું.

અને પોતે પણ એક વાર શહેરમાં જઈ આવી, પણ કાંઈ જ પત્તો ન લાગ્યો. વળી આ વાત બહુ ઊપણવાથી પણ ફાયદો ન હતો. ચોરની મા કોઠીમાં પેસીને રડે તેના જેવી વાત હતી. આથી રંભા બહુ જ અકળાવા લાગી. દુઃખથી કૃષ બનેલો, પ્રથમથી જ સરસ્વતી જેવો દેખાતો તેનો દેહ ફલ્ગુની પેઠે વધુ કૃષતર થવા લાગ્યો. કીકાને ખોળામાં લઈ આંસુ ઢાળવામાં જ તેનો દિવસ વ્યતીત થવા લાગ્યો. ગામમાં આછી આછી આ વાતની લહરી ઊડી હતી, એટલે રંભાને ઘર બહાર જવું પણ ગમતું નહિ. કંકુ ડોશી તો રંભાને મન હવે વિષ જેવી બની ગઈ હતી. તેણે જ ચ્યવન માટે રંભાનું મન દૂષિત કર્યું હતું તે રંભા સમજતી હતી. આથી કોઈના પણ ભટકતા આશરા વગરની રંભા, જાણે પોતે ગાંડી થઈ જશે એવો અનુભવ મન સાથે કરી રહી.

આજે રંભા પર વિનુનો પત્ર આવ્યો હતો. તેમાં તેણે કિરીટની ધરપકડના અને કેદના સમાચાર વિગતે આપ્યા હતા. કિરીટના માથે મોટી પદવીના અમલદારના ખૂનના કાવતરાનો આરોપ ચઢ્યો હતો. તે આરોપમાંથી તેને બચાવવો એ મુશ્કેલ કાર્ય હતું, એનો પણ વિનુએ ઇશારો કર્યો હતો. અંતમાં તેણે રંભાને આશ્વાસન આપી, પોતાનાથી બનતી કોશિશ તે કરશે એમ જણાવ્યું હતું. આ પત્ર વાંચી રંભાની રહી સહી આશા પણ ઓસરી ગઈ. રુવે રુવે દાહ થઈ રહ્યો. કિરીટને એ ભયંકર કાવતરામાંથી બચાવવાનું કામ કેટલું અશક્ય હતું એ ખ્યાલે તેની કોમળ છાતી ફાટી જવા લાગી, રુદનનો અને આંસુનો મેરામણ

છાતી અને આંખને ગાંડીતુર બનાવી રહ્યો. દુઃખનો પ્રથમ આઘાત કંઈક શમ્યા પછી રંભાએ, તેના પિતાએ તેના નામે મૂકેલા તમામ પૈસા કિરીટને છોડાવવામાં ખર્ચવા અને જરૂર પડે તો ઘરબાર ગીરો મૂકવા પણ નિશ્ચય કર્યો. તેણે ભાંગેલા હૈયે વિનુને આ પ્રમાણે પત્ર લખ્યો અને પોતે જાતે બધી વ્યવસ્થા કરી બે ત્રણ દિવસે શહેરમાં આવી પહોંચશે એમ પણ જણાવ્યું. કિરીટનો એક સમયે તિરસ્કાર કરનારી રંભા આજે કિરીટ માટે જ સર્વસ્વ હોમવા તૈયાર બની હતી. કારણ, કિરીટ તેનો પતિ હતો. પતિને તેણે સખ્ત આરાધના વડે પ્રેમી પણ માની લીધો હતો. આર્યકન્યાઓ કમનસીબે પ્રેમિને પતિ બનાવી શકતી નથી, પણ પતિને પ્રેમી બનાવવાની કળા તો તેમની જ ગણાઈ છે.

પત્ર રવાના કરી આંસુ સારતી રંભા ઓસરીમાં બેસી રહી હતી. કિરીટ જેલમાં શી શી યાતનાઓ વેઠતો હશે તેનાં દુઃખભર્યાં કલ્પનાચિત્રો તે દોરી રહી હતી. દયામણો બની ગયેલો કિરીટ જાણે કેદખાનાની કોટડીમાં બેસીને પોતાના તરફથી છુટકારાના પ્રયાસોની આશા સેવતો હોય તેમ રંભા કલ્પી રહી. આવા વિચારોમાં સાંજ પડી ગઈ. રંભાના હૃદયમાં ખરા બપોરથી જ સાંજ પડેલી હતી, એટલે સાંજ પડ્યા છતાં તે એમ ને એમ જ બેસી રહી. દૂધ વેચનારી છોકરીએ આવીને તેની કષ્ટકર વિચારમાળામાં ભંગ પાડ્યો ત્યારે જ તે ઊઠી. ઊઠતાં ઊઠતાં તે મન સાથે બોલી: "પ્રિય કિરીટ, હું મારા સર્વસ્વનો ભોગ આપીને પણ તને બચાવી લઈશ."

અંધારું થઈ જવાથી રંભાએ દીવા પેટાવ્યા. ઘરમાંનો

અંધાર દીવાઓ વડે દૂર થયો, પણ હૈયાનો ઘોર અંધાર તેમનો તેમ જ રહ્યો. નિરાશાના ઘોર અંધારને બહારના લાખો દીપકો વડે પણ ટાળવા કોણ સમર્થ છે? આશાનો જ્વલંત દીપક જ એ અંધારને તો ટાળી શકે. પણ રંભાને માટે આશાનું કિરણ સરખુંયે ક્યાંય દૃષ્ટિગોચર થતું ન હતું. છતાં 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે' એ ન્યાયે તે ઊંડે ઊંડે કિરીટ માટે કંઈક થઈ શકશે એવી આશા સેવી રહી હતી. પણ તે આશા કોઈ સ્પષ્ટ આકાર ધારણ કરી શકતી ન હતી.

કીકાને પારણામાં સુવાડી રંભા મૂંગી મૂંગી હિંચકો નાખી રહી હતી, તેવામાં આંગણામાં કોઈનો ઓછાયો જણાયો. "કોણ છે ?" રંભાએ ગલિત સ્વરે પૂછ્યું. પણ તે પ્રશ્નનો જવાબ આપ્યા વગર આવનાર વ્યક્તિ ઘરમાં દાખલ થવા લાગી. તે કોઈ માંદલો, ફિક્કો, શ્રમિત પુરુષ હતો. રંભાએ દીવાના આછા પ્રકાશમાં તેને પળવારમાં નીરખી લીધો ને તે ચમકી ઊઠી. ચમકેલી રંભા એકદમ આગળ વધી અને પેલા પુરુષનો હાથ પકડી બોલી: "કોણ તમે, અત્યારે? આ દશામાં?"

પુરુષ મૂંગો જ રહ્યો. તે પારણા આગળ બેસી ગયો— બેઠો નહિ, પણ ઝાડ ભાંગે તેમ ફસડાઈ પડ્યો. ધડકતી છાતીએ રંભા તેની પાસે બેસી વીંઝણાથી પવન નાખતાં પૂછવા લાગી: "સારા તો છો ને? શરીર સાવ નંખાઈ ગયું છે."

"હા, પ્રથમ મને પથારી કરી દે." પુરુષ તે કિરીટ

પોતે જ હતો. તેણે ક્ષીણ અવાજે શ્વાસોશ્વાસ શમતાં જવાબ આપ્યો.

રંભાએ પથારી કરી કિરીટને તેમાં બેસાડી જળપાન કરાવ્યું. પછી તે થોડી વાર તેની પથારી પાસે જ કિરીટના પગ દાબતી આંસુ સારી બેસી રહી. કિરીટના હાલ જોઈ તેનું હૈયું ફરી રહ્યું હતું. કિરીટના ડાચાં મળી ગયાં હતાં, આંખો ઊંડી ઊતરી ગઈ હતી, ચહેરો શ્યામ પડી ગયો હતો, શરીર નેતર જેવું ક્ષીણ બની ગયું હતું, હાડકાંના માળા જેવી કાયામાં હાંફ અને ઉધરસ ધમધમી રહ્યાં હતાં; પરંતુ સારા ભાગ્યે તાવનાં ચિહ્ન ન હતાં; તેથી રંભાએ મનમાં જ પ્રભુનો આભાર માન્યો. દુઃખીને દુઃખ પાડવામાં કંઈક કમીના રહી જાય તેને પ્રભુનો ઉપકાર લેખી શકાય કે નહિ ?

કિરીટનો થાક ઊતર્યો એટલે તેણે રંભા સાથે થોડી વાતચીત કરી. પછી રંભાએ તેના માટે ઊની રસોઈ તૈયાર કરી અને તે જમ્યો. જમીને ઊંઘતાં કીકાને પ્રેમથી પંપાળી લીધા પછી કિરીટ બોલ્યો: " રંભા, તું કેમ આમ સુકાઈ ગઈ છે ? "

જવાબમાં રંભાએ કિરીટના ખોળામાં મોં નાખી રુદનની સરિતા છૂટી મૂકી દીધી. થોડી વારે કિરીટ ફરી બોલ્યો: " પૂછું તેનો જવાબ આપીશ, કે રડ્યા જ કરીશ ? "

" શાનો જવાબ આપું ? " ડૂસકું છાતીમાં જ દાબતી રંભા આંસુ લૂછતાં બોલી. તે કિરીટના દગ્ધ જેવા ચહેરાને તાકી રહી હતી.

" તું આવી સાવ દૂબળી કેમ પડી ગઈ છે ? " રંભાનો ભાવ સમજ્યા વગર કિરીટ ફરી બોલી ઊઠ્યો.

કેટલીક વાર સ્ત્રીઓના સૂચક ભાવોને પુરુષો ઝટ ગ્રહણ નથી કરી શકતા. નારીજાતિને વિધિએ જે વિદગ્ધપણું આપ્યું છે તે ઘણી વાર તો પુરુષ પરખી પણ શકતો નથી. નારીએ એ ચતુરાઈ તપશ્ચર્યાથી તો નહિ મેળવી હોય ?

"હું જ માત્ર દૂબળી પડી છું અને પોતે તો તાજા થઈને આવ્યા છે !" કહી રંભા કિરીટના ગળાની હાંસડીનાં ઉઘાડાં દેખાતાં હાડકાં પર હાથ ફેરવી પુનઃ રડવા લાગી.

"હું તો કેદમાં હતો, એટલે એવું થાય." કિરીટે રંભાનાં આંસુ લૂછી નાંખ્યાં.

"હુંયે પણ એવી કેદમાં હોત તો સારું. હવે જાઓ તો મને સાથે લઈને જ જજો !"

"હવે હું ક્યાંય જવાનો નથી." કિરીટ ફિક્કું હસ્યો.

"તમે તો જન્મારાથી જુઠ્ઠા છો. પોતે બળીને બીજાનેય બાળવાની તમારી ટેવ જાય નહિ તો ?"

"મને બધો અનુભવ થઈ ચૂક્યો. હશે, દેશસેવાની ધગશ હતી તે પણ હવે પૂરી થઈ ગઈ. હવે ફરી શહેરમાં પણ જવાનો નથી."

"તમારા મિત્રો છોડશે શાના ! ન જાઓ તો જંપવા કેમ દે ?" રંભાએ બળવાવાદી મિત્રોની રીતિનો ખ્યાલ આપ્યો.

"મેં વચનની ખાતર એક વાર તેમના આદેશ ઉપર માથું ધરી દીધું છે. તેઓ બધા મને ઓળખી શક્યા છે. હવે તેમને એતબ્રા બન્યા વગર જ હું શાંત જીવન જીવવા ઇચ્છું છું. તેમાં તે આડા નહિ આવે." કિરીટે ખુલાસો કર્યો.

" તમે નિર્દોષ થઈને શી રીતે છૂટયા ? "

" કોઈ અજાણ્યા મિત્રે એકાએક આવી મારો આરોપ તેના માથે ઓઢી લીધો. સરકારને તેના એકરાર અને વિગતો પરથી એમ જ લાગ્યું કે, તે જ ખરો આરોપી છે; એટલે તેને પકડવામાં આવ્યો અને મને છોડી દેવામાં આવ્યો. " કિરીટે છુટકારાની વાત ટૂંકામાં સમજાવી. તેનાં અવાજમાં છુટકારાની આશાયેશનો ભાવ હતો.

" તો ચ્યવનભાઈ તમને ક્યાંય મળ્યા જ નથી ? " રંભાએ જરા વાર વિચાર કરીને પૂછ્યું.

" ના, રે ના. તે શાનો મળે ? "

" તમને છોડાવવા માટે જ તે નીકળ્યા છે. વખતે તેમણે તો તમને નહિ છોડાવ્યા હોય ? " રંભાએ પોતાની શંકા પ્રગટ કરી.

" હવે એ તે શું ત્યાં મદદ કરી શકવાનો હતો ? ગાંધીવાદીનાં ત્યાં આવવાનાં ગજાં નહિ. " ઉપેક્ષાના સ્વરે કિરીટ બોલ્યો. કિરીટ જેવા બનાવટી વીરો બીજાની વીરતા ભાગ્યે જ પિછાની શકે છે. વીરોની વીરતાને સાચા વીર જ પિછાની શકે. કારણ, વીર માત્રનું ગૌરવ તેમને મન પોતાનું જ હોય છે. બનાવટી ઝળકવાવાળા વીરો બીજાને વીર કહેતાં અચકાય છે. કારણ, તેમ કરતાં પોતાનું વીરત્વ લૂંટાવાનો તેમને ભય લાગે છે. સાચો વીર પરખવાની આ એક કસોટી ન ગણાય ?

" ત્યારે તમારે માટે માથું આપનાર એ વીર કોણ હશે ? " રંભાએ પૂછ્યું.

" કોઈ અજાણ્યો બળવાવાદી મિત્ર જ હોવો જોઈએ.

તે સ્ત્રીપુત્ર વગરનો એકાકી હોવાથી મારો આરોપ ઓઢી લેવા તૈયાર થયો હતો, એમ મને ગુપ્ત સંદેશો મળ્યો હતો તથા તેને મારો આરોપ ઓઢી લેવા દેવામાં સંમત થવા મને મારા મિત્રોએ ગુપ્ત સૂચના પણ કરી હતી."

"પણ તેનું નામ તમે ન જ પૂછ્યું? જેણે તમારે માટે માથું આપ્યું તેનું નામ તો જાણી લેવું હતું!" ઉત્તેજિત સ્વરે રંભા બોલી.

"નામ મને કહેવામાં જ ન આવ્યું. તે મિત્ર ગુજરાત તરફનો કોઈ નવીન સૈનિક હતો." કિરીટે ખુલાસો કર્યો. ખરી રીતે છુટકારાથી હર્ષિત થયેલો કિરીટ પોતાને માટે મરવા તૈયાર થનાર એ અજાણ્યા મિત્ર માટે બહુ કાળજી કર્યા વગર જ ઘર તરફ આવવા નીકળી પડ્યો હતો.

"ત્યારે ચ્યવનભાઈનું શું થયું હશે?" ચિંતાતુર સ્વરે રંભા બોલી ઊઠી.

કિરીટ રંભાના ચિંતાતુર મુખ તરફ જોઈ રહ્યો હતો. ચ્યવન માટેની રંભાની ચિંતા તેને અણગમતી લાગી.

પ્રકરણ ઓગણીસમું

મદન અને કિરીટ

બેત્રણ દિવસ સુધી કિરીટે થોડે થોડે પોતાની વીતકકથા રંભાને કહી દીધી. છેવટે પોતે હવે ઘર છોડી એ ચળવળમાં જવા માગતો નથી એ પણ રંભાને તેણે કહી દીધું. રંભાએ પણ તેને નચિંત મને આરામ લઈ શરીર સુધારવાની અને પછી જમીનજાગીર સંભાળી બેસી રહેવાની સલાહ આપી. શહેરમાંથી વિનુ તથા બીજાં સગાં-વહાલાં આવીને કિરીટને મળી ગયાં. સહુએ શહેર છોડી ગામમાં જ રહેવા કિરીટને સલાહ આપી. ગામના મીઠાં-બોલા વૃદ્ધોએ પણ 'ભાઈ, શે'ર છોડી ગામમાં રે'શો તો શરી હારું રહેશે,' એમ કહી પોતાની ફરજ બજાવી લીધી. કિરીટને આ બધાની સલાહ ગમી અને તેણે ગામમાં જ રહેવાનો નિશ્ચય કરી, આરામ લેવા માંડયો. રંભાની પ્રેમભરી કાળજી, કીકાનો નિર્દોષ કિલકિલાટ અને ગામડાનાં સ્વચ્છ હવાપાણીથી ઘસાઈ ગયેલો કિરીટનો દેહ ધીમે ધીમે વળવા લાગ્યો.

કિરીટને જેલનો અનુભવ બહુ જ કપરો થયો હતો.

પોલીસ અમલદારોના ત્રાસજનક ઘોંચપરોણા, ખાવાપીવાનું દુ:ખ, અપમાનોની પરંપરા, થનારી સજાની ધમકી, અને કુટુંબનો વિયોગ એ બધું કિરીટથી લાંબો વખત બહાદુરીથી વેઠી શકાયું નહિ; એક સપ્તાહમાં જ તેનું મન ડગી ગયું. છતાં બળવાવાદી મિત્રો ગુપ્ત રીતે તેને હિંમત આપતા અને 'અમે તક મળતાં છોડાવી જઈશું' એવા સંદેશા મોકલતા, તેથી કિરીટ ટકી રહ્યો હતો. પણ લાંબો વિચાર કરતાં નાસીને પણ સલામત રહેવું તેને મુશ્કેલ લાગતું હતું. સરકારના હાથ કેટલા લાંબા છે તેનો તેને આ પ્રથમ પ્રયાસે જ ખ્યાલ આવી ગયો હતો. એટલે કિરીટ જેલમાં બહુ જ નાહિંમત થઈ ગયો હતો. તેને પોતાના કૃત્ય માટે પસ્તાવો પણ થતો હતો, પણ તે હવે કવખતનો હતો. કિરીટની ગીલેટ જેવી વીરતા દુ:ખની આંચથી ઓગળી ગઈ અને તે નરમ બની ગયો. ગમે તે ઉપાયે જીવ બચાવવા તરફ તેની વૃત્તિ વળવા લાગી. મિત્રોના સાંકેતિક ભાષામાં આવતા સંદેશા જ માત્ર તેને માટે રહીસહી આશારૂપ હતા.

રોજ-બ-રોજ તૂટતી જતી કિરીટની આશા એકાએક સતેજ બની ગઈ. તેને ખબર મળી કે, કુટુંબકબીલા વગરનો—જેની પાછળ કોઈ ઝૂરનાર નથી એવો એક મિત્ર પોતાનો આરોપ ઓઢી લેવા તૈયાર થયો હતો. મુક્તિ માટે ઉત્સુક બની બેઠેલા, સિદ્ધાન્તનો મોહ કે પ્રેમ ગુમાવી બેઠેલા કિરીટને એ વાત મધ જેવી મીઠી લાગી. સ્વાર્થનો દેવતા તેના દેહમાં નૃત્ય કરી રહ્યો. ખરેખર, આ વિશ્વમાં સ્વાર્થથી અળી કોઈ જ ચીજ નહિ હોય! એ સ્વાર્થ જ વિશ્વનું અમૃત

નથી? એ અમૃત ન હોત તો વિશ્વ આજે આટલા ઉલ્લાસથી ભાગ્યે જ જીવતું હોત. કહેવાતી નિસ્વાર્થતામાં પણ શું સ્વાર્થ નથી હોતો? ઘણીક વાર તો એ નિસ્વાર્થ-વૃત્તિ જ સ્વાર્થના મોટાભાઈ જેવી હોય છે.

લાંબી પૂછગાછ કર્યા વગર જ કિરીટે છુટકારાની તકને ઝડપી લીધી. તે છૂટ્યો અને તેને બદલે પેલો નિસ્વાર્થી મિત્ર જેલમાં પુરાયો. તેના નિસ્વાર્થની પાછળ શું કાંઈ જ અર્થ નહિ હોય? હોય કે ન હોય તેની કિરીટને પરવા ન હતી. મિત્રોની મદદથી તે સીધો જ ઘર તરફ દોડ્યો. 'હવે એકાદ વર્ષ સરકારની નજર ચૂકાવવા તમારે ઘર-ધંધામાં જ ચિત્ત પરોવી દેવું' એવી મિત્રોની સૂચના સાંભળી કિરીટ મનમાં જ હસી ઊઠ્યો. તેણે મનથી જ હવે સદા માટે ઘરમાં જ ગોંધાઈ રહેવાનો નિશ્ચય કરી લીધો હતો. મા ભારતી માટેનો તેનો પ્રેમ સ્મૃતિશેષ બની ગયો હતો. એટલે મિત્રોને જલદી જલદી મળી લઈ તે પહેલી જ ગાડીએ વતન તરફ આવવા ઊપડ્યો. જેલના કષ્ટથી તે લેવાઈ ગયો હતો, છતાં આરામની પરવા કર્યા વગર તેણે એકદમ ઘરનો માર્ગ જ લીધો.

રંભાની સોબતની મધુર સ્નિગ્ધ હુંફથી તેની તબિયત સુધરવા લાગી. રંભાને તેથી આનંદ થયો. પણ ચ્યવન માટેની રંભાની ચિંતા હવે તેની નાનકડી છાતીમાં સમાતી ન હતી. તેણે એક વાર પતિને કહ્યું: "ચ્યવનભાઈ હજી કેમ નહિ આવ્યા હોય? આપણે એમની શોધ કરવી જોઈએ."

"આવશે, ગમે ત્યાં રખડવા ગયો હશે. તેની તને આટલી બધી ચિંતા કેમ થાય છે?"

સ્વામીના છેલ્લા વાક્યનો વ્યંગાર્થ પી જઈને પણ રંભા બોલી: "ચ્યવનભાઈની મા અને બહેન બિચારાં ઝૂરે છે, તે તમે તો જાણતા જ નથી. વળી એ તમારી ભાળ માટે જ ગયો છે, એટલે જ મને ખાસ ચિંતા થાય છે."

"હજીયે ચ્યવન તારા હૈયેથી ખસ્યો નથી, ખરું ને?" લાલઘૂમ નેત્રો વડે કિરીટ રંભાને તાકી રહ્યો હતો. જાણે વક્ર બનેલા એ મંગળ રંભા ઉપર એકાસાથે દૃષ્ટિ ફેંકી રહ્યા.

"તમને તો જાણે અક્કલ જ નથી રહી. ચ્યવનભાઈ માટે આવું બોલતાં તમે શરમાતા નથી?" રંભા ચિરાતા હૃદયે બોલી. કિરીટનો આક્ષેપ તેના કોમળ ઉરને વિદારી રહ્યો હતો.

"તારી અક્કલ તારી પાસે રાખ, પણ મારી આગળ ચ્યવનની વાત સંભારતી નહિ." કંટાળ્યો હોય તેમ બોલી કિરીટ ચાલ્યો ગયો, અને પોતાની પાડોશમાં થોડે દૂર રહેતા મદનલાલને ત્યાં જઈ રોજની પેઠે ગપાટા મારવા લાગી ગયો.

"બાપુજી, લંભાકાકી ઘેલ બેઠાં બેઠાં લડે છે." મદનનો બાળકપુત્ર વચ્ચે જ આવી કાલી ભાષામાં અહેવાલ આપવા માંડયો.

"કેમ રડે છે?" મદને પૂછ્યું.

"શી ખબલ, કાંઈ બોલતાં નથી," કહી બાળક રમવા દોડી ગયો.

"શું ધાંધલ થયું છે કિરીટભાઈ?" મદને કિરીટને પૂછ્યું.

"ધાંધલ શું થાય યાર! એ તો છે જ એવી. રોજ ઊઠીને મને કહે છે કે ચ્યવનને શોધવા જાઓ. પણ હું જરા સાજો સમો તો થાઉં? મેં ના પાડી તેમાં રડવા બેઠી હશે."

"રંભાને ચ્યવનની બહુ લાગણી છે. હોય! પણ એ તો, નાનપણનો સ્નેહ ખરો ને!" મદન ધીમે રહીને કિરીટના આળા હૈયામાં સોયા ભોંકવા લાગ્યો.

"એવી લાગણી હતી હશે?" મદનની અણગમતી વાતને ટાળવા કિરીટ બોલી ઊઠ્યો.

"અરે ભાઈ, ચ્યવન વગર તો રંભાને એક દિવસ પણ ચાલતું નહિ. રોજ સાંજે ચ્યવન આવે ત્યારે જ કીકાનેય ધરપ વળતી. હું રોજ જોતો હતો ને!" મદનની જીભ કાતિલ અસ્ત્રનું કામ કરવા લાગી હતી. તેને ખબર નહિ હોય કે તે આ રીતે પોતાના એક પાડોશીના હૃદયમાં અને ગૃહસંસારમાં કાતિલ ઝેર રેડી રહ્યો હતો. જે જીભથી મીઠા શબ્દો બોલી શકાય છે, જેના વડે અમૃતતુલ્ય સ્વાદ લઈ શકાય છે તે સુંવાળી જીભ જ વખત આવ્યે વજ્રના બખ્તરોનેય વીંધી નાખે તેવાં વાગ્બાણ છોડે છે. એવી જીભને માનવીના મુખમાં ઢાળીને વિધાતાએ ભૂલ નથી કરી?

"ચ્યવન પહેલેથી જ રોજ આવતો હતો. કીકાને રમાડ્યા વગર એનેય ચેન નથી પડતું." મદન પ્રત્યેનો અણગમો મનમાં જ દબાવી કિરીટ વાતની કડવાશ હળવી કરવા લાગ્યો. પણ આ જ વખતે રંભા તથા કિરીટ માટે તેના મનમાં કુશંકાનું ભારે વાદળ ઘેરાઈ રહ્યું.

"એ તો ખરું, પણ ભાઈ, મરદ ન હોય તેવા વખતે રોજ એકલી બૈરી પાસે આવીને બેસવું સારું નહિ. લોક પણ વાત તો કરે જ ને?" મદને પૂરેપૂરી દુષ્ટતા પ્રદર્શિત કરી.

"મદન, તું રંભાને તારે કાટલે માપી રહ્યો છે, ખરું?" ભ્રૂકુટિ ચઢાવી કિરીટ બોલી ઊઠ્યો. હવે તેને ચોટ

લાગી હતી. મદનને વધુ વખત ચુપચુપ સાંભળી લેવા એ તૈયાર ન હતો.

"ના, ના ભાઈ, રંભા તો રંભા જ છે. આપણા ગામનું નાક છે. હું તો ચ્યવનને આવું ન શોભે એમ કહેવા માગું છું." કિરીટનો રોષ જોઈ મદને વાતને વાળી લીધી. મૂઢ કે ચોટની પેઠે વાતને વાળવાની પણ કળા હોય છે. વાત ન વળે તો મૂઢ કે ચોટ કરતાંય વધુ ભયંકર તમાસો બની જાય છે.

"મદન, તું અધકચરું ભણેલો છે, તેવાં જ તારા વિચારો પણ અધકચરા રહ્યા." કિરીટ બોલ્યો.

"હશે, પણ ચ્યવનભાઈ કેમ ગામમાં દેખાતા નથી? એમની શોધ તો કંઈક થવી જ જોઈએ."

"રંભાનું એ જ કહેવું છે. પણ આપણે તે કેટલાંની ચિંતા માથે લેતા ફરીએ?"

"જૂના મિત્રો છો, તે એટલું તો કરવું જ પડે ને?" મદને ધીમેથી વાતની ઠોકર લગાવી; પણ કિરીટ તે ગળી ગયો.

"હું શહેરમાં જવા જેવો થાઉં, પછી પત્તો મેળવીશ. વખતે એ પોંડીચેરી ગયો હોય." કિરીટે મનના ભાવો દબાવી વાર્તાલાપ દેખાવ પૂરતો જ ચાલુ રાખ્યો. તેનું ચિત્ત મદનની વાતચીતથી વ્યગ્ર બની ગયું હતું.

"પોંડીચેરી શું કામ જાય?" મદને પૂછ્યું.

"ત્યાં અરવિંદ બાબુનો આશ્રમ છે, માટે કદાચ જાય. ઘણી વાર એ વિષે તે મને વાતો કરતો." કિરીટ ઊભો થતાં થતાં બોલ્યો. અને ભારે હૈયે અને તેથીય વધુ ભારે ડગલે તે ઘર તરફ ચાલતો થયો.

પ્રકરણ વીસમું

વિચારનાં વહેણ

ચ્યવનની વિધવા બહેન તથા વૃદ્ધ માતા ચ્યવન માટે બહુ જ અધીરાં બની ગયાં હતાં. શહેરમાં તપાસ કરાવી, પણ ચ્યવનની કાંઈ જ ભાળ ન મળી; બહુ રાહ જોયા છતાં પણ તે ન આવ્યો. માદીકરી ચોધાર આંસુએ રડવા લાગ્યાં. ગામમાં ગુપચુપ વાત પ્રસરી હતી કે, કિરીટ જેલમાં ગયો હતો તેને છોડાવવા ચ્યવને પોતે જેલ સ્વીકારી લીધી હતી. વાયરલેસથી વાત પ્રસરે છે એ તો આ જમાનાની જાણીતી બીના છે, પરંતુ વાયરલેસ વગર લોક–મનમાં યુગોથી દૂર દૂરની વાતો આપોઆપ પ્રસરતી આવે છે, એ બીના ઓછી આશ્ચર્યકર નથી. આ વાત જાણી ચ્યવનના મામા પણ વ્યગ્ર બન્યા. તેમણે પણ ભાણેજની શોધખોળ માટે ઠેર ઠેર તપાસ કરવા માંડી, પણ ચ્યવનની ભરોંસાપાત્ર માહિતી કાંઈ જ મળી નહિ. કિરીટને પૂછતાં તેણે તો એટલું જ કહ્યું કે, તેણે કેટલાય મહિનાથી ચ્યવનને દીઠો નથી. પરંતુ પ્રથમ કિરીટની ગેરહાજરીની વાત ઊડેલી હતી તેના અને હવે ચ્યવનના ગુમ થવાની વાતના તાંતણા લોકો પોતપોતાની

સમજ પ્રમાણે મેળવવા લાગ્યા.

“બેન રંભા! મારો ચ્યવન તને સગી બહેનથીય, અધિક ગણે છે. તેની કાંક ખોજ નો કરાવો.” રંભા ચ્યવનના ફળિયામાં એક દિવસ ગઈ હતી તે વખતે ચ્યવનની માતા ભીની આંખે બોલી.

“એમના મિત્ર જરા ઠીક થતા આવે છે; એટલે હવે પત્તો લેવા એ ચાર દિવસમાં તેમને જ મોકલીશ.” રંભા મ્લાન મુખે બોલી.

“બેટા, મારી વૃદ્ધની લાકડી, મારો ચ્યવન કોઈ શોધી લાવો. મારા ઘડપણમાં મારું મોત બગડવા બેઠું, ભગવાન!” ચ્યવનની માતા રડવા લાગી.

“કાકી, બળાપો ન કરશો. ચ્યવનભાઈ માટે મનેય ઘણી ચિંતા થાય છે. પ્રભુકૃપાએ ક્ષેમકુશળ પાછા આવશે.” અંતરની વેદના છુપાવતી રંભાની આંખ ભીની થઈ.

“રંભા, માઠું ન લગાડીશ, પણ ભાઈ કિરીટભાઈની શોધે જ ગયા હતા. તારા દુઃખમાં ભાગ લેવા એ અધીરા થયા હતા. અને તેથી કિરીટભાઈ ખાતર જ તે કયાંક ફસાઈ પડયા હોય એમ લાગે છે.” ચ્યવનની બહેન બોલી.

“હું જાણું છું, બહેન!” વિંધાયેલા હૃદયને જેમતેમ દાબી રંભા બોલી.

“તો કિરીટભાઈને સમજાવી ભાઈનો જલદી પત્તો મેળવાવો. અમે બંને બૈરાં માણસ—બીજા કોને કહીએ? ભગવાન પણ ગરીબને માથે જ આફત નાખે છે.” નિશ્વાસ નાખતી ચ્યવનની બહેન બોલી.

રંભાનું હૃદય ચિરાઈ જતું હતું. ચ્યવનને ઘર છોડા-

વનાર અભાગણી પોતે જ હતી; અને કિરીટના બચાવ માટે જ તે ફસાયો હશે એમ પણ તેના અંતરમાં ઊગતું હતું. આથી આંખ લૂછતી રંભા માદીકરીને જેમતેમ શાંત કરી ઘેર આવી. પણ તેના હૈયામાં મહા હુતાશન સળગી ઊઠ્યો. ચ્યવનના બદલે કિરીટને પામવામાં રંભાને આનંદ ન રહ્યો. એમાં તે શરમ, નાનપ અને ઊંડું દુ:ખ અનુભવી રહી. બાળમિત્ર ચ્યવન કેટલો સરળ હતો! એનું જીવન પોતે સળગાવી દીધું હતું, છતાં તે પોતા પ્રત્યે કેટલો બધો સ્નેહ રાખતો હતો, એ ખ્યાલથી જ રંભાનો હૃદયમહેરામણ ભયંકર તોફાને ચઢ્યો. પેલી સાંજનું દ્રશ્ય એની આંખ આગળ ખડું થયું. તેણે ચ્યવનને ખોટી શંકા પરથી અપમાનિત કર્યો અને એ પ્રિયતમ મિત્ર પ્રતિજ્ઞા લઈ ચાલ્યો ગયો. શું તે હવે પાછો નહિ જ ફરે? રંભાનું ચિત્ત વેદનાથી તંગ બની ગયું. દુ:ખના હૂબહૂ ચિત્ર સરખી તે શૂન્ય મને બેસી રહી. ચ્યવનની પાછળ તેનો આત્મા ઊડી રહ્યો હતો—દેહ જાણે જડવત્ બની ગયો હતો.

"આ કીકો ક્યારનો રડે છે? રસોઇ પણ ક્યારે કરીશ?" શૂન્ય રંભાને કિરીટે જાગૃત કરી. એ જાગૃતિ અસહ્ય લાગતી હોય તેમ રંભા દુ:ખભર્યાં વદને કિરીટ તરફ જોઈ રહી.

"તમે ચ્યવનભાઈ માટે કંઈ જ ખોજ નથી કરતા અને લોકો વાતો કરે છે." રંભાએ દાળ વીણતાં વીણતાં કહ્યું.

"કરે, લોકો તો નવરા છે." અણગમાથી કિરીટ બોલ્યો.

"ચ્યવનભાઈની બહેન અને બા પણ તમારા પર આધાર રાખી બેઠાં છે, એટલે આપણે હાથ જોડીને બેસી

તો ન જ રહી શકીએ."

"તો તું દોડને! વારેઘડીએ ચ્યવન ને ચ્યવન, બીજી વાતજ નહિ? તને એવું તે શું કામણ કરી મૂકયું છે એણે?" રોષથી કિરીટ બોલ્યો. રંભાના મોંથી ચ્યવનનું સ્મરણ તેને અણગમતું થઈ પડયું હતું.

"તમે તો ફાવે તેમ બોલતાં શરમાતા જ નથી." રંભા રોષભરી નજરે રસોડામાં જતાં જતાં બોલી. તેના પગમાં શિથિલતા હતી, આંખમાં વ્યગ્રતા હતી અને વદન ઉપર રોષ હતો તે કિરીટે જોયો. કિરીટને તે ભાવ ન ગમ્યા. દાંતમાં હોઠ દાબી તે પણ વાડીના કૂવા તરફ આંટો મારવા નીકળી પડયો.

વાડી તરફ જતાં કિરીટના મનમાં વિચારોનો ઘોષ વહી રહ્યો હતો. ચ્યવનને જ ઝંખતી રંભાનું માનસ તે પારખી શકતો ન હતો. ચ્યવન મિત્ર હતો, તેની અવકાશે શોધ થશે. એમાં રંભાને તેના માટે આટલો બધો આગ્રહ શા માટે હોવો જોઈએ? શું રંભા એ રીતે પોતાનાથીયે ચ્યવનને વધુ પ્રિય માનતી હશે? એના મનમાં હજી ચ્યવન જ રમતો હશે? મદનની વાતનો અણસારો શું ખરો જ હશે? ચ્યવન એટલા જ ખાતર ગામમાં પણ પડી રહ્યો હતો? આવા પ્રશ્નો પોતાના મનને પૂછી રહેલા કિરીટની બુદ્ધિ ઉત્તેજિત બની ગઈ. વિચારોની સમતુલા તે જાળવી ન શકયો. ચ્યવન વિરુદ્ધનું તહોમતનામું તેના મનમાં ઘડાઈ રહ્યું. રંભાની પોતા પ્રત્યેની અનન્ય પ્રેમભાવના, ચ્યવનનું શુદ્ધ ચારિત્ર્ય એ બધું કિરીટને યાદ ન આવ્યું—યાદ કરવા સરખું જણાયું પણ નહિ હોય.

વિચારોના ઘેનમાં જ કિરીટે વિચાર—કે પછી અવિચાર—કરી નાખ્યો. રંભા હવે ચ્યવનને ઝંખતી જણાય તો તેને ખખડાવી નાખવી. ચ્યવન કે કિરીટ એમાંથી એકને તે પસંદ કરી લે, એમ તેને સ્પષ્ટ કહી દેવું. કિરીટના દુર્વિચારોથી પદાક્રાન્ત થયેલા માનસે આવો નિશ્ચય કરી લીધો. એમાં જ તેને પુરુષાર્થ, પતિત્વ અને નીતિમત્તાનો મેળ જણાયો. પત્ની ન હોય તોયે શું ? કિરીટના મનનો સેતાન જાગૃત થઈ ગયો. દેવતાઓ ઊંઘતા હોય છે ત્યારે જ સેતાન ઘણુંખરું જાગે છે, અને પોતાનું ધ્યેય પણ દેવોની રાતમાં જ સિદ્ધ કરી લે છે. જે ખરેખરી રાત હતી તેને જ કિરીટ દિવસ માની રહ્યો.

આ જ વખતે રસોડામાં બેઠેલી રંભાના મનમાં પણ વિચારોનું તુમુલ દ્વંદ્વ ખેલાઈ રહ્યું હતું. ચ્યવન જાણે તેના હૈયેથી ખસતો ન હતો. હાય, પ્રિયતમ ચ્યવન કિરીટને માટે માથું આપવા નીકળે અને પોતે તેને શોધાવી પણ ન શકે ? એ તે કેવી બેવફાઈ ? કેટલો બધો અન્યાય ? રંભાનું હૃદય કંપી ઊઠ્યું. ગમે તે ભોગે ચ્યવનને શોધવા કિરીટને પ્રેરવો જ જોઈએ એમ તેનો નિશ્ચય થયો. ભલે કિરીટ ગુસ્સે થાય, ભલે આકરા શબ્દો કહે, પણ તેને સમજાવવો તો પડશે જ. આ કામમાં વિલંબ થાય તે રંભાને અસહ્ય લાગવા માંડ્યો. વળી આજ સવારથી તેનો આત્મા જાણે વિનાકારણ બળી રહ્યો હતો. ચ્યવન માટે જાણે આજે તેનું હૈયું પોકાર પાડી રહ્યું હતું. એ પોકારને મારી નહિ નાખતાં કિરીટને પગે પડી તેને ચ્યવનની શોધ માટે શહેરમાં મોકલવા તે કટિબદ્ધ બની.

કિરીટ જમવા બેઠો એટલે રંભાએ બહુ જ સ્વાભાવિક રીતે વાત કાઢી. વાતના સ્વાભાવિક ઝોકથી કિરીટ પણ શરૂઆતમાં તો ગુસ્સો ન બતાવી શક્યો.

" ચ્યવનભાઈનાં બાએ સંદેશ કહાવ્યો છે. " રંભાએ શરૂઆત કરી.

" શું સંદેશો છે ? " કિરીટે પૂછ્યું.

" ચ્યવનભાઈની શોધ કરવા કહેવડાવ્યું છે. "

" કરીશું. " મોં મચકોડી પાણીનો ઘૂંટો ભરતાં કોળિયા સાથે કિરીટે કડવી વાત જેમતેમ કરી ગળે ઉતારી.

" મારી એક વાત માનશો ?" રંભાએ નમ્રતાથી પૂછ્યું.

" બોલ તો ખરી. "

" ચ્યવનભાઈએ જ તમને છોડાવ્યા લાગે છે. મારું અંતર એમ જ કહે છે. મેં એમને તમારી શોધ કરવામાં આળસ કરવા બદલ કડવા શબ્દોથી ઠપકો આપેલો એથી, એ તમને છોડાવવાની પ્રતિજ્ઞા લઈ નીકળેલા છે. "

કિરીટ પળવાર કંઈ જ બોલ્યો નહિ. રંભાને એથી હિંમત આવી. તે ફરી બોલી: " તમને એ ખરું નથી લાગતું ? "

" તેમ હોય તો છાપામાં પણ કંઈક આવે જ ને ? "

" તમારી વાત છાપામાં સરકારે વિગતવાર આવવા દીધી ન હતી; તેમ આ વખતે પણ થયું હોય. " રંભા બોલી.

" સારું, પણ અત્યારે જમવા તો દે. " ચ્યવન દલીલ ન જડવાથી જરા રોષ દાખવી રહ્યો.

" ના, પણ એ વાત હવે ઢીલમાં નાખવા જેવી નથી. મારો જીવ આજ સવારથી ડંખી રહ્યો છે. " રંભાએ પતિના રોષને ગણકાર્યો નહિ.

" એ તારો શું સગો થાય છે તે આમ એની વાત છોડતી નથી કમજાત ? " હવે કિરીટના રોષની કમાન છટકી.

" તમારો જીવ બચાવનાર જે સગો થઈ શકતો હોય તે ! આમ તપી શું કામ જાઓ છો ? " રંભાએ હિંમત દર્શાવી.

" તપીશ,—મારા ઘરમાં રહેવું હશે તો ?" કિરીટે ધણીપણું આગળ ધર્યું.

" દેવતા ફર્યો તમારા ઘરમાં ને મારા જીવતરમાં. " ધગતી રંભા મન પરનો કાબૂ ગુમાવીને બોલી ઊઠી.

" તો જા એ તારા ધણી પાસે ! " અંડર-ગ્રેજ્યુએટ પતિએ રોષના અતિરેકમાં પાણી પીવા હાથમાં લીધેલું પવાલું જોરથી રંભાને છૂટું માર્યું.

કીકાએ આ જોયું ને તે રાડ પાડી ઊઠ્યો. રંભા પણ રસોડામાંથી નીકળી બાળકને પંપાળતી છૂટે મોંએ રડવા લાગી; અને કિરીટના શબ્દો બોમ્બની પેઠે વરસવા લાગ્યા.

પ્રકરણુ એકવીસમું

ચ્યવનનો પત્ર

આ કોલાહલથી મદન તથા તેની પત્ની દોડી આવ્યાં. કિરીટ તેમની હાજરીથી સંકોચાયા વગર રંભાને વાણી-રૂપી શરોથી વીંધી રહ્યો. રંભા પણુ આજે દુઃખના અતિ-રેકથી ઠૂંઠવો મૂકી રડવા લાગી; સાથે સાથે કીકાની ચીસોથી પળવાર કારમો કોલાહલ થઈ રહ્યો.

" શું છે કિરીટભાઈ, શું છે? જરા ધીરા પડો." મદને કિરીટને શાંત કરવા માંડ્યો. બધી અશાંતિનું કારણુ તે પોતે જ હતો; તેની વિષાળી જીભ હતી એ ગમ તેને ન હતી.

" ધીરા શું પડે? આ તો હવે સાવ ચઢી વાગી છે" કિરીટ ગુસ્સામાં રંભા તરફ હાથ ઉગામી બોલતો હતો. તેને વાળીને મદને બહારના હિંચકા પર લાવી બેસાડ્યો. મદન-ની વહુ અંદર જઈને રંભાને તથા કીકાને શાંત કરી રહી હતી. રંભાએ થોડી જ વારમાં સમજી જઈને રુદન બંધ કર્યું, અંતરમાં ઉતારી દીધું; પણુ કિરીટનો બબડાટ લાંબો વખત ચાલ્યા કર્યો. ઘણી માથાકૂટ કરી તેને શાંત પાડી છેવટે મદન પોતાને ઘેર ગયો.

સળગતા હુતાશનને અંતરમાં ધગતો રહેવા દઈ રંભા ચૂપ બેસી રહી હતી. કીકો પારણામાં ઊંઘી ગયો હતો. કિરીટ બહાર જ હિંચકા ઉપર આડો પડ્યો હતો. તેને ઉઠાડીને ફરી જમવા બેસવા આગ્રહ કરવાની હિંમત આજ રંભામાં ન હતી. તેના ખિન્ન હૃદયમાં આજે એટલી સ્થિરતા પણ ન હતી, એટલે તે ચૂપ બેસી જ રહી. માતાને, પિતાને, સસરાને તથા ચ્યવનને યાદ કરી કરી તે આછેરા આંસુની અંજલિ આપી રહી હતી. છતાં અંતરની વરાળનું ડૂસકા દ્વારા બહાર પ્રદર્શન ન થાય એ માટે તે કાળજી રાખી રહી હતી. છતાંય એક ડૂસકું આવી ગયું અને તે આંખ લૂછતી નાક ખંખેરવા ઊઠી. ઓસરીમાં આવતાં જ ફળીમાંથી ઘર તરફ ટપાલીને આવતો રંભાએ જોયો. કિરીટ પર કોઈનો પત્ર હશે એમ ધારી રંભા ઘરમાં પાછી વળવા જતી હતી, તેવામાં ટપાલી બોલ્યોઃ "રંભા બહેન તમારો કાગળ છે"

ટપાલી કાગળ નાંખી ચાલતો થયો. રંભાએ પોતાના નામનો પત્ર જોઈ કુતૂહલવશાત્ તે ઉપાડી લીધો. કિરીટ આ બધું સાંભળતો હતો, છતાં તેણે રોષની બેપરવાઈથી તે તરફ નજર પણ કરી નહિ. રંભાએ ધડકતી છાતીએ પાકીટ ફાડ્યું અને તેમાંનો લાંબો પત્ર કાઢી વાંચવા માંડ્યો. પત્ર ફાડતી વખતે કવરમાંથી એક નાની કાપલી સરકીને ભોંય પડી ગઈ તે રંભાના ધ્યાનમાં રહ્યું નહિ.

પત્ર વાંચતાં વાંચતાં રંભા ફસડાઈ પડી. મહામુસીબતે તે ભીંતને અઢેલીને બેસી ગઈ. ભીંતો મકાનને જ ટેકો આપે છે એવું નથી. અનેક શ્રમિત અને ભગ્ન હૃદયોને પણ

જડ દીવાલો આશ્રય આપે છે. જરા સ્થૈર્ય મેળવી રંભાએ એ લાંબો પત્ર ફરી વાંચ્યો. એના ઘાયલ હૈયામાંથી ફરી ગંગાજમના વહેવા લાગી. આંસુથી ભીંજેલો પત્ર લઈ રંભા જેમ તેમ ઊભી થઈ. તે કિરીટ તરફ જરા આગળ વધી અને પત્ર ફેંકી બોલીઃ "વાંચો આ પત્ર."

કિરીટ પાસે મદન પુનઃ આવીને બેસી ગયો હતો. તેણે પત્ર ઉપાડી લઈ કિરીટને આપ્યો. કિરીટે બેપરવાઈથી પત્ર લઈને જોયો, પણ થોડીક લીટીઓ વાંચતાં જ તે સચેત બન્યો. ટટાર બેસીને તેણે પત્ર વાંચી જોયો; વાંચીને મદનના હાથમાં મૂકી દીધો. કિરીટના અંતરમાં પણ એ પત્રના વાચનથી એક ઊંડી વેદના પ્રગટી ઊઠી.

"કોનો પત્ર છે?" મદને પત્ર હાથમાં જ રાખી કિરીટને પૂછ્યું.

"તું વાંચી જો, હરકત નથી." કિરીટે ટૂંકો જવાબ આપ્યો.

મદને પત્ર વાંચવાની શરૂઆત કરી. વાંચતાં વાંચતાં તેના વદન ઉપર પણ આશ્ચર્ય અને ગંભીરતાના ભાવો ચિતરાઈ જવા લાગ્યા. તે પત્ર આ પ્રમાણે હતોઃ—

"પ્રિય બહેન રંભા,

"તને જાણીને કદાચ દુઃખ થશે કે હું હવે તને ફરીથી રૂબરૂ કદીયે મળી શકવાનો નથી, તેથી આજે આ અંતિમ પત્રદ્વારા કેટલોક ખુલાસો કરવા ઇચ્છા રાખું છું. બંદીખાનામાંથી હું આ પત્ર લખું છું. બંદીખાનામાં હું શી રીતે આવ્યો તે તો કદાચ કિરીટે તને જણાવ્યું જ

હશે. કિરીટને બંદીખાનામાંથી છોડાવવા મેં બનતું કર્યું છે, એ જાણી તને સંતોષ થયો હશે. લાંબી તપાસ પછી મને મૃત્યુની કે દેશનિકાલની સજા થશે એમ ધારણા હતી; પણ ઈશ્વરની ધારણા જુદી જ નીકળી. છેલ્લા પંદર દિવસથી હું સખ્ત બિમાર છું. જીવવાની આશા હવે નથી. મૃત્યુના દૂતનાં પગલાં પડી રહ્યાં છે, અને હું પણ તેમની જ વાટ જોઉં છું.

"રંભા, મારે માટે દુઃખ ધરીશ નહિ. હું હવે જીવન નથી માગતો. હું જે જીવીને ન કરી શક્યો હોત તે તને સંતોષવાનું કાર્ય મરીને કરી શકું છું, એ મારે મન પરમ સંતોષની વાત છે. ડૉક્ટરોએ પણ મારા જીવનની આશા છોડી છે. કદાચ આ પત્ર તને મળશે તે પહેલાં હું આ લોક છોડી ગયો હોઈશ.

"રંભા, બહેન, તારા સુખને નજરે જોવા ખાતર હું જીવતો હતો. તું અને તારો કિરીટ સંસારમાં એક સુખી દંપતી તરીકે જીવન ગાળો, એ જોવાના મને કોડ હતા. તું કિરીટને પરણી અને તેં મને છેલ્લો પત્ર લખી ભાઈનું સંબોધન કર્યું, તે દિવસથી મેં તને બહેન જ ગણી છે. મારી મા જણી બહેનથીયે હું તને વધુ લાડકી બહેન માનતો હતો. કીકા ઉપર તેથી જ હું વાત્સલ્યભાવ ઢોળી રહ્યો હતો. અને તેને રમાડ્યા–ખેલાવ્યા વગર મને ચેન ન પડતું, તેથી જ હું રોજ આવતો. આપણા પૂર્વ-જીવન વિષે મેં કોઈ દહાડો તારી સાથેની વાતમાં એક હરફ પણ ઉચ્ચાર્યો હતો? છતાં તું તે સાંજે મને કડવાં વચન શી રીતે કહી શકી તે મને ન સમજાયું.

"કિરીટ પકડાયાની વાત મને મળી હતી. તેને છોડાવવા શું કરવું તેની મૂંઝવણમાં હું હતો, પણ તને એ વાત સ્પષ્ટ કહેવાથી તું દુઃખી થાય તેથી મેં ગોળ ગોળ સમાચાર આપ્યા હતા. પણ એથી સંશયવશાત્ મને જે શબ્દો એ સાંજે તેં સંભળાવ્યા તે મને વજ્રઘાત જેવા લાગ્યા. રંભા, તું આટલી બધી ક્રૂર શા માટે બની? તું મારી બહેન ગણાઈ, તારા શ્રેયમાં હું પોતાનું શ્રેય માનતો, છતાં તને આવી શંકા કેમ આવી? મારો જાન જાય છતાં હું તારું અપ્રિય ન કરી શકું. રંભા! એ વાતમાં હવે સાર નથી. આટલો ખુલાસો મરતાં પહેલાં કરી જાઉં છું તેજ બસ છે.

"જીવાય તો જીવી જશું બળતાં છતાંયે;
"અન્યોન્યની બૂઝવવા ઉરઆગ ભાઈ!

"તારા ગૃહજીવનની આગ બુઝાવવામાં જ મેં મારી જીવનસાફલ્યતા માની છે. છતાં કોઈ વખત અવિનય થયો હોય તો માફ કરજે.

"ફીકાને મારી વતી સો સો ચુંબને નવડાવજે. કિરીટને મારા અંતિમ સમાચાર આપજે. કિરીટ હવેથી ઘર સંભાળી ડાહ્યો થઈ, તમારો સંસારભાર સરળભાવે માં લે, એવી મારી એને મિત્રભાવે પ્રાર્થના છે.

"રંભા, મારી ગરીબડી માતા અને રંક બહેનને તું સંભાળજો. તે તમારે જ શરણ છે. મારા મૃત્યુ બદલ જરાય શોક કરશો નહિ. હું તમારું સૌનું મંગળ વાંચ્છતો વાંચ્છતાં પ્રભુના દૂતો સાથે વિદાય થઈશ. અશક્ત હાથે હવે વધુ નથી લખાતું. પ્રભુ સૌનું કલ્યાણ કરે!

લિ. તારા ભાઈ
ચ્યવનના અંતિમ શુભાશિષ

"કિરીટભાઈ, ભારે વાત બની ગઈ, તમે જેલમાં હતા ને ચ્યવનભાઈએ તમને છોડાવ્યા હોય એવો આ પત્રનો ભાવાર્થ નીકળે છે." મદન પત્ર વાંચી બોલ્યો.

"હા, પણ તે વાત તું કોઈને કહીશ?" કિરીટે પૂછ્યું. મદનને પત્ર વંચાવવામાં થયેલી ભૂલ હવે તેને સમજાઈ હતી.

"ના, કહેવાય ખરી? મારા બચુના સોગન, જો કોઈને કહું તો." મદન બોલ્યો.

કિરીટને મદનના શપથ લેવા પરથી સંતોષ થયો. તે બોલ્યો:" રંભા, રોજ મને એમ જ કહેતી કે, મારે બદલે ચ્યવન બંદીખાને ગયો છે—હું માનતો નહિ, પણ તેની વાત સાચી નીકળી."

"રંભા, હું તારો તથા ચ્યવન બંનેનો ગુનેગાર છું. મને માફ કર." ભણેલા પતિને પત્નીની માફી માગતાં પણ સંકોચ થતો નથી.

રંભા કંઈ જ બોલી નહિ. ડૂસકાં ખાતી ખાતી તે આંસુ વહાવી રહી હતી. પતિના કથનથી તેનાં ડૂસકાં વધુ વેગવાન બની ગયાં.

ચ્યવનના પત્રના કવર ઉપર સરનામું પણ ચ્યવનના હાથે જ લખેલું હતું. તે જોઈ મદન થોડી વારે બોલ્યોઃ "આ પત્ર પર ક્યાંય જેલની છાપ કે બીજું કશુંય નિશાન નથી."

"એટલે તારે શું કહેવું છે?" કિરીટે પૂછ્યું.

"વખતે જેલ બહારથી ચ્યવને પત્ર લખ્યો હોય તો?"

"મૂર્ખ જેવી વાત કરે છે તું." કિરીટ જરા ગ્લાનિ-

ભર્યું હસ્યો. તેવામાં રંભાના પગ આગળ પડેલી એક કાગળની કાપલી તેની નજરે પડી. તે કિરીટે ઉપાડી લઈ વાંચી; વાંચતાં જ તે બોલ્યો: "ગજબ થયો! લે વાંચ તારી શંકાનું સમાધાન!" તેણે કાપલી મદનને આપી.

તે કાપલી મદને વાંચી અને તે અવાક્ થઈ ગયો. ધ્રૂજતે હાથે તેણે, આંસુ ભરી આંખે પોતા તરફ તાકી રહેલી રંભાના હાથમાં તે કાપલી મૂકી. તેમાં અંગ્રેજીમાં જેલના સર્જને લખ્યું હતું: "કેદી નં ૫૪૧—ચ્યવનરાય—આજે સવારે મૃત્યુ પામવાથી, મરણ અગાઉ લખેલો તેનો આ પત્ર જેલ સત્તાવાળાઓ તરફથી આજે રવાના કરવામાં આવ્યો છે. તા. ૫ માહે મે સને ૧૯૨૪." આ લખાણની નીચે જેલનો સિક્કો તથા સર્જનની સહી હતી.

આ વાંચતાં જ રંભાનો દેહ તંગ બની ગયો. વજ્રપાતથી કોમળ વેલડી તૂટી પડે તેમ રંભા ઢળી પડી. ચ્યવનને ઝંખતો તેનો આત્મા વેગથી બ્રહ્મરંધ્ર તરફ દોડી રહ્યો. કિરીટ અને મદન ગભરાટમાં પડી રંભાની સારવારમાં પડ્યા. યોગ્ય ઉપચારો બાદ લગભગ અર્ધા કલાકે રંભાની આંખ ઊઘડી. કિરીટ ધીમેથી પંખો નાંખી રહ્યો હતો. મદન અને તેની પત્ની ગંભીર મુખે તેની પાસે બેસી રહ્યાં હતાં. શેરીના નાકે એક ભરથરી ગાઈ રહ્યો હતો:

"એવા એ સમાના ભઈ, બેનની સાચી સગાઈ જઈ
એવા એ સમાના ભઈ"

લેખકની અન્ય કૃતિઓ

૧ કાચાં ફળ

(નવલિકાસંગ્રહ)

૨ નયનનાં નીર

(નવલિકાસંગ્રહ)

૩ પાટણનો પુનરુદ્ધાર

(નવલકથા)

૪ પાંખડી

(કાવ્ય-મુક્તકો)

૫ સુરેખા

(નવલકથા)

૬ સમ્રાટ વિક્રમ અથવા અવં-
તીપતિ (નવલકથા)

૭ સોલંકીનો સૂર્યાસ્ત

(નવલકથા)

અપ્રગટ

૮ કુમારી સરલા અને બીજી
વાતો (નવલિકાસંગ્રહ)

૯ કાવ્યદર્પણ

(લક્ષણ ગ્રંથ)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

૩૭ જાપાનનો જ્વાળામુખી ,, ૦–૩–૦
૩૮ ચાંદો-સૂરજ ,, ૦–૪–૦
૩૯ જંગલમાં રખડતાં,, ૦–૪–૦
૪૦ જ્ઞાનગંગા ,, ૦–૩–૦

બીજું વર્ષ

૪૧ અંતરનાં અજવાળાં ૦–૫–૦ (બીજી વાર)
૪૨ કૂતરાંની કહાણી,, ૦–૮–૦
૪૩ ગરવી ગુજરાત ,, ૦–૭–૦
૪૪ જગતના જંગલમાંથી ,, ૦–૫–૦
૪૫ કીર્તિમંદિર ,, ૦–૬–૦
૪૬ વાઘની બોડમાં ,, ૦–૬–૦
૪૭ વિજ્ઞાનવિનોદ ,, ૦–૫–૦
૪૮ નાનકડી વાતો ,, ૦–૬–૦
૪૯ કથાગીતો ૦–૬–૦
૫૦ વાનર–પુરાણ ૦–૬–૦
૫૧ જનપદ ૦–૧૨–૦

ત્રીજું વર્ષ

૫૨ ચાંદની ૦–૪–૦
૫૩ શિકારકથાઓ ૦–૮–૦
૫૪ રમકડાં ૦–૬–૦
૫૫ ભવ્ય જગત ૦-૧૦-૦
[વાર્ષિક લવાજમ રૂ. ૩–૦–૦]

સામાજિક સાહિત્ય

૫૬ ધૂમ્રશિખા ૧–૪–૦
૫૭ અંગાર ૧–૪–૦
૫૮ કલંકિત (અપ્ટન સિંકલેર) ૧–૪–૦
૫૯ તિલોત્તમા ૦–૬–૦
૬૦ વિસર્જન [ટાગોર] ૦–૬–૦
૬૧ પૂજારિણી ,, ૦-૧૨-૦
૬૨ આકાશનાં પુષ્પો (ગગનવિહારી મહેતા) ૧–૮–૦
૬૩ પરિણીતા (ત્રીજી આવૃત્તિ) [શરદબાબુ] ૦–૮–૦
૬૪ પલ્લીસમાજ ,, (બીજી આવૃત્તિ) ૧–૪–૦
૬૫ છબી ,, ૧–૪–૦
૬૬ ચંદ્રનાથ ,, ૦-૧૪-૦
૬૭ સ્વામી ,, ૧–૪–૦
૬૮ કાશીનાથ ૧–૮–૦
૬૯ શ્રીકાન્ત ભા. ૧–૨ ૩–૦–૦
૭૦ વેણીનાં ફૂલ (પાંચમી આવૃત્તિ) [મેઘાણી] ૦–૮–૦
૭૧ કિલ્લોલ ,, ૦–૮–૦
૭૨ પ્રગતિશીલ જાપાન ૧–૦–૦
૭૩ નિરંજન [મેઘાણી] ૨–૦–૦
૭૪ સોરઠ, તારાં વહેતાં પાણી ,, ૨–૮–૦
૭૫ કંકાવટી : મંડળ બીજું ,, ૦-૧૪-૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

૭૬ હરીંદ્રનાં બે નાટકો ૦–૭–૦
૭૭ કર્મભૂમિ–ભાગ ૧
[સચિત્ર] ૨-૦–૦
૭૮ કર્મભૂમિ–ભાગ ૨ ૨–૮–૦
૭૯ સંગીતમાર્ગદર્શિકા૦–૬–૦
૮૦ સંગીતવિનોદ ૦ ૧૦-૦
૮૧ વિદ્યાર્થી અને યુવકોને ૦-૪–૦
૮૨ સ્વપ્નની છાયા ૧–૪–૦

રાષ્ટ્રિય સાહિત્ય

૮૩ મીઠાવેરો ભા.૧–૨ ૦–૩–૦
૮૪–૮૫ રંગદ્વેષનો દુર્ગ [દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન બે ભાગમાં સચિત્ર] ૫–૦–૦
૮૬–૮૯ આખરી ફેંસલો ભા. ૧–૨–૩–૪ [મહાત્માજી]
પાકું પૂંઠું ૬–૪–૦
કાચું પૂંઠું ૫-૦–૦
૯૦ સંપૂર્ણ દારૂનિષેધ ૦–૮–૦
૯૧ હરિજન ભાગવત ૦-૧૨-૦
૯૨ તરુણ ભારત [વીર લાલાજી] ૧-૧૨-૦
૯૩ હિંદુસ્તાનના વેપાર-ઉદ્યોગનો નાશ ૦–૮–૦
૯૪ બેવડું પાપ યાને હિંદુસ્તાનની પાયમાલી [ગોપાળદાસ પટેલ] ૦–૬–૦
૯૫ બંગાળા બેહાલ,, ૦–૭–૦
૯૬ સ્વરાજ્યનાં ગીતો ૦–૮–૦
૯૭ દેશી રાજ્યો ને ફેડરેશન [ચુનીલાલ શામજી ત્રિવેદી] ૫–૦–૦

જૈન સાહિત્ય

૯૮ આધ્યાત્મિક વિકાસક્રમ [પં. સુખલાલજી] ૦–૬–૦
૯૯ પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો ભા. ૧–૨–૩ ના ૧–૮–૦
૧૦૦ ભગવાન મહાવીરના દશ ઉપાસકો ૦–૮–૦
૧૦૧ સામાયિકના પ્રયોગો-છઠ્ઠી આવૃત્તિ [પં. લાલન] ૦–૫–૦
૧૦૨ અન્તગડદસાઓ ને અણુત્તરોવવાઇય-દસાઓ [એમ. સી. મોદી, અંગ્રેજી અનુવાદ નોટ્સ કોષ સાથે]૩–૦–૦
૧૦૩ સમરાઇચ્ચિકહા બે ભવ–પાકું પૂંઠું ૪–૦–૦ [સંપાદક એમ. સી. મોદી]
૧૦૪ પંચસુત્તમ્ [વી. એમ. શાહ] ૧–૦–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

૧૩૬ નર્મદનું પદ્ય મંદિર (બીજી આવૃત્તિ) ૧—૮—૦
૧૩૭ ખંભાતનો ઇતિહાસ (૨૫ ફોટા) સહિત ૪—૮—૦
૧૩૮ ૩૩—૩૪ નું ગ્રંથસ્થ વાઙ્મય ૦—૧૨—૦
૧૩૯ ૩૪—૩૫નું ગ્રંથસ્થ વાઙ્મય ૦—૧૨—૦
૧૪૦ ૩૫ નું ગ્રંથસ્થ વાઙ્મય ૦—૧૨—૦
૧૪૧ જૌહર [ધીરજલાલ ધનજીભાઈ શાહ] ૦—૬—૦
૧૪૨ હિંદના વિદ્યાપીઠો [રતિલાલ ત્રિવેદી] ૧—૮—૦
૧૪૩ કીર્તિસ્તંભ [મગનલાલ બ્રહ્મભટ્ટ]૧—૦—૦
૧૪૪ પથિકનાં પુષ્પો ૧—૦—૦
૧૪૫ વિલ્હેમ ટેલ [નરસિંહભાઈ પટેલ]૨—૦—૦
૧૪૬ નૈવેદ્ય [ટાગોર] ,, ૦—૮—૦
૧૪૭ મહાસભાના પ્રમુખો૧—૦—૦
૧૪૮ આફ્રિકાના પત્રો ૦—૬—૦
૧૪૯ રૂઢનાં કલંક [લાંબી નવલકથા] ૨—૮—૦
૧૫૦ પ્રતિજ્ઞા [નાટક] ૦—૬—૦
૧૫૧ સૂડી વચ્ચે સોપારી ૦—૪—૦
૧૫૨ દૃષ્ટાંત શતક ૦-૧૦-૦
૧૫૩ ભારતીય સ્વરાજ્ય ૨—૮—૦
૧૫૪ તરતાં ફૂલ [ધનશંકર ત્રિપાઠી]૧—૦—૦
૧૫૫ ધર્મ ને ધર્મનાયક ૦—૬—૦
૧૫૬ આઝાદીનો જંગ ૧—૮—૦
૧૫૭ મોટી ચાંદાપોળી ૦—૩—૦
૧૫૮ કચ્છની લોકકથાઓ૧—૮—૦
૧૫૯ સોની હુન્નરપ્રકાશ ૨—૮—૦
૧૬૦ ધૂમકેતુ—પાઠસંગ્રહ ૦-૧૦-૦
૧૬૧ પડઘા ૦—૫—૦
૧૬૨ ભીલકુમાર અને બીજાં નાટકો ૦—૫—૦
૧૬૩ પડછાયા ૦—૮—૦
૧૬૪ રશિયાના પત્રો [ટાગોર] ૧—૦—૦
૧૬૫ આત્માનાં આંસુ,, ૦—૩—૦
૧૬૬ રાસમાલિની ૧—૪—૦
૧૬૭ દીપમાળ [ટૂંકી વાર્તાઓ] ૧—૪—૦
૧૬૮ સંક્ષિપ્ત કરણઘેલો ૦—૮—૦
૧૬૯ ઝૂરતું હૃદય ૦—૫—૦
૧૭૦ ઢીંગલી [નાટક] ૦-૧૨-૦
૧૭૧ સુંદર વાતો [ગિજુભાઈ] ૦—૬—૦
૧૭૨ આંબાવાડિયું ,, ૦—૮—૦
૧૭૩ ભેરુ ,, ૦—૬—૦
૧૭૪ રૂપકથા ભા. ૧—૨ ૦—૮—૦
૧૭૫ મૌલાના આઝાદ ૦—૪—૦

અમારાં તથા સોલ એજન્સીનાં નવાં પ્રકાશનો

૧૭૬	પરશુરામ—સચિત્ર [ધૂમકેતુ]	૦—૨—૦
૧૭૭	રજપૂતાણી ને બીજી વાતો ,,	૦—૨—૦
૧૭૮	દેવદાસ [શરદબાબુ]	૧—૦—૦
૧૭૯	ગોદાન ૧—૨ [પ્રેમચંદજી]	૫—૦—૦
૧૮૦	કંકાવટી મંડળ. ૧ [પાંચમી આવૃત્તિ] (મેઘાણી)	૦—૮—૦
૧૮૧	શિકાર—સચિત્ર [શ્રીરામ શર્મા]	૧—૮—૦
૧૮૨	માનવદેહમંદિર (સો ચિત્રો સહિત) [દેસાઈભાઈ]	૧—૪—૦
૧૮૩	સાહિત્યદર્શન ૧—૨ [અંબાલાલ નૃ. શાહ]	૧—૮—૦
૧૮૪	કથાપરી [રંગબેરંગી રીતે છાપેલ નવલિકા સંગ્રહ]	૨—૮—૦
૧૮૫	અર્ચન (કાવ્યનો સંગ્રહ)	૨—૦—૦
૧૮૬	કાવ્યસંહિતા ,,	૧—૦—૦
૧૮૭	પક્ષીમિત્રો (સચિત્ર)	૦—૫—૦
૧૮૮	તુલસીદાસ ,,	૦—૩—૦
૧૮૯	અજિતા (નવલકથા) [ધૂમકેતુ]	૨—૮—૦
૧૯૦	પરાજય (નવલકથા) [ધૂમકેતુ]	૨—૮—૦
૧૯૧	નાની પોથી અને પહેલી, બીજી અને ત્રીજી ચોપડી	૦—૫—૬
૧૯૨	ચૌલાદેવી—ગૂજરાતની વારાંગના રાણી [ધૂમકેતુ]	૨—૮—૦
૧૯૩	પગદંડી ,,	૧—૮—૦
૧૯૪	અપરાધી (મેઘાણી)	૨—૮—૦
૧૯૫	કાળિયાર ને બીજી પ્રાણી કથાઓ (મનુભાઈ)	૧—૮—૦
૧૯૬	શૌર્યનાં તેજ ,,	૧—૮—૦
૧૯૭	સાહિત્ય (રવીંદ્રનાથ ટાગોર)	૧—૮—૦
૧૯૮	સંભાવિત સુંદરલાલ (રત્નમણીરાવ ભીમરાવ)	૧—૪—૦
૧૯૯	વિદ્યાર્થી વાંચનમાળા (દસમી શ્રેણી)	૨—૦—૦
૨૦૦	ચાલો ગામડામાં	૦—૪—૦
૨૦૧	વિમાનની વાતો	૦—૭—૦

બાલસાહિત્ય અને કુમારસાહિત્યના તમામ અંગોને સ્પર્શતી

અમારી બે ગ્રંથમાલાઓ

[૧] ગૂર્જર બાલગ્રંથાવલિ
[૨] વિદ્યાર્થીવાચનમાળા

[૧] ગૂર્જર બાલગ્રંથાવલિ

બાલસાહિત્યના સુપ્રસિદ્ધ લેખકોના સહકારથી તૈયાર થતી, અનેક રંગબેરંગી ચિત્રો સાથેની આ ગ્રંથાવલિમાં વાર્તા, કળા, સંવાદ, ઉખાણાં, ગણિત ગમ્મત, હાસ્ય, વિજ્ઞાન વગેરે વિષયો સરળ રીતે રજૂ કરવામાં આવ્યા છે.

પ્રથમ વર્ષ

[૧] કીર્તિકથાઓ ૨ાા આના [૨] હીરામોતી ૩ આના [૩] બુલબુલ ૨ાા આના
[૪] ટનટન ૨ાા ,, [૫] ક્યારે સમજીશું ૩ ,, [૬] ટૉલ્સ્ટૉયની નીતિકથાઓ ૩ આના
[૭] વરતોને ઉખાણાં ૨ાા ,, [૮] વેરાયેલાં ફૂલ ૩ ,, [૯] રઝળતો રાજહંસ ૩
[૧૦] પ્રશ્નપેટી ૩ ,, [૧૧] ગણિતગમ્મત ૨ાા ,, [૧૨] હસતું મોં ૩ આના
[૧૩] પ્રાણીવર્ણન ૪ ,, [૧૪] બાળકોની રમતો ૩ ,, [૧૫] ધરતીકંપ ૩ ,,
[૧૬] ચાર સુંદર સંવાદો ૩ ,, [૧૭] જાપાનનો જ્વાળામુખી ૩ આના [૧૮] ચાંદોસૂરજ ૪ ,,
[૧૯] જંગલમાં રખડતાં ૪ ,, [૨૦] જ્ઞાનગંગા ૩ ,,

બીજું વર્ષ

[૧] અંતરનાં અજવાળાં ૫ આના [૨] કૂતરાંની કહાણી ૮ આના [૩] ગરવી ગૂજરાત ૭ આ.
[૪] જગતના જંગલમાંથી ૫ ,, [૫] કીર્તિમંદિર ૬ ,, [૬] વાઘની બોડમાં ૬ ,,
[૭] વિજ્ઞાનવિનોદ ૫ ,, [૮] નાનકડી વાતો ૬ ,, [૯] કથાગીતો ૬ ,,
[૧૦] વાનરપુરાણ ૬ ,, [૧૧] જનપદ ૦-૧૨-૦

ત્રીજું વર્ષ

[૧] ચાંદની ૪ આના [૨] શિકારકથાઓ ૮ આના [૩] રમકડાં ૬ આના
[૪] ભવ્ય જગત ૧૦ ,, [૫-૬] પક્ષીમિત્રો ૫ ,, [૭] તુલસીદાસ ૩ ,,
[૮] ચાલો ગામડામાં ૬ ,, [૯-૧૦] સુમન-સોરભ ૫ ,, [૧૧-૧૨] વિમાનની વાતો ૭ આના